અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

12 MARCH-2026 SUNDAY | Vol. : 17 | Issue : 279 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  PMએ કહ્યું - બંગાળની જનતા TMCના ઘમંડને તોડી નાખશે : 15 વર્ષનો પુરો હિસાબ લેવાશે; મમતાએ કહ્યું- ભાજપ બંગાળ વિરોધી, તેને ઘરમાં ઘુસવા ન દો

4  1919 ની 13 એપ્રિલ એ ઘટેલી જલિયાંવાલા બાગની ઘટના માનવતા હિન કૃત્ય છે!

6  પહેલાં નામ બદલાયું, હવે રિલીઝ ડેટ ટળી : સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ'ના મહત્વપૂર્ણ સીનનું શૂટિંગ બાકી હોવાની ચર્ચા

7  રોયલ એનફિલ્ડની પહેલી ઈલેક્ટ્રિક બાઈક 'ફ્લાઈંગ ફ્લી C6' લોન્ચ : ₹2.79 લાખ કિંમત, BaaS મોડેલમાં ₹1.99 લાખમાં મળશે; બેંગલુરુમાં ટેસ્ટ રાઈડ શરૂ


## મનપાની ટિકિટ ફાળવણીથી ભાજપમાં કહી ખુશી કહી ગમ! : અનેકના પત્તા કપાતા કાર્યકરોમાં ભારે રોષ, પરિવારવાદ અને ધારાસભ્યના લોબિંગથી જાણો કેટલાને લોટરી લાગી !

**અમદાવાદ, તા.11**

અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપમાં ભારે ખેંચતાણ બાદ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. ભાજપ દ્વારા 10 એપ્રિલે મોડી રાત્રે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવ્યા બાદ અનેક વોર્ડમાં કાર્યકર્તાઓ અને પૂર્વ હોદ્દેદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ભાજપ દ્વારા અનેક સિનિયર અને અનુભવી કોર્પોરેટરોની ટિકિટ કાપી નાખવામાં આવી હતી. ધારાસભ્યો અને પ્રદેશના હોદ્દેદારોના હઠાગ્રહના કારણે અનેક લોકોના પત્તા કપાયા હતા. ત્યારે હવે ભાજપમાં ખૂબ જ આંતરિક ભડકો ઉભો થયો છે. ભાજપ દ્વારા પરિવાર વાદ પણ ચલાવવામાં આવ્યો છે. મહાનગરપાલિકામાં પૂર્વ કોર્પોરેટરોના દીકરા, દીકરી અને પત્નીને ટિકિટ આપવામાં આવી છે.

**કહી ખુશી કહી ગમ!**

નરોડા વિધાનસભામાં આવતા સરદારનગર અને નરોડા વોર્ડ માટે પ્રદેશ પાર્લામેન્ટ્રીમાં ખૂબ ચર્ચા થઈ હતી. નરોડા વોર્ડમાંથી ભાજપમાંથી કામ કરતા કાર્યકર્તાઓને ટિકિટ આપવાની જગ્યાએ ગાડીઓ લઈને ફરવા વાળા લોકોને ટિકિટ આપવામાં આવતા સોશિયલ મીડિયામાં બળાપો કાઢવામાં આવ્યો છે. ભાજપના ધારાસભ્યએ પોતાનું લોબીંગ કરીને માણસોને ટિકિટ અપાવી હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે અને કેટલાક લોકોએ રાજીનામાં પણ આપી દીધા છે.

**પાલડીમાં પ્રતિશ મહેતાની ટિકિટ કપાઈ**

AMCમાં ખૂબ જ અનુભવી અને સિનિયર ગણાતા એવા પાલડી વોર્ડમાંથી પ્રતિશ મહેતાને ટિકિટ મળી નથી. પૂર્વ ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન રહી ચૂકેલા પ્રીતિશ મહેતાએ લાલ દરવાજામાં આવેલા ભદ્ર પરિસરમાં રહેલા દબાણને દૂર કરવા માટે ખૂબ જ મહેનત કરી અને છેલ્લે સુધી લડત આપી ભદ્ર પરિસરને દબાણ મુક્ત કર્યુ હતું. જો કે તેમની મહેનત હોવા છતાં પણ છેવટે તેમની ટિકિટ



કાપી નાખવામાં આવી છે. પાલડીમાંથી જૈનને ટિકિટ આપવાની હોવાને લઈને પ્રીતિશ મહેતાને કાપી પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટની ભત્રીજી ક્રિમિ ગાંધીને ટિકિટ આપવામાં આવી છે.

**પ્રકાશ ગુર્જરના સ્થાને નવા ચહેરાને તક**

બાપુનગર વોર્ડમાંથી જીતેલા અને પૂર્વ લીગલ કમિટી ચેરમેન પ્રકાશ ગુર્જરની ટિકિટ પણ કાપી નાખવામાં આવતા ખૂબ ચર્ચાનો વિષય બન્યો છે. ગત ટર્મમાં લીગલ કમિટી ખૂબ જ નબળી રહી હતી જેને ફરીથી જાગૃત કરી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષોથી બાકી રહેલા પેન્ડિંગ કેસો અને લીગલ વિષયોને ફરીથી ઉપાડીને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લીગલ કેસોમાં સફળતા અપાવી હતી પરંતુ લીગલ કમિટીના ચેરમેન તરીકે તેમની કામગીરી અને બાપુનગરમાં સેવાકીય સંસ્થા દ્વારા પોતાની કામગીરી સારી હોવા છતાં તેમની ટિકિટ કાપી નાખવામાં આવી છે.

**વિરોધ વચ્ચે યુવા આગેવાન વિરલ વ્યાસને ટિકિટ ન મળી**

રાણીપ વોર્ડમાં સૌથી સક્રિય, યુવા અને પૂર્વ કોર્પોરેટર વિરલ વ્યાસની પણ ટિકિટ કાપી નાખવામાં આવી છે. સાબરમતીના ધારાસભ્ય દ્વારા વિરલ વ્યાસનું નામ મુકવામાં આવ્યું હતું. સૂત્રો મુજબ પૂર્વ ધારાસભ્ય અને કેટલાક હોદ્દેદારોના વિરલ વ્યાસને ટિકિટ આપવાને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. તેને ટિકિટના આપવા રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે તેમની ટિકિટ કાપી નાખવામાં આવી છે. સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં પણ રેવન્યુ કમિટીના પૂર્વ ડેપ્યુટી ચેરમેન અને બે ટર્મ કોર્પોરેટર રહી ચૂકેલા પ્રદીપ દવે અને બે ટર્મના કોર્પોરેટર રહી ચૂકેલા મુકેશ મિસ્ત્રી બંનેની ટિકિટ કાપી નાખવામાં આવી છે. અને તેમના સ્થાને માત્ર એક જ મહિલા ઉમેદવારને રીપીટ કરવામાં આવ્યા છે. સિનિયર બંને કોર્પોરેટર હોવા છતાં પણ નવા કોર્પોરેટરોને સ્થાન આપવામાં આવ્યું છે.

## 92 વર્ષના આશા ભોંસલેને હાર્ટ એટેક : બ્રીચ કેન્ડી હોસ્પિટલના ICUમાં દાખલ

**બંગાળ, તા.11**



બોલિવૂડના દિગ્ગજ ગાયિકા આશા ભોસલેને શનિવારે હાર્ટ એટેક આવ્યો હતો. તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હાલ ડોકટરોની ટીમ તેમની દેખરેખ રાખી રહી છે, પરંતુ તેમની હાલત અંગે હોસ્પિટલ કે પરિવાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

આશા ભોસલેએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેમનો 92મો જન્મદિવસ ઉજવ્યો હતો.

**ભાગીને લગ્ન કર્યા હતા, ઘરેલું હિંસાનો ભોગ બન્યા**

લેજન્ડરી સિંગર આશા ભોસલેએ દરેક શૈલીના ગીતોમાં પોતાના મધુર અવાજનો જાદુ પાથર્યો છે. તેમના અવાજની મીઠાશ એવી છે કે આજે પણ લોકોના દિલ પર રાજ કરે છે. પોતાના કરિયરમાં 12,000થી વધુ ગીતો ગાઈ ચૂકેલા આશા ભોસલે માટે સંગીતની સફર એટલી પણ સરળ ન હતી. 9 વર્ષની ઉંમરે જ પિતાનું છત્ર ગુમાવ્યું.

16 વર્ષની ઉંમરે જ્યારે આશા ભોંસલેએ પરિવારજનો વિરુદ્ધ મોટી બહેન લતા મંગેશકરના સેક્રેટરી ગણપતરાવ ભોંસલે સાથે ભાગીને લગ્ન કર્યા, ત્યારે લતાએ બહેન સાથે સંબંધ તોડી નાખ્યો. લગ્ન પછી આશા ભોંસલેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો અને તેઓ ઘરેલું હિંસાનો શિકાર પણ બન્યા. એટલું જ નહીં, તેઓ જીવનથી એટલા નિરાશ થઈ ગયા હતા કે પોતાને ખતમ કરવા માંગતા હતા.

જોકે, 14થી વધુ ભાષાઓમાં ગીતો ગાઈ ચૂકેલા આશા ભોંસલેના અવાજમાં 92 વર્ષની ઉંમરે પણ એ જ ખનક અને જાદુ યથાવત્ છે. જ્યારે એક સમય એવો પણ હતો જ્યારે આ જ અવાજને ખરાબ કહીને તેમને રેકોર્ડિંગ સ્ટુડિયોમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

9 વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી આશા ભોંસલે પ્રખ્યાત થિયેટર અભિનેતા અને શાસ્ત્રીય ગાયક 'દીનાનાથ મંગેશકર'નાં પુત્રી અને સ્વર સમ્રાજ્ઞી લતા મંગેશકરનાં નાનાં બહેન છે. જ્યારે તેઓ માત્ર 9 વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું, જેના કારણે તેમણે તેમની બહેન લતા મંગેશકર સાથે મળીને પરિવારને ટેકો આપવા માટે ગાયન શરૂ કર્યું હતું.

આશાની વિશેષતા એ છે કે તેમણે દરેક પ્રકારના ગીતોમાં પોતાને ઢાળ્યા. ભલે તે રોમેન્ટિક ગીતો હોય, કેબરે ગીતો હોય, ગઝલ હોય કે શાસ્ત્રીય સંગીત. દરેક શૈલીમાં તેમણે પોતાના અવાજની અમીટ છાપ છોડી.

## ટ્રેન ટિકિટ રિફંડના નિયમો બદલાયા : ધુમાડો નહીં, હવે ટ્રેન વરાળ છોડશે

**નવી દિલ્હી, તા.11**

ભારતીય રેલવે નાણાકીય વર્ષ 2026-27માં મુસાફરીને આરામદાયક અને હાઈ-ટેક બનાવવા માટે ઘણા મોટા ફેરફારો કરવા જઈ રહ્યું છે. રેલ મંત્રાલયે ટિકિટ રદ કરવા અને રિફંડના નિયમોમાં ફેરફારથી લઈને દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનને ટ્રેક પર ઉતારવાની તૈયારી પૂર્ણ કરી લીધી છે. રિફંડની નવી પોલિસી 15 એપ્રિલ સુધીમાં લાગુ થશે. આ ઉપરાંત, મુસાફરોને આ વર્ષે 12 નવી વંદે ભારત સ્લીપર ટ્રેનોની ભેટ પણ મળશે. ચાલો રેલવેમાં આ નાણાકીય વર્ષમાં થનારા આવા 8 મોટા ફેરફારો વિશે જાણીએ.

1. નવા નિયમો: ટ્રેન છૂટવાના 8 કલાક પહેલા રિફંડ મળશે



ભારતીય રેલવેએ ટિકિટ રદ કરવા અને રિફંડના નિયમો કડક કર્યા છે. હવે જો કોઈ મુસાફર ટ્રેન છૂટવાના 8 કલાક પહેલા સુધી ટિકિટ રદ કરે છે, તો જ તેને રિફંડ મળશે. પહેલા આ સમય 4 કલાકનો હતો, જેને વધારીને હવે 8 કલાક કરવામાં આવ્યો છે. નવા નિયમો અનુસાર, જો તમે તમારી મુસાફરીના નિર્ધારિત સમયથી 8 કલાકથી ઓછા સમયમાં ટિકિટ રદ કરો છો, તો તમને એક પણ રૂપિયો પાછો મળશે નહીં. જોકે, 24થી 8 કલાકની વચ્ચે ટિકિટ રદ કરવા પર હજુ પણ 50% પૈસા જ પાછા મળશે. નવા નિયમો 15 એપ્રિલ સુધી લાગુ પડશે.

## કોન્સ્ટેબલની હાઈટ ઘટી કેવી રીતે ગઈ? : PSIની ફિઝિકલ ટેસ્ટ અને સોલા સિવિલના ઊંચાઈના ટેસ્ટમાં ફેઈલ

**અમદાવાદ, તા.11**

પોલીસ કોન્સ્ટેબલ બોનીકુમાર કાપડિયાએ PSIની ફિઝિકલ ટેસ્ટ આપી હતી. જેમાં તે ઊંચાઈના માપદંડથી ફેઈલ થયા હતાં. જેની તેને અમદાવાદથી હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં તેને ફરીથી હાઈકોર્ટે સોલા સિવિલમાં ઊંચાઈ માપવાના આદેશ આપ્યા હતાં. જેમાં પણ તેઓ ફેઈલ થયા હતા. ત્યારબાદ ફરી કોન્સ્ટેબલે કોર્ટમાં ઊંચાઈની ફેર-માપણીની માંગ કરી હતી, પરંતુ કોર્ટે એવી ચેતવણી આપી કે જો ફરીથી નિષ્ફળ જશો તો વર્તમાન નોકરી પણ જઈ શકે છે, પરિણામે કોન્સ્ટેબલે પીછેહઠ કરી અરજી પાછી ખેંચી લીધી હતી.

**PSI શારિરીક કસોટીમાં ઊંચાઈમાં અયોગ્ય જાહેર**

ગુજરાત પોલીસમાં બોનીકુમાર કાપડિયા કોન્સ્ટેબલ તરીકે 2019માં જોડાયા હતાં. તે સમયે તેમની ઊંચાઈ 165 સેમી અને 5 કિમીની દોડ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી હોવાનું સ્વીકારાયું હતું. 6 વર્ષ પછી જ્યારે તેમણે PSI બનવા માટે અરજી કરી, ત્યારે શારીરિક કસોટીમાં તેમની ઊંચાઈ 165 સેમી કરતાં ઓછી માલૂમ પડી, જેના કારણે તેમને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતાં.

**હાઈકોર્ટમાં અરજી, સોલા સિવિલમાં ઊંચાઈ મપાઈ**

આ મામલે બોનિકુમારે અમદાવાદથી ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે વિડિયોગ્રાફી હેઠળ ફરીથી માપણી કરવાનો આદેશ આપ્યો હતો. જેમાં ફેબ્રુઆરી મહિનામાં હાઈકોર્ટમાં 10 હજાર ડિપોઝિટ ભરીને 24 ફેબ્રુઆરીએ સોલા સિવિલમાં ઊંચાઈ માપવામાં આવી હતી. પરંતુ ત્યાં પણ તેઓ નિર્ધારિત ઊંચાઈમાં નિષ્ફળ રહ્યાં હતાં.

## આખું શરીર હાડપિંજર બની ગયું ફક્ત પગ જ બચ્યા : દીકરીની લાશ સાથે પિતા 4 મહિના સુધી ઘરમાં રહ્યા

**નવી દિલ્હી, તા.11**

ઉત્તર પ્રદેશના મેરઠમાં એક પિતા દીકરીની લાશ સાથે 4 મહિના સુધી ઘરમાં રહ્યા. લાશ ખરાબ રીતે સડી ગઈ હતી. દીકરી શિક્ષિકા હતી, તેની સાથે રહેવાની જીદમાં પિતા તેનાથી અલગ થવા માંગતો ન હતો. તે લાશની દુર્ગંધ છુપાવવા માટે તેના પર પરફ્યુમ સ્પ્રે કરતો રહ્યો. છોકરીનું આખું શરીર હાડપિંજર બની ગયું હતું, ફક્ત પગ જ બચ્યા હતા. ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે ઘરે સંબંધીઓ પહોંચ્યા. દુર્ગંધ આવતા ફોન કરીને પોલીસને જાણ કરી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ઘરના એક રૂમમાંથી લાશ શોધી કાઢી. શરીરની હાલત એટલી ખરાબ થઈ ગઈ હતી કે સંબંધીઓથી લઈને પોલીસકર્મીઓ અને પડોશીઓ તેને



જોઈ શકતા ન હતા. મામલો સદર બજારના તેલી મહોલ્લાનો છે.

મૂળ બંગાળના રહેવાસી ઉદય ભાનુ બિસ્વાસ (76) કાશીમાં શિક્ષણ વિભાગમાં કાર્યરત હતા. બોર્ડ ઓફિસમાં વહીવટી અધિકારીના પદ પર હતા. 2010માં નિવૃત્ત થયા હતા. સદરના તેલી મહોલ્લામાં પોતાનું નાનું મકાન છે. પોતાની દીકરી પ્રિયંકા બિસ્વાસ (35) સાથે રહે છે. પત્ની શર્મિષ્ઠા (59)નું 13 વર્ષ પહેલા અવસાન થયું છે. પાતળી ગલીમાં પોતાનું નાનું મકાન છે. પડોશમાં કેટલાક સંબંધીઓ રહે છે, પરંતુ ઉદય ભાનુ કોઈને મળતા ન હતા અને દીકરીને પણ મળવા દેતા ન હતા.

## ખીરા-ઢોસાથી બે બાળકીના શંકાસ્પદ મોત મામલો : માતા-પિતા અને દાદા-દાદીનો લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરાશે

**અમદાવાદ, તા.11**

અમદાવાદના ચાંદખેડામાં ખીરા-ઢોસાથી બે બાળકીના શંકાસ્પદ મોત મામલે પોલીસે આ રહસ્યમય ઘટનાનો ભેદ ઉકેલવા માટે લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરાવશે. બાળકીના માતા-પિતા અને દાદા દાદીનું લાઈ ડિટેકશન ટેસ્ટ કરવામાં આવશે. ગઈકાલે 10 એપ્રિલે બંને બાળકીના પિતા વિમલની પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી સહિતના અધિકારીઓએ 9 કલાક સુધી પૂછપરછ કરી હતી. જેમાં પૂછપરછ દરમિયાન વિમલએ પોતાની દીકરીઓની હત્યા કરી હોવાનો ઈનકાર કર્યો છે. ખીરુ ખરાબ હોવાનું અને ખાવાની વસ્તુમાં ઝેરી પદાર્થ આવી જવાથી આ દુર્ઘટના બની હોવાનું પિતાનું એક જ રટણ રહ્યું હતું.

**બાળકીની માતા ભાવનાની પણ પૂછપરછ કરાશે**

બાળકીના એફએસએલ રિપોર્ટ આવ્યા બાદ પોલીસ કોર્ટની મંજૂરીથી લાઈ ડિટેકશન ટેસ્ટ કરવામાં આવશે. હાલ પોલીસ આ ઘટના અકસ્માત છે કે હત્યા તે અંગે અવઢવમાં છે, ત્યારે હવે માતા ભાવનાબેનને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ તેમની પૂછપરછ અને FSL રિપોર્ટ આવ્યા પછી જ આ સમગ્ર મામલે સત્ય બહાર આવશે.

**પોલીસે દાદીનું નિવેદન લીધું**

બાળકીના કાકા અને ફોઈ ઓસ્ટ્રેલિયાથી અમદાવાદ આવ્યા છે. પોલીસ દ્વારા કાકા અને ફોઈનું પણ નિવેદન લેવામાં આવી રહ્યું છે. બાળકીના દાદીનું સવારે નિવેદન લેવામાં આવ્યું હતું. જ્યારે દાદાનું અત્યારે નિવેદન નોંધવામાં આવી રહ્યું છે.

**શું છે સમગ્ર ઘટના?**

ચાંદખેડામાં મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ ઘનશ્યામ ડેરીમાંથી ખીરું લાવ્યા હતા. તેમાંથી ઢોસા બનાવી ખાધા બાદ પરિવારની તબિયત લથડી હતી. જેમાં 3 મહિનાની રાહા અને 4 વર્ષની મીશ્રી નામની બાળકીના મોત નિપજ્યાં હતા. ઘટના બાદ ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુના દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને ખીરાની ક્વોલિટી જાણવા ઘનશ્યામ ડેરી પર FSLની ટીમે સેમ્પલ લીધા હતા.





# 'તમારા દીકરાને હોસ્પિટલ લઈ જવો હોય તો 50 હજાર મોકલો'

## પાંચ દિવસથી ગુમ પુત્રને બચાવવા માતાએ મદદ માગી પણ જૂનાગઢ પોલીસે હાથ ખંખેર્યા, કહ્યું- 'અમે કંઈ ન કરી શકીએ'








**જૂનાગઢ, તા.11**

જૂનાગઢ શહેરના રોહીદાસ પરા વિસ્તારમાં રહેતા એક ગરીબ પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે. મજૂરીકામ માટે ગયેલો જુવાનજોધ દીકરો રહસ્યમય સંજોગોમાં ગુમ થયો છે અને કોઈ અજાણ્યો શખ્સ તેના જીવના જોખમે રૂ. 50,000ની ખંડણી માંગી રહ્યો હોવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. પુત્રના વિયોગમાં અને તેની સુરક્ષાની ચિંતામાં ગરકાવ માતા જ્યારે ન્યાયની આશાએ જૂનાગઢના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન પહોંચી ત્યારે રક્ષક ગણાતી પોલીસે મદદ કરવાને બદલે અત્યંત તોછડું વર્તન કરી તેમને અપમાનિત કર્યા હોવાનો ગંભીર આક્ષેપ થયો છે.

એક તરફ અપહરણકર્તા દ્વારા વીડિયો કોલ કરીને પુત્રની નાજુક હાલત બતાવી માનસિક દબાણ કરવામાં આવી રહ્યું છે ત્યારે બીજી તરફ 'રોવા-ધોવાનું બંધ કરો' અને 'તમારો દીકરો નાટક કરે છે' એવા પોલીસના બેજવાબદાર નિવેદનોએ માનવતા અને ખાખીની કાર્યશૈલી સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

'અમે આમાં કંઈ કરી શકીએ એમ નથી'

આ સમગ્ર મામલે એ ડિવિઝન પોલીસ સ્ટેશનના PSI સોલંકી સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે, ગત 7 તારીખના વિજય સોંદરવા ના માતા મીનાબેન સોંદરવા અહીં આવ્યા હતા અને અરજી કરી હતી પરંતુ અમે આ મામલે કંઈ કરી શકીએ તેમ નથી જે કંઈ પણ થાય તે જ્યાંથી ગુમ થયો હોય ત્યાં ફરિયાદ નોંધાવી પડે.

આર્થિક ભીંસ વચ્ચે યુવક રહસ્યમય રીતે ગુમ

જૂનાગઢના મીનાબેન સોંદરવાનો પુત્ર વિજય આર્થિક તંગીને કારણે મજૂરીકામ અર્થે કચ્છ ગયો હતો પરંતુ, ત્યાં કામ ન ફાવતા તે રાજકોટ થઈ અમદાવાદ જવા રવાના થયો હતો. અમદાવાદ પહોંચ્યા બાદ વિજય સાથેનો સંપર્ક તૂટી ગયો હતો પરંતુ, ટૂંક સમયમાં જ વિજયના મોબાઈલ નંબર પરથી એક અજાણ્યા હિન્દી ભાષી શખસનો માતા મીનાબેન પર ફોન આવ્યો.

ગુમ દીકરાને શોધી આપવા પીડિત માતાએ મદદ માગી

આ વ્યક્તિએ દાવો કર્યો કે, વિજય તેની પાસે છે અને તેની તબિયત અત્યંત નાજુક છે, તેને લોહીની ઉલટીઓ થાય છે અને તાવ આવ્યો છે. ગભરાયેલી માતાએ જ્યારે પુત્રને હોસ્પિટલ લઈ જવા આજીજી કરી ત્યારે તે શખસે માનવતા નેવે મૂકીને શરત રાખી કે, જો વિજયને સારવાર અપાવવી હોય, તો પહેલા પૈસા મોકલવા પડશે. આ ઘટના ક્રમ કોઈ મોટા ગુનાહિત કાવતરા કે ખંડણી તરફ સીધો ઈશારો કરી રહ્યો છે.

વીડિયો કોલમાં ધમકાવી 50 હજારની ખંડણીની માંગ

દીકરાની હાલત બાબતે વિશ્વાસ અપાવવા માટે અજાણ્યા શખસે મીનાબેનને વીડિયો કોલ કર્યો હતો, જેમાં વિજય એક બાંકડા પર અર્ધબેભાન અવસ્થામાં પડેલો જોવા મળ્યો હતો. આ દૃશ્ય બતાવી તુરંત જ ફોન કાપી નાખવામાં આવ્યો હતો. ત્યારબાદ, વિજય જે કોન્ટ્રાક્ટર ગોવિંદભાઈ સાથે કામ કરતો હતો, તેમને પણ આ બાબતની જાણ થઈ હતી.

અજાણ્યા શખસે કોલ કરીને માતાને ડરાવી

જ્યારે ગોવિંદભાઈએ તે શખ્સ સાથે સંપર્ક કર્યો ત્યારે તેણે એક સ્કેનર મોકલીને તાત્કાલિક 50,000 રૂપિયા ટ્રાન્સફર કરવા માટે ભારે દબાણ કર્યું હતું. ગોવિંદભાઈએ વિજય સાથે વાત કરવાની જીદ કરી છતાં તે શખસે વાત કરાવવાનો ઈનકાર કરી વારંવાર ફોન કાપી નાખ્યો હતો. બીજા દિવસે ફરીથી ફોન કરીને પૈસાની વ્યવસ્થા અંગે પૂછપરછ કરી, તે શખસે લાચાર માતા પર માનસિક દબાણ વધાર્યું હતું.

પોલીસે પીડિત માતાની મદદ કરવાને બદલે તોછડાઈ કર્યાનો આક્ષેપ

દીકરાના જીવ પર મંડાઈ રહેલા જોખમને જોઈ મીનાબેન તાત્કાલિક જૂનાગઢના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ન્યાયની આશાએ પહોંચ્યા હતા. તેમણે લેખિત અરજી દ્વારા જાણ કરી હતી કે, તેમનો પુત્ર ગુમ છે અને કોઈ અજાણ્યો શખસ તેને બંધી બનાવી બીમારીનો ડર બતાવી 50,000ની ખંડણી માંગી રહ્યો છે.

# 400 કરોડ ફ્રોડના માસ્ટરમાઈન્ડનો સાગરીત વડોદરાથી દબોચાયો : ધો.12 પાસ સોમપુરીએ ટ્રેડિંગના નામે સુરતી વેપારીના 56 લાખ ખંખેર્યા, દુબઈ-બેંગકોકની 18 ટ્રીપનો ખુલાસો

## TLC કોઈન અને 10 ટકા કમિશનની લાલચની મોડસ ઓપરેન્ડી

**સુરત, તા.11**

સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે વડોદરાથી સોમપુરી કિશનપુરી ગોસ્વામી નામના શખ્સની ધરપકડ કરી છે. આ આરોપીએ ફરિયાદીને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી દર મહિને 5થી 6 ટકા પ્રોફિટ મેળવવાની લાલચ આપી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીએ BOTALPHA.ME નામની વેબસાઈટ પર એકાઉન્ટ બનાવી ફરિયાદી પાસેથી ટુકડે ટુકડે કુલ 56,92,480 રૂપિયા પડાવી લીધા હતાં. આ ગુનાની તપાસમાં દુબઈ બેઠેલા કુખ્યાત ઠગ લવિશ ચૌધરીનું નામ ખુલતા પોલીસ પણ ચોંકી ઉઠી છે.

12 પાસ સોમપુરીનું દુબઈ કનેક્શન અને માસ્ટરમાઈન્ડ લવિશ ચૌધરી

પકડાયેલ આરોપી સોમપુરી ગોસ્વામી માત્ર ધોરણ 12 પાસ છે, પરંતુ તેના સંપર્ક સીધા દુબઈમાં બેઠેલા લવિશ ચૌધરી સાથે છે. લવિશ ચૌધરી એ જ વ્યક્તિ છે જેના પર અગાઉ ED દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી અને 400 કરોડ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા હતાં. સોમપુરી રાજસ્થાનમાં એક કબડ્ડી ટૂર્નામેન્ટ દરમિયાન લવિશના સંપર્કમાં આવ્યો હતો. ત્યારપછી તે લવિશના ઈશારે ભારતમાં નેટવર્ક ચલાવી ફોરેક્સ અને ક્રિપ્ટો ટ્રેડિંગના નામે લોકો સાથે કરોડોની છેતરપિંડી આચરતો હોવાનું તપાસમાં ખુલ્યું છે.

TLC કોઈન અને 10 ટકા કમિશનની લાલચની મોડસ ઓપરેન્ડી

ડીસીપી બિશાખા જૈન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આરોપી સોમપુરી રોકાણકારોને માત્ર નફાની જ નહીં, પણ વધારાના ગિફ્ટ તરીકે 'TLC Coin' આપવાની લાલચ આપતો હતો. તેણે ફરિયાદીને વિશ્વાસ અપાવ્યો હતો કે આ કોઈનના 2 ટકા દર મહિને રોકડમાં ઉપાડી શકાશે. આ આખી સિસ્ટમમાં સોમપુરીને રોકાણકારોના નફા પર 10 ટકા જેટલું તગડું કમિશન મળતું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, સોમપુરીને દર મહિને અંદાજે 1,50,000 રૂપિયા જેટલું કમિશન આ ઠગાઈના નેટવર્કમાંથી મળતું હતું, જે તેને લવિશ ચૌધરીના માધ્યમથી પ્રાપ્ત થતું હતું.

બેંક ખાતાઓમાં 10 કરોડથી વધુના ફ્રોડના વ્યવહારો

સાયબર સેલની તપાસમાં વધુ એક ચોંકાવનારી વિગત સામે આવી છે. ફરિયાદીએ જે ત્રણ બેંક ખાતાઓમાં (AXIS, SBI, IDFC) પૈસા ટ્રાન્સફર કર્યા હતા, તે ખાતાઓની NCCRP પોર્ટલ પર તપાસ કરતા જાણવા મળ્યું કે આ ખાતાઓ સામે દેશના વિવિધ રાજ્યોમાં કુલ 50 ફરિયાદીઓએ ફરિયાદ નોંધાવી છે. આ ખાતાઓમાં કુલ 10,02,76,635 રૂપિયાના ફ્રોડના વ્યવહારો મળી આવ્યા છે. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે આ ગેંગે માત્ર સુરત જ નહીં પણ આખા દેશમાં રોકાણકારોને નિશાન બનાવ્યા છે.

કોવિડમાં ધંધો ઠપ થતા ગુનાખોરીના રસ્તે ચડ્યો સોમપુરી

આરોપી સોમપુરી અગાઉ રેસ્ટોરન્ટ ચલાવતો હતો, પરંતુ કોવિડના સમયમાં તેનો વ્યવસાય ઠપ થઈ ગયો હતો. આર્થિક સંકડામણના કારણે તે રાજસ્થાનના દીપક ગોસ્વામી નામના શખ્સના સંપર્કમાં આવ્યો હતો. દીપક ગોસ્વામીએ જ સોમપુરીની મુલાકાત લવિશ ચૌધરી સાથે કરાવી હતી. 2023થી સોમપુરી આ ઠગાઈના નેટવર્કમાં સક્રિય થયો હતો અને ટૂંકા સમયમાં વિદેશ પ્રવાસો કરી લવિશનો ખાસ વિશ્વાસુ બની ગયો હતો. હાલ પોલીસ નાસતા ફરતા આરોપી દીપક ગોસ્વામીની પણ શોધખોળ કરી રહી છે.

લવિશ ચૌધરીની ગેંગની કાર્યપદ્ધતિ અત્યંત વ્યવસ્થિત હતી. તેઓ ભારતના મધ્યમ વર્ગના લોકોને નિશાન બનાવી તેમને દુબઈ કે થાઈલેન્ડના પ્રવાસે લઈ જતા હતા. ત્યાં વૈભવી હોટલોમાં રોકાણ કરાવી મોટી ઈવેન્ટ્સ દ્વારા એવું ચિત્ર ઉભું કરવામાં આવતું હતું કે તેમની કંપની આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ છે. લોકો આ ઝાકઝમાળ જોઈને પોતાની જિંદગીની મૂડી રોકી દેતા હતા. સુરતના કિસ્સામાં પણ ફરિયાદીને આવી જ રીતે વિશ્વાસમાં લઈને લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતાં.

# યોગ ગુરૂ તો ગજબનો નીકળ્યો, આશ્રમમાં ઓપરેશન થિયેટર! : કાનુડો બનીને મટકી ફોડે

## મહારાણા પ્રતાપના સોંગ પર ઘોડેસવારી કરે; હેરસલૂન ચલાવનાર પ્રદીપ બની ગયો યોગ ગુરૂ

**સુરત, તા.11**



અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે 2 કરોડની નકલી ચલણી નોટો મામલે 18 માર્ચે સુરતના કથિત યોગગુરૂ પ્રદીપ જોટંગીયાની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ શખસ કોઈ મોટો યોગી કે ડોક્ટર નથી, પરંતુ માત્ર ધોરણ 12 સુધી ભણેલો સામાન્ય માણસ છે. ભૂતકાળમાં રાજકોટમાં હેર સલૂન ચલાવતો પ્રદીપ જોટંગીયા સુરતમાં 'શ્રી સત્યમ યોગ ફાઉન્ડેશન'ના નામે લોકોની શ્રદ્ધા અને આસ્થા સાથે ચેડાં કરી રહ્યો હતો. હાલ પોલીસે તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. આશ્ચર્યની વાત એ છે કે, માત્ર ધોરણ 12 ભણેલો આ નકલી યોગ ગુરૂ કોઈપણ પ્રકારની તબીબી ડિગ્રી વગર હૃદયના બ્લોકેજ અને કેન્સર જેવી જીવલેણ બીમારી દૂર કરી આપવાની ગેરંટી આપતો હતો.

કેન્સર અને હાર્ટ બ્લોકેજની સારવારનો દાવો કરતો

પ્રદીપ જોટંગીયાએ જે વીડિયો અપલોડ કર્યા છે તેમાં તે કેન્સર અને હાર્ટ બ્લોકેજ દૂર કરવાનો દાવો કરે છે. તે પોતાના સોફા પર બેસીને દર્દીઓની ફાઈલ જોતો અને સારવાર કરતો હતો. નવાઈની વાત એ છે કે, આ ફાઈલો પર કોઈ આયુર્વેદિક ડોક્ટર કે નિષ્ણાતનું નામ સુદ્ધા નહોતું. માત્ર પ્રદીપનો ફોટો હતો. તે કુદરતી ઉપચાર અને આધ્યાત્મિક શક્તિના નામે દર્દીઓને ભ્રમિત કરીને લાખો રૂપિયા પડાવતો હોવાની આશંકા સેવાઈ રહી છે.

ડિગ્રી વગર યોગ ગુરૂના આયુર્વેદિક ઉપચાર

નકલી યોગગુરૂ પાસે આયુર્વેદ કે નેચરોથેરાપીની એકપણ માન્ય ડિગ્રી નથી. તેમ છતાં તે લાંબા સમયથી લોકોને આયુર્વેદિક ઉપચારના નામે છેતરી રહ્યો હતો. તેની સંસ્થાના પેમ્ફ્લેટ્સ અને ફાઈલ પર આયુર્વેદિક ઉપચાર, કુદરતી ઉપચાર અને યોગ શિબિર જેવી લોભામણી જાહેરાતો લખવામાં આવતી હતી. કોઈપણ મેડિકલ બેકગ્રાઉન્ડ વગર તે જે રીતે ગંભીર બીમારીની સારવાર કરતો હતો તેનાથી અનેક દર્દીઓના જીવ જોખમમાં મુકાયા હોવાની શક્યતા પોલીસ તપાસમાં જણાઈ રહી છે.

દર્દીના પેટમાંથી પાણી કાઢવાનો વીડિયો

એક વીડિયોમાં પ્રદીપ એક કેન્સર પીડિત મહિલાની સાવરા કરતો દેખાય છે. વીડિયોમાં તે કહી રહ્યો છે કે, મહિલાનું એક-બે વખથ કીમો થઈ ચૂક્યું છે અને પેટમાં 2.5 લીટર પાણી ભરાયું છે. આ દરમિયાન આશ્રમની મહિલા સેવિકાઓ દર્દીના પેટમાં પાઈપ લગાવીને જારમાં પાણી કાઢતી નજરે પડે છે. કોઈપણ સર્જિકલ જ્ઞાન વગર આ રીતે અસલામતી પૂર્વક કરવામાં આવતી પ્રક્રિયા અત્યંત ગંભીર ગુનો માનવામાં આવે છે.

# અમરેલી: 3 માસમાં 23 વોન્ટેડ આરોપીઓ ઝડપાયા : SP સંજય ખરાતની ટીમે વર્ષોથી ફરાર ગુનેગારોને દબોચ્યા

**અમરેલી, તા.11**



અમરેલી પોલીસે છેલ્લા ત્રણ માસમાં મોટી કાર્યવાહી કરી છે. જિલ્લા પોલીસ અધિક્ષક (SP) સંજય ખરાતની ટીમે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન કુલ 23 વોન્ટેડ અને પેરોલ જમ્પ કરનાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ વર્ષોથી વિવિધ ગુનાઓમાં ફરાર હતા. આ અભિયાન અંતર્ગત, અમરેલી પોલીસે સૌરાષ્ટ્ર અને ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા અને પંજાબ જેવા રાજ્યોમાંથી પણ આરોપીઓને પકડી પાડ્યા છે. કેટલાક આરોપીઓ 16 વર્ષથી વધુ સમયથી નાસતા ફરતા હતા, જ્યારે સૌથી જૂનો કેસ લગભગ 27 વર્ષ (1998નો) જૂનો હતો. ઝડપાયેલા આરોપીઓ સામે IPC, BNS, NDPS અને POCSO એક્ટ હેઠળ ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા. કેટલાક આરોપીઓ પર ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું, અને ઘણા પેરોલ જમ્પ કરીને ફરાર થયા હતા. પોલીસ કાર્યવાહી દરમિયાન, કેટલાક આરોપીઓના મૃત્યુ પામવાના કારણે તેમના નામ કમી કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી. SP સંજય ખરાતની સૂચના હેઠળ, પેરોલ ફોલો સ્ક્વોડ, એલ.સી.બી., AHTU અને સ્થાનિક પોલીસ સ્ટેશનોની ટીમોએ આ કામગીરી પાર પાડી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ફરાર આરોપીઓનું પગેરું શોધી કાઢ્યું હતું. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીથી કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને ગુનાખોરી પર નિયંત્રણ લાવવામાં મદદ મળશે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીથી કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને ગુનાખોરી પર નિયંત્રણ લાવવામાં મદદ મળશે.

# કદાવર નેતા સાથે મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ : હેલિપેડની જગ્યાએ કાર પાર્કિંગમાં ઉતર્યું છગન ભુજબળનું હેલિકોપ્ટર, અજિત પવાર જેવો અકસ્માત ટળ્યો

**પુણે, તા.11**



જ્યારે હેલિકોપ્ટર પાર્કિંગ વિસ્તારમાં ઉતર્યું ત્યારે ભારે ધૂળ ઉડી રહી હતી.

મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળનું હેલિકોપ્ટર શનિવારે સવારે પુણેના પુરંદર વિસ્તારમાં હેલિપેડથી એક કિલોમીટર દૂર એક પાર્કિંગ એરિયામાં ઉતર્યું. આ જગ્યા હેલિપેડ માટે નક્કી નહોતી, જેનાથી સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન થયું. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ઘટના ત્યારે બની જ્યારે ભુજબળ પુણેમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા. આ હેલિકોપ્ટર તેમના માટે ભાડે લેવામાં આવ્યું હતું. જોકે, આ ઘટનામાં કોઈના ઘાયલ થવા કે અન્ય નુકસાનની કોઈ માહિતી સામે આવી નથી. હેલિકોપ્ટરના લેન્ડિંગનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં દેખાયું કે પાર્કિંગ એરિયામાં ઘણી કાર લાઈનમાં પાર્ક હતી. ત્યાં જ ગાડીઓની સામે હેલિકોપ્ટરનું લેન્ડિંગ કરવામાં આવ્યું. આ દરમિયાન ધૂળ ઉડતી દેખાઈ રહી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઘટના અંગે ભુજબલે જણાવ્યું કે, 'પાઈલટે પાર્કિંગ એરિયા પર ખોટી જગ્યાએ લેન્ડિંગ કર્યું. અમે બધા સુરક્ષિત છીએ.' પાયલટ, ક્રૂ મેમ્બર કે હેલિકોપ્ટર ઓપરેટ કરતી કંપની તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી. જ્યારે પુણે ગ્રામીણ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે તેઓ આ મામલાનો રિપોર્ટ નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) ને આપશે અને પાઈલટ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. નિયમ મુજબ, જ્યારે પણ કોઈ હેલિકોપ્ટરને કોઈ ખાસ વિસ્તારમાં ઉતરવાનું હોય છે, ત્યારે સ્થાનિક લોક નિર્માણ વિભાગ હેલિકોપ્ટરના ક્રૂ મેમ્બરને નિર્દેશ આપે છે. પુણે જિલ્લા પોલીસે જણાવ્યું કે તેમણે હેલિપેડ તૈયાર કર્યું હતું અને ક્રૂ મેમ્બરને તેની જાણકારી હતી, પરંતુ તેમણે તેને અવગણ્યું.

છગન ભુજબળ નાશિકથી પુણે જઈ રહ્યા હતા

અહેવાલો અનુસાર, હેલિકોપ્ટરને નિર્ધારિત હેલિપેડ પર ઉતારવાને બદલે પાઈલટે તેને સીધું કાર પાર્કિંગમાં ઉતાર્યું. આ ઘટના ત્યારે બની જ્યારે છગન ભુજબળ નાશિકથી પુણેના ખાનવાડી જઈ રહ્યા હતા, જ્યાં જિલ્લા પરિષદ શાળાના ઉદ્ઘાટનનો કાર્યક્રમ હતો. લેન્ડિંગ દરમિયાન, પાઈલટે એક મોટી ચૂક કરી અને હેલિકોપ્ટરને હેલિપેડને બદલે સ્કૂલની નજીકના પાર્કિંગ વિસ્તારમાં ઉતાર્યું. આ અચાનક લેન્ડિંગથી કાર્યક્રમમાં હાજર લોકો ભસભીત થઈ ગયા હતા.

છગન ભુજબળ મહારાષ્ટ્રના અગ્રણી નેતા છે

છગન ભુજબળ મહારાષ્ટ્રના એક અગ્રણી રાજકારણી અને ઓબીસી સમુદાયના અગ્રણી નેતા છે. તેઓ હાલમાં દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં કેબિનેટ મંત્રી છે, તેમની પાસે ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા જેવા વિભાગો છે. યેવલા (નાશિક)થી પાંચ વખત ધારાસભ્ય રહેલા ભુજબળે શિવસેના સાથે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી, બાદમાં તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા અને 1999 માં શરદ પવાર સાથે NCPના સ્થાપક સભ્ય બન્યા હતા. તેમણે બે વાર મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપી છે અને જાહેર બાંધકામ, ગૃહ અને અન્ય મહત્વપૂર્ણ વિભાગો સંભાળ્યા છે.

જાન્યુઆરીમાં ડેપ્યુટી CM પવારનું પ્લેન ક્રેશમાં મૃત્યુ થયું હતું

આ ઘટનાથી ઘણો ભય ફેલાઈ ગયો છે કારણ કે ત્રણ મહિના પહેલા 28 જાન્યુઆરી, 2026 ના રોજ મહારાષ્ટ્રના ડેપ્યુટી CM અજિત પવારનું પણ એક પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. 6 વર્ષના પવાર જિલ્લા પરિષદની ચૂંટણીઓ પહેલા એક જનસભામાં હાજરી આપવા માટે બારામતી જઈ રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# PMએ કહ્યું - બંગાળની જનતા TMCના ઘમંડને તોડી નાખશે : 15 વર્ષનો પુરો હિસાબ લેવાશે; મમતાએ કહ્યું- ભાજપ બંગાળ વિરોધી, તેને ઘરમાં ઘુસવા ન દો

**કોલકાતા, તા.11**

PM નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળમાં છે. પૂર્વ બર્ધમાન જિલ્લાના કટવામાં એક ચૂંટણી રેલીમાં તેમણે કહ્યું કે બંગાળ પરિવર્તન માટે તૈયાર છે. અહીંના મહાન વારસા પર ટીએમસીએ પાપ કર્યું છે કે તેના પર પછાતપણાનો ડાઘ લગાડી દીધો છે. પીએમ મોદીએ કહ્યું કે મમતા બેનર્જી સરકારના 15 વર્ષનો સંપૂર્ણ હિસાબ લેવાશે. મોદીએ કહ્યું- ટીએમસી કહી રહી છે કે જો ભાજપ સત્તામાં આવશે, તો આ યોજના બંધ કરવામાં આવશે, વિશ્વાસ રાખજો, ભાજપ કંઈપણ બંધ કરશે નહીં. ભાજપ તેમની દુકાન બંધ કરશે. તે લૂંટ બંધ કરશે. પીએમએ કહ્યું કે ભાજપે હવે બંગાળને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવાનો સંકલ્પ કર્યો છે. ગઈકાલે, સંકલ્પ પત્ર બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં 6 ગેરંટીઓ આપવામાં આવી હતી. તેમાં તેના અમલીકરણ માટેનો રોડમેપ છે. મુર્શિદાબાદમાં મોદીએ કહ્યું, આઝાદી પછી, બંગાળને પડકારવાની હિંમત કરનાર દરેક વ્યક્તિનો ઘમંડ તૂટી ગયો છે. પહેલા અંગ્રેજો, પછી કોંગ્રેસ અને અંતે ડાબેરીઓ. હવે બંગાળના લોકો ટીએમસીના ઘમંડને તોડી નાખશે. આ તરફ, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઝારગ્રામમાં એક ચૂંટણી રેલીને સંબોધન કરતા ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, ભાજપ બંગાળ વિરોધી અને બહારના લોકોની વિરોધી છે. તેને તમારા ઘરમાં ઘુસવા ન દો. આસામના શ્રીભૂમિ જિલ્લામાં કરીમગંજ (ઉત્તર) વિધાનસભા મતવિસ્તારના 239-બેબીલેન્ડ હાઈ ઈંગ્લિશ સ્કૂલ મતદાન કેન્દ્ર પર આજે ફરીથી મતદાન યોજાયું. મતદાન સવારે 7 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી થશે. ભાજપ અને કોંગ્રેસના સમર્થકો વચ્ચે થયેલા ઝઘડા બાદ ફરીથી ચૂંટણી કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ બેઠક પરથી 14 ઉમેદવારો મેદાનમાં છે.



મમતાનો દાવો- ભવાનીપુરથી મારી ઉમેદવારી રદ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો

બંગાળના કેશિયારીમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ચૂંટણી રેલી દરમિયાન જણાવ્યું હતું કે- ભવાનીપુરથી મારી ઉમેદવારી રદ કરવા માટે બે ખોટા સોગંદનામા દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ તેમ કરી શક્યા નહીં, પરંતુ વિચારો કે જો તેઓ મારા વિરુદ્ધ આવું કરી શકતા હોય, તો બીજા લોકો વિરુદ્ધ શું-શું કરી શકે છે.

અમિત શાહે કહ્યું- મમતા ક્યારેક પગ પર તો ક્યારેક માથા પર નકલી પાટા બાંધી લે છે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના બાંકુરામાં એક જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે મમતા બેનર્જી અને TMCની આકરી ટીકા કરી હતી. શાહના ભાષણની 5 મોટી વાતો વાંચો: આરજી કરની ઘટનાએ સમગ્ર વિશ્વની નજરમાં બંગાળને કલંકિત કરી દીધું છે. વર્ષોથી TMCના ગુંડાઓ સંદેશખાલીમાં મહિલાઓનું શોષણ કરતા રહ્યા. આ ઘૂસણખોરો મહિલાઓનું શોષણ કરતા રહ્યા, પરંતુ મમતા બેનર્જીએ આંખો મીંચી લીધી અને ચૂપચાપ બેસી રહ્યા. મમતા દીદી વિક્ટિમ કાર્ડ રમે છે. ક્યારેક પોતાના પગ પર ખોટા પાટા બાંધી લે છે, તો ક્યારેક માથા પર. મમતા દીદી, તમે ઈચ્છો ત્યાં તમારા પગ, હાથ કે માથા પર પાટા બાંધી લો, પરંતુ બંગાળની જનતા તમને વોટ નહીં આપે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભાજપના 300થી વધુ કાર્યકર્તાઓની હત્યા કરવામાં આવી. 5 મે પછી જ્યારે ભાજપની સરકાર બનશે, ત્યારે અમારા કાર્યકર્તાઓની હત્યા માટે જવાબદાર લોકોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે. બંગાળના ગરીબો માટે આવતા પૈસા છીનવીને TMCના ગુંડાઓના ઘરે મોકલવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ વિકાસ માટે કરોડો રૂપિયા મોકલ્યા છે. શું તે તમારા ગામડાઓ સુધી પહોંચ્યા છે? ગંધેશ્વરી નદી પર બનેલો પુલ દરેક ચોમાસામાં ડૂબી જાય છે, પરંતુ મમતા દીદી પર તેની કોઈ અસર થતી નથી. મમતા દીદી 'હિરક રાની' છે. આ હિરક રાનીને 23 એપ્રિલે કમળનું બટન દબાવીને હટાવવાના છે.

મમતા બેનર્જીએ ટીએમસીના નેતાઓને કહ્યું- EVM તપાસો, ખામીયુક્ત હોય તો બદલાવો

ઝારગ્રામમાં બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક ચૂંટણી રેલીને સંબોધતા સ્ટેજ પર પાર્ટીના નેતાઓને મતદાન માટેના EVMને તપાસવા માટે કહ્યું હતું. તેમણે મતદાન કરતા પહેલા EVM તપાસવા અને જો કોઈ EVMખામીયુક્ત લાગે તો તાત્કાલિક તેને બદલવાની માંગણી કરવા જણાવ્યું હતું. મમતાએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું - SIR દરમિયાન 250 લોકો મૃત્યુ પામ્યા અને 90 લાખ નામો કાઢી નાખવામાં આવ્યા, ભાજપ બંગાળ વિરોધી અને બહારના લોકોની વિરુદ્ધ છે, તેમને તમારા ઘરમાં ઘુસવા ન દો.

PMએ કહ્યું - બંગાળની જનતા TMCના ઘમંડને તોડી નાખશે

મુર્શિદાબાદમાં મોદીએ કહ્યું, આઝાદી પછી, બંગાળને પડકારવાની હિંમત કરનાર દરેક વ્યક્તિનો ઘમંડ તૂટી ગયો છે. પહેલા અંગ્રેજો, પછી કોંગ્રેસ અને અંતે ડાબેરીઓ. હવે બંગાળના લોકો ટીએમસીના ઘમંડને તોડી નાખશે. મોદીએ કહ્યું - મા, માટી અને માનુષના નારાથી પ્રેરિત થઈને, બંગાળના લોકોએ ખૂબ જ આશા અને ઉત્સાહ સાથે ટીએમસીને તક આપી, પરંતુ સત્તામાં આવ્યા પછી, ટીએમસી ડાબેરીઓની કાર્બન કોપી બની ગઈ. પીએમએ કહ્યું, ડાબેરીઓ સાથે સંકળાયેલા બધા ગુંડાઓ અને ગેંગ તૃણમૂલમાં જોડાઈ ગયા છે. ટીએમસીએ હવે બધું જ પોતાના હાથમાં લઈ લીધું છે - હથિયારો, ડ્રગ્સ અને પશુઓની દાણચોરીથી લઈને કટ- કમિશન સુધી જે એક સમયે ડાબેરીઓની ઓળખ હતી.

શાહે કહ્યું- દેશ કોઈ ધર્મશાળા નથી, ઘુસણખોરોને બહાર કાઢી મુકવામાં આવશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંગાળના બાંકુરા જિલ્લાના ઓંડામાં એક ચૂંટણી રેલીને સંબોધન કરતી વખતે ટીએમસી સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે જો ભાજપ સત્તામાં આવશે, તો બંગાળમાં સિન્ડિકેટ શાસન સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે. શાહે એમ પણ કહ્યું કે મમતા બેનર્જીના શાસનમાં મહિલાઓ પર અત્યાચાર કરનારાઓને કાયદા હેઠળ સજા કરવામાં આવશે. ઘૂસણખોરીના મુદ્દા પર કડક વલણ અપનાવતા તેમણે કહ્યું કે દેશ કોઈ ધર્મશાળા નથી.

# ટ્રમ્પે NATO દેશોને કાયર ગણાવ્યા : કહ્યું- અમેરિકા વિના તેઓ 'કાગનો વાઘ', યુદ્ધ સાથ નથી આપ્યો તેને યાદ રાખીશું

**યુએસ, તા.11**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધમાં સાથ ન આપવા બદલ NATO સહયોગી દેશો પર નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પે કહ્યું છે કે NATO દેશો કાયર છે અને અમેરિકા વિના આ ગઠબંધન માત્ર 'કાગનો વાઘ' છે. તેમણે ટ્રુથ સોશિયલ પર લખ્યું: તેઓ ન્યૂક્લિયર તાકાત ધરાવતા ઈરાનને રોકવાની લડાઈમાં સામેલ થવા માગતા નહોતા. હવે જ્યારે આ લડાઈ સૈન્ય રીતે જીતી લેવામાં આવી છે, ત્યારે તેઓ તેલના ઊંચા ભાવની ફરિયાદ કરી રહ્યા છે. ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેને ખુલ્લી રાખવા માટે સૈન્ય મદદ આપવી સરળ છે, પરંતુ સહયોગી દેશો તેમાં પણ પાછળ હટી રહ્યા છે. તેમણે ઉમેર્યું, "આ એક ખૂબ જ સરળ સૈન્ય પગલું છે, જેમાં જોખમ ઘણું ઓછું છે, પરંતુ તેઓ મદદ કરવા માગતા નથી. કાયર છે, અને અમે આ યાદ રાખીશું."

દક્ષિણ લેબનાનમાં ઈઝરાયલી હુમલામાં એમ્બ્યુલન્સ સ્ટાફ સહિત અનેક ઘાયલ

દક્ષિણ લેબનાનના એક વિસ્તારમાં ઈઝરાયલના વિમાનોએ એક ઘર પર હુમલો કર્યો. જણાવવામાં આવી રહ્યું છે કે પહેલા થયેલા હુમલા બાદ એમ્બ્યુલન્સ કર્મચારીઓ અને સ્થાનિક લોકો મદદ માટે ત્યાં પહોંચ્યા હતા. તે જ સમયે બીજો હુમલો થયો, જેમાં પેરામેડિક્સ (એમ્બ્યુલન્સ સ્ટાફ) અને અનેક સ્થાનિક લોકો ઘાયલ થયા. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા છે.

જેરૂશલમના ઓલ્ડ સિટીમાં મિસાઈલનો કાટમાળ પડ્યો

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે જારી હુમલાઓ વચ્ચે જેરૂશલમના ઓલ્ડ સિટી વિસ્તારમાં એક ઈરાની બેલેસ્ટિક મિસાઈલનો કાટમાળ પડ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, આ ટુકડો વેસ્ટર્ન વોલ અને અલ-અક્સા મસ્જિદથી લગભગ 400 ગજ દૂર પડ્યો. જણાવવામાં આવી રહ્યું છે કે મિસાઈલને ઈઝરાયલે હવામાં ઈન્ટરસેપ્ટ કરી હતી, જેના પછી તેનો હિસ્સો જમીન પર આવી પડ્યો.

ઈરાનના રાષ્ટ્રપતિ બોલ્યા- અમે પરમાણુ હથિયારો બનાવવા માગતા નથી

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનએ સ્પષ્ટ કર્યું છે કે તેમનો દેશ પરમાણુ હથિયારો બનાવવાની કોઈ યોજના ધરાવતો નથી. નૌરોઝના અવસરે આપેલા સંદેશમાં પજશકિયાનએ કહ્યું કે ઈરાન તેના પાડોશી દેશો સાથે યુદ્ધ નથી ઈચ્છતું અને ક્ષેત્રમાં શાંતિ જાળવી રાખવા માંગે છે. તેમણે કહ્યું, "અમે પરમાણુ હથિયારો મેળવવા માંગતા નથી. અમારા પાડોશીઓ અમારા ભાઈઓ છે અને અમે તમામ મતભેદો વાતચીતથી ઉકેલવા માંગીએ છીએ." રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા માટે ઈસ્લામિક દેશોનું એક સામાન્ય માળખું બનાવવું જોઈએ અને બાહ્ય શક્તિઓની જરૂર નથી. પજશકિયાનએ પુનરોચ્ચાર કર્યો કે સુપ્રીમ લીડર મુજતબા ખામેનીએ પહેલાથી જ પરમાણુ હથિયારોને ધાર્મિક રીતે ખોટા ગણાવ્યા છે અને આ દિશામાં કોઈ નીતિ નથી.

# ચારધામમાં દરેક પળે યાત્રાળુઓનું લોકેશન ટ્રેક થશે:અમરનાથની જેમ રેડિયો ફ્રીક્વન્સી સિસ્ટમ લાગુ થશે; સંકટ સમયે રેસ્ક્યૂ સરળ બનશે

**દેહરાદૂન, તા.11**

આ વખતે અમરનાથ યાત્રાની જેમ ચારધામ યાત્રામાં રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન સિસ્ટમ લાગુ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. ચારધામ યાત્રામાં હવે શ્રદ્ધાળુઓની દરેક હિલચાલ પર ડિજિટલ દેખરેખ રાખવાની તૈયારી છે. અમરનાથ યાત્રાની જેમ રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન (RFID) સિસ્ટમ લાગુ કરવાનો સુચન આપવામાં આવ્યું છે, જેનાથી પ્રશાસનને દરેક સમયે એ ખબર રહેશે કે કયો યાત્રી ક્યાં છે અને કયા રૂટ પર કેટલી ભીડ છે. આનાથી આપત્તિ અને ભીડ વ્યવસ્થાપન બંનેમાં ઘણી મદદ મળશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (NDMA) એ ચારધામ યાત્રામાં આવનારા શ્રદ્ધાળુઓને RFID ટેગ આપવાની ભલામણ કરી છે. આ ટેગ યાત્રીઓની લોકેશન ટ્રેક કરશે, જેનાથી પ્રશાસનને રીઅલ ટાઈમમાં દરેક યાત્રીની સ્થિતિની જાણકારી મળી શકશે. યાત્રા માર્ગ પર વિવિધ સ્થળોએ RFID રીડર લગાવવામાં આવશે. જેવો કોઈ શ્રદ્ધાળુ આ પોઈન્ટ્સ પરથી પસાર થશે, તેની જાણકારી આપોઆપ સ્કેન થઈને કંટ્રોલ રૂમ સુધી પહોંચી જશે. આનાથી પ્રશાસનને રીઅલ ટાઈમમાં એ ખબર રહેશે કે કયો યાત્રી ક્યાં છે, કયા રૂટ પર કેટલી ભીડ છે અને કયા સમયે કયું ધામ વધુ વ્યસ્ત છે.



પહેલેથી લાગુ સિસ્ટમ, હવે વધુ સખ્તાઈ

વર્તમાનમાં ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન, ગ્રીન કાર્ડ અને ટ્રિપ કાર્ડની વ્યવસ્થા પહેલેથી લાગુ છે, જેમાં યાત્રીઓની સંપૂર્ણ વિગતો નોંધવામાં આવે છે, યાત્રાની તારીખ અને સ્વાસ્થ્ય સંબંધિત માહિતી લેવામાં આવે છે અને NPR કેમેરા દ્વારા વાહનોની દેખરેખ રાખવામાં આવે છે. હવે RFID સિસ્ટમ જોડાવાથી આ દેખરેખ વધુ સચોટ અને અસરકારક બનશે. NDMA ના મુખ્ય સલાહકાર મેજર જનરલ સુધીર બહલે જણાવ્યું છે કે 60 વર્ષથી વધુ ઉંમરના યાત્રીઓ માટે મેડિકલ સર્ટિફિકેટ ફરજિયાત કરવામાં આવે. સાથે જ હેલિકોપ્ટર રેસ્ક્યુ ઓપરેશનના SOPને મજબૂત કરવા અને CCTV ફૂટેજનું AI દ્વારા વિશ્લેષણ કરીને ભીડનો સચોટ અંદાજ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે.

આફત સમયે 'છેલ્લા લોકેશન' થી તાત્કાલિક મદદ

RFID સિસ્ટમનો સૌથી મોટો ફાયદો સંકટની સ્થિતિમાં સામે આવશે. જો કોઈ શ્રદ્ધાળુ રસ્તો ભટકી જાય, અચાનક બીમાર પડી જાય અથવા ગુમ થઈ જાય, તો સિસ્ટમમાં નોંધાયેલું તેનું છેલ્લું લોકેશન તરત જ ટ્રેસ કરી શકાશે. આનાથી રેસ્ક્યુ ટીમ સમય ગુમાવ્યા વિના ચોક્કસ સ્થળ સુધી પહોંચી શકશે, શોધખોળમાં લાગતો સમય ઘટશે અને ગંભીર પરિસ્થિતિઓમાં જીવ બચાવવાની સંભાવના પણ ઘણી વધી જશે.

RFID સિસ્ટમ આ રીતે કામ કરશે

રજીસ્ટ્રેશન સમયે દરેક યાત્રીને RFID કાર્ડ અથવા ટેગ આપવામાં આવશે, જેમાં નામ, ઉંમર અને યાત્રા રૂટ સંબંધિત ડિજિટલ જાણકારી નોંધાયેલી રહેશે. યાત્રા માર્ગ પર ઠેર ઠેર લાગેલા રીડર આ ટેગને સ્પર્શ કર્યા વિના સ્કેન કરશે અને દરેક સ્કેન પછી ડેટા સીધો કંટ્રોલ રૂમ સુધી પહોંચી જશે, જેનાથી યાત્રીઓની અવરજવર પર સતત નજર રાખી શકાશે. આ સિસ્ટમથી યાત્રીઓની સુરક્ષામાં મોટો સુધારો થશે, ભીડ નિયંત્રણ સરળ બનશે અને સંકટની સ્થિતિમાં ઝડપથી બચાવ શક્ય બનશે. સાથે જ નકલી એન્ટ્રી પર પણ અસરકારક રીતે રોક લગાવી શકાશે, જેનાથી સંપૂર્ણ યાત્રા વ્યવસ્થા વધુ સુરક્ષિત અને વ્યવસ્થિત બનશે.

# નીતિશ કુમારે રાજીનામા પહેલાં CM હાઉસ ખાલી કર્યું:7 સર્ક્યુલર રોડ બંગલામાં શિફ્ટ થઈ રહ્યો છે સામાન, લાલુ યાદવના પાડોશી બનશે

**પટના, તા.11**

મુખ્યમંત્રી નીતિશ કુમાર રાજીનામા પહેલાં CM હાઉસ ખાલી કરી રહ્યા છે. 1 અણે માર્ગથી સામાન 7 સર્ક્યુલર રોડ બંગલામાં શિફ્ટ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી આવાસમાંથી ટ્રેક્ટર ટ્રોલીમાં સામાન લઈ જવામાં આવી રહ્યો છે. નીતિશ કુમારે 10 એપ્રિલે રાજ્યસભા સાંસદ તરીકે શપથ લીધા. સૂત્રોનું માનીએ તો નીતિશ 14 એપ્રિલે CM પદ પરથી રાજીનામું આપી શકે છે. 15 એપ્રિલે બિહારમાં નવી સરકાર બની શકે છે. CM પદ પરથી હટ્યા પછી નીતિશ કુમાર લાલુ યાદવના પાડોશી બની જશે. 7 સર્ક્યુલર રોડ આવાસનો ઉપયોગ હજુ નીતિશ કુમાર જ કરી રહ્યા છે. તેનો CM ઓફિસ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. નીતિશે પોતાની દેખરેખ હેઠળ આ બંગલો બનાવડાવ્યો હતો. આ ભૂકંપના આંચકા સહન કરી શકે છે.

નીતિશ કુમારનો 7 સર્ક્યુલર રોડવાળા બંગલા સાથે શું સંબંધ છે? શું ખાસિયત છે? વાંચો રિપોર્ટ

નીતિશ કુમારને 7 સર્ક્યુલર રોડ બંગલો પસંદ છે

નીતિશ કુમારને 7 સર્ક્યુલર રોડ વાળો બંગલો પસંદ છે. 2014ની લોકસભા ચૂંટણી હાર્યા પછી તેમણે CM પદ છોડી દીધું હતું. જીતન રામ માંઝીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. ત્યારબાદ રહેવા માટે 7 સર્ક્યુલર રોડ બંગલામાં આવી ગયા હતા. આ જ બંગલામાં રહેતા નીતિશે જીતન રામ પાસેથી મુખ્યમંત્રીની ખુરશી પાછી લઈ લીધી હતી. 2015ની વિધાનસભામાં જીત નોંધાવી અને મુખ્યમંત્રી બન્યા હતા.



CM બન્યા પછી નીતિશ 1 અણે માર્ગ ગયા, પરંતુ 7 સર્ક્યુલર બંગલો પોતાની પાસે જ રાખ્યો. વિપક્ષે 2 બંગલા રાખવાનો આરોપ લગાવ્યો તો તેને મુખ્ય સચિવના નામે ફાળવવામાં આવ્યો. નીતિશે પોતાની દેખરેખ હેઠળ આ બંગલાનું ભૂકંપ પ્રતિરોધક નિર્માણ કરાવ્યું હતું.

લાલુ યાદવના પાડોશી બનશે નીતિશ કુમાર

નીતિશ કુમાર 7 સર્ક્યુલર રોડમાં શિફ્ટ થઈ રહ્યા છે. હવે તેઓ લાલુ યાદવના પાડોશી બનશે. અહીંથી તેમનો બંગલો માત્ર બે ઘર પછી છે. બંને વચ્ચેનું અંતર આશરે 200 મીટર હશે. બંને ઘર સર્ક્યુલર રોડની દક્ષિણ દિશામાં છે.

7 સર્ક્યુલર રોડવાળા બંગલાની ખાસ વાતો

7 સર્ક્યુલર રોડનો આખો વિસ્તાર હાઈ સિક્યોરિટી ઝોન છે. ચારેય બાજુ ઊંચી દીવાલ અને પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યા છે.

સીસીટીવી કેમેરાની મદદથી નજર રાખવામાં આવે છે.

પોલીસ અને વિશેષ સુરક્ષા દળ તૈનાત કરવામાં આવ્યા છે. મહેમાનો માટે અલગ ગેટ અને ચેકિંગ વ્યવસ્થા છે.

બંગલામાં 6 VIP બેડરૂમ છે. 2 મોટા ડ્રોઈંગ અને મીટિંગ હોલ છે. એક મોટો ડાઈનિંગ હોલ છે.

મુખ્ય ભવનની સામેથી લઈને પાછળના ભાગ સુધી લોન ફેલાયેલું છે.

લોનની વચ્ચે એક નાનું તળાવ છે, જ્યાં છઠ પૂજાના સમયે અર્ઘ્ય આપવામાં આવે છે.

# દાવો-કેનેડાના દુશ્મનોને મળ્યા અમેરિકાના અધિકારીઓ : અલ્બર્ટાને આઝાદ દેશ બનાવવાના પ્રયાસમાં અલગતાવાદીઓ

**કેનેડા, તા.11**

કેનેડા અને અમેરિકાના સંબંધોમાં એક નવો વિવાદ શરૂ થયો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકાના અધિકારીઓએ કેનેડાના આલ્બર્ટા પ્રાંતને અલગ દેશ બનાવવાની માંગ કરી રહેલા અલગતાવાદી જૂથના નેતાઓ સાથે મુલાકાત કરી. ફાઈનાન્સિયલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, ગયા વર્ષે એપ્રિલથી અત્યાર સુધી અમેરિકી વિદેશ વિભાગના અધિકારીઓ ત્રણ વખત આલ્બર્ટાના અલગતાવાદી નેતાઓને મળ્યા છે. આ નેતાઓ આલ્બર્ટાને કેનેડાથી અલગ કરીને એક સ્વતંત્ર દેશ બનાવવાની હિમાયત કરી રહ્યા છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કરીને કેનેડાની સાર્વભૌમત્વનું સન્માન કરવા જણાવ્યું હતું. કાર્નીએ કહ્યું કે તેમને આશા છે કે અમેરિકી પ્રશાસન કેનેડાના આંતરિક મામલાઓમાં દખલ નહીં કરે. કેનેડાથી આઝાદીની માંગ કરી રહેલા આ જૂથનું નામ આલ્બર્ટા પ્રોસ્પરિટી પ્રોજેક્ટ (APP) છે. આ સંગઠન આલ્બર્ટાની આઝાદી માટે જનમત સંગ્રહ (રેફરન્ડમ) કરાવવાની માંગ કરી રહ્યું છે. APPના નેતા અને સહ-સ્થાપક જેફ્રી રથે આલ્બર્ટાની આઝાદી માટે અમેરિકા પાસેથી 500 મિલિયન ડોલરની મદદ માંગી છે.



તેમણે 23 જાન્યુઆરીએ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે તેઓ આવતા મહિને અમેરિકી ટ્રેઝરી વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન અમેરિકા પાસેથી આ રકમને લોન તરીકે માંગવામાં આવશે. BBC સાથેની વાતચીતમાં જેફ્રીએ જણાવ્યું કે આલ્બર્ટા આઝાદ થશે ત્યારે આ પૈસાનો ઉપયોગ કરવામાં આવશે. આલ્બર્ટા પશ્ચિમી કેનેડાનો તેલ-સમૃદ્ધ પ્રાંત છે. તેની વસ્તી લગભગ 50 લાખ છે. CNNના રિપોર્ટ અનુસાર અહીં કેનેડાના કુલ ક્રૂડ ઓઈલ ઉત્પાદનનો લગભગ 84% હિસ્સો નીકળે છે. આ પ્રાંત લાંબા સમયથી પોતાને એનર્જી પ્રાંત" તરીકે જોતો રહ્યો છે. અલગતાવાદીઓનું કહેવું છે કે કેનેડા સરકારની આબોહવા નીતિઓ આલ્બર્ટાના તેલ ઉદ્યોગને નુકસાન પહોંચાડી રહી છે. તેમનો આરોપ છે કે આલ્બર્ટામાંથી સરકારને ભારે ટેક્સ મળે છે, જ્યારે બદલામાં રાજ્યને ઓછી આર્થિક સહાય મળે છે. રિપોર્ટ મુજબ આલ્બર્ટામાં લોકો પરંપરાવાદી છે.

# બીમારીનું કહી લેડી ડોક્ટરોને પ્રાઈવેટ પાર્ટ બતાવતો, અડવાનું કહેતો : કોઈ બીમારી ન હોવાનું જણાતા ત્યાંથી ભાગી જતો

**જલંધર, તા.11**

કેનેડામાં એક યુવકના નકલી પંજાબી નામથી લેડી ડોકટરો સાથે અશ્લીલ હરકતો કરવાના કેસનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ યુવકને ડિસેમ્બર મહિનામાં અરેસ્ટ કર્યો હતો. પરંતુ, તે ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્રોલ કરવામાં આવવા લાગ્યો. કેનેડાની પીલ રિજનલ પોલીસ અનુસાર, આરોપી પ્રાઈવેટ પાર્ટમાં બીમારીના બહાને હોસ્પિટલમાં જતો. ત્યાં લેડી ડોક્ટરને મળતો અને ક્લિનિક જઈને બધા કપડાં ઉતારી દેતો. પછી લેડી ડોક્ટરને પ્રાઈવેટ પાર્ટને અડવાનું કહેતો. જેનાથી ખબર પડતી કે તેને કોઈ બીમારી નથી. ભાંડો ફૂટતા જ તે ત્યાંથી ભાગી જતો.

આવું એક-બે નહીં પણ તેણે ઘણી લેડી ડોકટરો સાથે કર્યું. ત્યારે એક લેડી ડોક્ટરે તેની ફરિયાદ કરી દીધી તો આખા મામલાનો પર્દાફાશ થયો. હવે વૈભવમાંથી આકાશદીપ સિંહ બનેલા આરોપી યુવકને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

પોલીસ લેડી ડોકટરોને સામે આવવાની અપીલ કરી રહી છે. કેનેડાની સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર રૂબી ભસીને પણ 15 માર્ચે વીડિયો પોસ્ટ કરીને ડોકટરોને સામે આવવાની અપીલ કરી છે.

5 પોઈન્ટમાં જાણો યુવકના ક્રાઈમની પૂરી કહાણી

ઓળખ છુપાવવા માટે નકલી ID કાર્ડ બનાવ્યા: આ કેસની કહાની નકલી ઓળખપત્રો બનાવવાથી શરૂ થાય છે. ભારતીય મૂળના યુવક વૈભવે સામાન્ય પંજાબી નામ આકાશદીપ સિંહના નામે નકલી ઓળખપત્રો બનાવ્યા. તેણે માત્ર પોતાનું નામ જ બદલ્યું ન હતું, પરંતુ નકલી



ID અને દસ્તાવેજો પણ તૈયાર કર્યા હતા. પોલીસે જણાવ્યું કે આરોપીએ આવું એટલા માટે કર્યું જેથી ફરિયાદ થાય તો પણ તે ધરપકડથી બચી શકે.

ક્લિનિક્સની રેકી કરીને લેડી ડોક્ટર જ પસંદ કરતો: પ્રાઈવેટ પાર્ટ બતાવવા માટે વૈભવ પહેલા ક્લિનિકની રેકી કરતો હતો. ત્યારબાદ તે તપાસ કરતો કે અહીં લેડી ડોક્ટર છે કે નહીં. ત્યારબાદ તે દર્દી બનીને જતો અને બીમારીનો ઢોંગ કરતો. તે એવી કાલ્પનિક બીમારીઓનો ઉલ્લેખ કરતો, જેમાં ડોક્ટરને દર્દીના અંગોને સ્પર્શીને તપાસ કરવી જરૂરી બની જાય.

લેડી ડોકટરો સામે કપડાં ઉતારી દેતો: કેનેડાની પીલ રિજનલ પોલીસના જણાવ્યા અનુસાર, જ્યારે મહિલા ડોકટરો તેને ચેકઅપ માટે બોલાવતી, ત્યારે વૈભવ પોતાના કપડાં ઉતારી દેતો. પોલીસના જણાવ્યા અનુસાર, તે ચેકઅપના બહાને ડોકટરોને તેને સ્પર્શ કરવા કહેતો. ઘણી વખત ડોકટરો સાથે અશ્લીલ હરકતો કરવાના પણ આરોપો છે.

દર વખતે નવા ક્લિનિકમાં જતો: પીલ રિજનલ પોલીસના જણાવ્યા અનુસાર, આ કોઈ એક વખતની ભૂલ નહોતી. વૈભવે આ પેટર્નને મિસિસાગાના ઘણા અલગ-અલગ ક્લિનિક્સમાં પુનરાવર્તિત કરી. તે દર વખતે નવા ક્લિનિકમાં જતો, નવું બહાનું બનાવતો અને પોતાની અશ્લીલ હરકતોને અંજામ આપીને ત્યાંથી નીકળી જતો.

ફરિયાદ પર પોલીસે કરી ધરપકડ: જેમ જેમ ફરિયાદો વધી, પીલ રિજનલ પોલીસનું 12મું ડિવિઝન ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન બ્યુરો સક્રિય બન્યું. સીસીટીવી ફૂટેજ અને નકલી દસ્તાવેજોની કડીઓને જોડતા પોલીસે યુવકને 4 ડિસેમ્બર, 2025ના રોજ પકડી પાડ્યો. ધરપકડ બાદ જાણવા મળ્યું કે ફરિયાદો આકાશદીપ સિંહના નામથી આવી રહી હતી પરંતુ ખરેખર તેનું નામ વૈભવ છે. તેણે છેતરપિંડી કરવા માટે જ આ રીતે પોતાનું નામ બદલ્યું હતું.

ધરપકડ બાદ યુવક પર શું કાર્યવાહી થઈ પીલ રિજનલ પોલીસના જણાવ્યા અનુસાર યુવક વૈભવ 36 વર્ષનો છે. તે મૂળ રૂપે ભારતનો રહેવાસી છે. જોકે, તેને કેનેડાની નાગરિકતા મળેલી છે.

# તંત્રી લેખ

## મૂછને આંકડા, બ્લેકફિલ્મવાળી બ્રેઝા અને નકલી પોલીસનો રોફ

મૂંછને આંકડાવાળી, બ્લેકફિલ્મવાળી બ્લેક કલરની બ્રેઝા કાર લઈને આણંદની બજારમાં ફરીને પોતે પોલીસ જવાન હોવાનું જણાવીને રોફ જમાવતા નકલી પોલીસ કોન્ટેબલને અસલી પોલીસે ઝડપી પાડ્યો છે. નકલી પોલીસ બનીને ફરતા યુવકનો રોફ એટલો બધો હતો કે અસલી પોલીસ પહોંચી તોય પોતે પોલીસમાં હોવાનું જણાવીને રોફ જમાવ્યો હતો અને આટલાથી ઓછું હોય એમ એની પાસે રહેલું આઈકાર્ડ પણ બતાવ્યું હતું, જોકે અસલી પોલીસે યુવકને ક્યાં ફરજ બજાવે છે એવું પૂછતાં આખો ભાંડો ફૂટી ગયો હતો. ઘટનાની વિગતે વાત કરીએ તો... ગઈકાલે સાંજના સમયે આણંદ ટાઉન પોલીસને બાતમી મળી હતી કે શહેરના તુલસી ગરનાળા નજીક આકાશ ટાઉનશિપ તરફના રોડ પર (GJ-23-CJ-8843) નંબરની કાળા કાચ અને કાળા કલરની બ્રેઝા ગાડીમાં એક શખસ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી રહ્યો છે, જોકે તે પોલીસ નથી. તેની પાસે બનાવટી પોલીસ આઈડી અને પોલીસ લખેલી પ્લેટ પણ છે. અસલી પોલીસ સામે પણ પોતે પોલીસમાં હોવાનો દાવો કર્યો, બાતમીના આધારે પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં બાતમી મુજબની ગાડી પાર્ક કરેલી હતી અને એમાં એક વ્યક્તિ બેઠેલી હતી. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર (રહે. રઘુકુળ સોસાયટી, મોગર, તા.આણંદ) જણાવ્યું હતું અને પોતે પોલીસમાં હોવાનો દાવો કરી પેન્ટના ખિસ્સામાંથી ગુજરાત પોલીસનું આઈડી કાર્ડ બતાવ્યું હતું. ફરજના સ્થળ વિશે પૂછતાં આરોપીની પોલ ખૂલી, જોકે પોલીસે ફરજના સ્થળ વિશે પૂછપરછ કરતાં સુરેન્દ્રસિંહ ભાંગી પડ્યો હતો અને તેણે કબૂલ્યું હતું કે આ પોલીસ આઈડી કાર્ડ બનાવટી છે. પોલીસે તેની અટકાયત કરી તલાશી લેતાં તેના ખિસ્સામાંથી બે મોબાઈલ ફોન તેમજ મીડિયાનું આઈડી કાર્ડ મળ્યાં હતાં.ગાડીમાંથી પોલીસ લખેલી નેમપ્લેટ પણ મળી, વધુમાં તેની ગાડીમાંથી લાલ તથા વાદળી કલરના રેડિયમ પટ્ટાવાળી અંગ્રેજીમાં 'પોલીસ' લખેલી પ્લેટ પણ મળી આવી હતી, જે પોલીસે જપ્ત કરી છે. પકડાયેલા સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 204, 205, 336(2), 340(2) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.નકલી આઈકાર્ડ પર ફોટો પણ હતો, સુરેન્દ્રસિંહ પાસેથી મળેલું બનાવટી પોલીસ આઈડી. કાર્ડમાં ઓળખપત્ર નંબર 961 અને ઈસ્યુ તારીખ 28/05/2014 દર્શાવવામાં આવી હતી. કાર્ડધારકનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ અને હોદ્દો 'પોલીસ કોન્સ્ટેબલ' એમ અંગ્રેજી ભાષામાં લખેલું હતું તેમજ કાર્ડ પર સુરેન્દ્રસિંહનો ફોટો પણ હતો. 'હું ક્રાઈમ બ્રાન્ચમાં છું, તારી પર કેસ થયો છે' ત્રણેક દિવસ અગાઉ રાજકોટમાં નકલી પોલીસ બની લોકોને લૂંટી લેતા શખસે એક જગ્યાએ 20 હજારનો તોડ કરતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો, જોકે નકલી પોલીસ બનીને ગયેલા શખસને અસલી પોલીસે પીછો કરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ શખસ પર અગાઉ 5-5 વખત નકલી પોલીસ બની તોડ કરવાના કેસમાં એક વખત પાસા હેઠળ પણ ધકેલાઈ ચૂક્યો હતો. આમ છતાં ફરી જેલમાંથી બહાર આવી પોલીસના નામે લૂંટ ચલાવતાં આખરે પોલીસે તેને છઠ્ઠી વખત ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# 1919ની 13 એપ્રિલએ ઘટેલી જલિયાંવાલા બાગની ઘટના માનવતા હિન કૃત્ય છે!




સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ઈતિહાસને પાને એવી કેટલીય ગોઝારી ઘટના હશે કે, જેને વિશે સાંભળતા આજે પણ આપણાં રૂંવાડા ઊભાં થઈ જાય, અને મનમાં અરેરાટી વ્યાપી જાય! આવી જ એક ઘટના 13 એપ્રિલ 1919ની જલિયાંવાલા બાગની! આ દિવસને ઈતિહાસનો સૌથી ક્રૂર દિવસ એટલે કે કાળો દિવસ માનવામાં આવે છે, જેમાં નિર્દોષ નિશસ્ત્ર લોકો પર 15 મિનિટ સુધી ફાયરિંગ કર્યું હતું. પંજાબનાં મહત્વનાં તહેવાર બૈસાખી ને દિવસે અમૃતસર પંજાબમાં રોલેટ એક્ટ નાં વિરોધમાં શાંતિપૂર્ણ રીતે એકઠા થયેલા ભારતીયો પર જનરલ ડાયરે અંધાધૂંધ ગોળીબાર કરી, આ હત્યાકાંડ સર્જ્યો હતો! રોલેટ એક્ટ અંતર્ગત ડો સત્યપાલ અને ડો સૈફુદીનની ધરપકડ કરવામાં આવી, અને એના વિરોધમાં ભારતીયો એકઠા થયાં હતાં. કોઈપણ જાતની ચેતવણી આપ્યા વગર બ્રિગેડિયર જનરલ રેજિનાલ્ડ ડાયર એ ગોરા કાળા ના ખૂનન્સ થી 1650 રાઉન્ડ ફાયરિંગ કરાવ્યું! આ વિરોધમાં 1200 લોકો મરી ગયાં, અને 3600 લોકો ઘાયલ થયાં હતાં. કેટલાંક લોકોએ અંગ્રેજોનાં હાથમાં નથી આવવું એવું વિચારીને બાગમાં આવેલાં કૂવામાં પડતાં હતાં. કેટલાંક લોક બાગની દિવાલ ઠેકીને જીવ બચાવવા ભાગી ગયા! કેટલાંક ને આજુબાજુના લોકોએ દોરડા નાખીને બચાવી લીધા, જોકે મરનાર અને ઘાયલની સંખ્યામાં મતમતાંતર છે.

જલિયાંવાલા બાગની આ ગોઝારી ઘટનાં આઝાદી માટેનો એક ટર્નિંગ પોઈન્ટ માનવામાં આવે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરને બ્રિટિશ સરકાર તરફથી આપવામાં આવેલો નાઈટ હૂડનો ખિતાબ એમણે બ્રિટિશ સરકારને પાછો આપી દીધો. ગાંધીજી એ પણ અસહકારની લડત શરૂ કરી! અને એથી વધુ પંજાબમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બળવત્તર બની અને જેણે ઘણીવખત અંગ્રેજોનું નુકસાન કર્યું.

આપણને સવાલ થાય કે આ રોલેટ એક્ટ શું છે? અને ભારતીયો એ એનો આટલાં મોટાં પાયે વિરોધ શું કામ કર્યો! આપણાં જ દેશમાં આપણે લગભગ ગુલામ બની રહેવાનું! એટલે દેશને લગતી એકપણ બાબત પર આપણને બોલવાંનો અધિકાર છીનવી લેતો કાયદો એટલે કે રોલેટ એક્ટ, અને આ દમનકારી કાયદો કોને મંજૂર હોય?: હકીકતમાં થયું એવું કે આપણે સારા હોઈએ તો સામેવાળો પણ આપણને સારો જ લાગે! અથવા તો આટલું ખરાબ કરશે એવી આશંકા તો ન જ હોય! અને એટલે બીજાં વિશ્વયુદ્ધ વખતે બ્રિટિશરો ભારતમાંથી અમુક ધરાર ખડકાયેલા કાયદાઓ પાછાં ખેંચી લેશે એવાં આપેલા વચનની આશા હતી, એટલે ગાંધીજીએ પૂરતી મદદ કરી હતી, પણ બ્રિટિશરો એ એનો અમલ કર્યો નહીં, અને એમાંનો એક કાયદો એટલે રોલેટ એક્ટ! 1919 માં મોટા ભાગનાં રાજકીય પક્ષો તથા અન્ય બિન સરકારી સભ્યોનાં વિરોધ છતાં સરકારે પોતાની બહુમતીથી અન્યાયી રોલેટ એક્ટને મંજૂરી આપી દીધી. જેમાં ભારતીયો પાસેથી વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્યને છીનવી લેવામાં આવ્યું! અને ભારતભરનાં મુખ્ય મુખ્ય શહેરોમાં એનો બહુ મોટે પાયે વિરોધ થયો, આ ધારાના અમલ સામે મહાસભા તથા મુસ્લિમ લીગ સહિતનાં મોટા ભાગનાં પક્ષોએ પ્રચંડ



વિરોધ વ્યક્ત કર્યો. ગાંધીજીનાં આદેશ મુજબ આ જુલમી ધારા સામે 6ઠ્ઠી એપ્રિલ, 1919ના રોજ દેશભરમાં સભાઓ, મહાસભા, સરઘસો, દેખાવો તથા હડતાળોનું આયોજન કરવામાં આવ્યું. દિલ્હી, અમૃતસર, મુંબઈ, અમદાવાદ તથા અન્ય સ્થળોએ અંગ્રેજો વિરુદ્ધ હિંસક તોફાનો ફાટી નીકળ્યાં. કેટલાક લોકોએ જાન ગુમાવ્યાં, તથા લાખોની મિલકતને નુકસાન કરવામાં આવ્યું. પંજાબમાં આ રોલેટ એક્ટ વિરુદ્ધ બહુ તોફાન થયાં, અને ઠેરઠેર લાઠીચાર્જ કે ગોળીબાર કર્યા અને એમાં ઘણા મૃત્યુ પામ્યાં, થોડાં બ્રિટિશ સૈનિકો પણ મૃત્યુ પામ્યા! એમણે ડો સત્યપાલ અને સૈફુદીન ની ધરપકડ કરી, એને પંજાબ બહાર મોકલી દીધાં, આમ અગ્રણી ભારતીય નેતાઓની ધરપકડ કરીને તેમને શહેરમાંથી કાઢી મૂકવામાં આવ્યા હોવાનાં, સમાચારથી 10 એપ્રિલના રોજ હિંસક વિરોધ પ્રદર્શનો શરૂ થયાં, જેમાં સૈનિકોએ નાગરિકો પર ગોળીબાર કર્યો, ઈમારતોલૂંટી લેવામાંઆવી અને બાળી નાખવામાં આવી, અને ગુસ્સે ભરાયેલાં ટોળાએ ઘણા વિદેશી નાગરિકોને મારી નાખ્યાં અને એક ખ્રિસ્તી મિશનરીને ગંભીર રીતે માર માર્યો,અને વધુ તોફાન થયાં. જનરલ એ શહેરને લશ્કરનાં હવાલે કરી દીધું! બ્રિગેડિયર જનરલની આગેવાની હેઠળ અનેક ડઝન સૈનિકોની એક ટુકડી એક ટૂકડી જલિયાંવાલાબાગમાંપ્રવેશી.રેજિનાલ્ડ એડવર્ડ હેરી ડાયરનેવ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. લેવામાં આવેલા પગલાંમાં જાહેર મેળાવડા પર પ્રતિબંધનો સમાવેશ થતો હતો, પરંતુ પહેલાં ટોળાને વિખરાઈ જવાની જાહેરાત કરવામાં આવે, પરંતુ અહીં એવી કોઈ જ જાહેરાત થઈ નહીં, અને એક હિંસક વૃત્તિ પ્રબળ બનતાં આ હત્યા કાંડ સર્જાયો. જલિયાંવાલા બાગમાં એ દિવસે આશરે 10,000 લોકો વિરોધ માટે ભેગા થયા હતાં! પણ આ સ્થળ નું નામ જ બાગ હતું, અહીં એક જ દ્વાર હતું અને દસ દસ ફૂટ ઉંચી દિવાલો હતી, કોઈજ ચેતવણી વગર ગોળીબાર કરી મૃતકો અને ઘાયલો ને તડપતા છોડીને સૈનિકો અને જનરલ ડાયર પાછો દ્વાર લોક કરી ત્યાંથી નીકળી ગયા! અને પછી તો પંજાબમાં આનો વિરોધ કરનારને જાહેરમાં કોરડા મારવાં વગેરે થતાં ભારત સરકારે આ ઘટનાની તપાસનો આદેશ આપ્યો, અને જનરલ એડમાયર્ડ ડાયરનું રાજીનામું લેવામાં આવ્યું! પરંતુ બ્રિટિશ સરકારમાં આ ઘટના માટે મિશ્ર પ્રતિભાવ રહ્યો ઘણાંએ નિંદા કરી અને ઘણાએ એને આ કાર્ય માટે 'પંજાબના તારણહાર' લખેલી તલવારની ભેટ આપી, એવો પણ એક અહેવાલ મળે છે. આમ 13 એપ્રિલ દરેક ભારતીય માટે એક કડવી યાદ બનીને આવે છે! આવાં તો કેટલાંય બલિદાન પછી આઝાદી મળી છે, પણ આપણે આઝાદીના લડવૈયાની નિંદા કરતી વખતે આ બધું જ ભૂલી જઈએ છીએ.

1919 અને આજે 2026 એટલે કે એક સદી ઉપરનો સમય વિતી ગયો! પરંતુ માનવીની માનસિકતા હજી ત્યાંની ત્યાં જ છે કે, નબળા પર બળપૂર્વક આક્રમણ કરી પોતાની મહત્તા સ્થાપવી. આજે પણ વિશ્વ આખું યુદ્ધના ભણકારાથી થરથરી રહ્યું છે! કારણ કે આપણે જોયું એમ યુદ્ધ ગમે ત્યાં થાય પણ એનાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ પરિણામો તો આખાં વિશ્વએ ભોગવવા જ પડે! અને કોણ જાણે આપણે ભવિષ્યમાં કેવાં કેવાં મુકામ પરથી પસાર થવું પડે.

આપણે ત્યાં એક કહેવત છે કે જર, જમીન, અને જોરુ, છે કજિયા નાં છોરું! અને આપણી સંસ્કૃતિનો સતયુગ થી શરૂ કરીને કળિયુગ સુધીનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, મોટાભાગનાં યુદ્ધ પણ આ ત્રણ કારણોથી જ થયાં હતાં.! સતયુગમાં મહિષાસુર અને શુંભ નિશુંભ નું મહાકાળી દુર્ગા સાથેનું યુદ્ધ, પછી ત્રેતા યુગમાં મા ભગવતી સીતા માટે રામ રાવણનું યુદ્ધ, એનું મૂળ કૈકેયી નાં મનમાં રહેલી સત્તાની લાલસા! દ્વાપર યુગમાં મહાભારતનું યુદ્ધ! જે દ્રૌપદીનાં અપમાનનો બદલો લેવા માટે થયું હતું, પરંતુ એના મૂળમાં પણ દુર્યોધનના મનમાં સત્તાની લાલચ. શિવાજી મહારાજનું મોગલ સમ્રાટ સામે યુદ્ધ, ચંદ્રગુપ્ત મૌર્યનું પાટલીપુત્ર પર આક્રમણ કે પછી વર્તમાન યુગમાં તો પ્રથમ વિશ્વયુદ્ધ, બીજું વિશ્વયુદ્ધ, અને આપણે પણ કેટલાં નાના યુદ્ધ કર્યા, પાકિસ્તાન અને ચીન એ આપણી મહત્વની જમીન પર કબજો કરી લીધો! મૂળ વાત જલિયાંવાલા બાગની દુર્ઘટના સંદેશ આપે છે કે, સત્તાની આડમાં માનવતાનું બલિદાન ક્યારેય ન ચડવું જોઈએ! જય હિન્દ.

## 15 એપ્રિલ સુધી સાબરમતી રેલવે સ્ટેશન પર નવા પ્રવેશ તથા નિકાસ દ્વાર ની વ્યવસ્થા




અમદાવાદ, તા. 21

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશનના પુનર્વિકાસનું કાર્ય ઝડપી ગતિએ પ્રગતિ પર છે. સાબરમતી બીજી (ધરમનગર સાઈડ) તરફની નવી સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ લગભગ પૂર્ણ થઈ ગયું છે જ્યારે અન્ય પુનર્વિકાસ કાર્યો પ્રગતિ પર છે. યાત્રીઓની સુવિધા તથા ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ રાખવાના ઉદ્દેશ્યથી 15 એપ્રિલ, 2026 સુધી આગમન તથા પ્રસ્થાન માટે નવા પ્રવેશ અને નિકાસ દ્વાર તેમજ પિક-અપ અને ડ્રોપની વ્યવસ્થા કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે:

1. પ્રસ્થાન કરનાર યાત્રીઓ માટે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા

પ્રવેશ દ્વાર: યાત્રીઓના વાહનોનો પ્રવેશ એમએમટીએસ બિલ્ડિંગ (બુલેટ ટ્રેન સ્ટેશન) નજીકથી કરવામાં આવી રહ્યો છે. (ડાયગ્રામમાં દર્શાવેલી ગ્રીન લાઈન મુજબ) યાત્રી નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ કરીને લિફ્ટ, એસ્કેલેટર તથા સીડીઓના માધ્યમથી સેકન્ડ ફ્લોર પરથી તમામ પ્લેટફોર્મ પર જઈ શકે છે. યાત્રીઓને ડ્રોપ કરવા આવતા વાહનો જૂના પ્રવેશ દ્વાર મારફતે બહાર નીકળી શકે છે. પ્રસ્થાન કરનાર યાત્રીઓ માટે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા પ્રવેશ દ્વાર: યાત્રીઓના વાહનોનો પ્રવેશ એમએમટીએસ બિલ્ડિંગ (બુલેટ ટ્રેન સ્ટેશન) નજીકથી કરવામાં આવી રહ્યો છે. (ડાયગ્રામમાં દર્શાવેલી ગ્રીન લાઈન મુજબ) યાત્રી નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ કરીને લિફ્ટ, એસ્કેલેટર તથા સીડીઓના માધ્યમથી સેકન્ડ ફ્લોર પરથી તમામ પ્લેટફોર્મ પર જઈ શકે છે. યાત્રીઓને ડ્રોપ કરવા આવતા વાહનો જૂના પ્રવેશ દ્વાર મારફતે બહાર નીકળી શકે છે.

2. આગમન કરનારા મુસાફરો માટે નિકાસ તથા પિક-અપ વ્યવસ્થા

3. નિકાસ દ્વાર : મહેસાણા સાઈડ ફૂટ ઓવર બ્રિજની નજીકથી નિકાસની વ્યવસ્થા કરવામાં આવી છે. (ડાયગ્રામમાં દર્શાવેલી પર્પલ લાઈન મુજબ) આ જ સ્થાન પર યાત્રીઓ માટે પિક-અપ ઝોન પણ બનાવવામાં આવ્યો છે.

3. પાર્કિંગ સુવિધા

યાત્રીઓની સુવિધા માટે નિકાસ દ્વાર નજીક બે સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

4. પ્લેટફોર્મ કનેક્ટિવિટી

દરેક પ્લેટફોર્મ (PF-1 થી PF-7) બંને ફૂટ ઓવર બ્રિજથી કનેક્ટેડ છે. (હાલમાં PF-2 અને PF-3 પરથી ટ્રેનોનું સંચાલન પુનર્નિર્માણ કાર્યના કારણે બંધ છે)

5. નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં યાત્રી સુવિધાઓ

ગ્રાઉન્ડ ફ્લોર: અનારક્ષિત ટિકિટ બુકિંગ (UTS)

ફર્સ્ટ ફ્લોર: આરક્ષિત ટિકિટ બુકિંગ (PRS)

સેકન્ડ ફ્લોર: પ્રતીક્ષાલય

તમામ યાત્રીઓને વિનંતી છે કે તેઓ નવી ટ્રાફિક વ્યવસ્થા, સંકેતચિહ્નો તેમજ રેલવે, આરપીએફ અને રેલકર્મચારીઓ દ્વારા આપવામાં આવતાં સૂચનોનું પાલન કરે.

# સારા માણસોની સંગતમાં હંમેશા ફાયદો જ થાય છે, ફૂલો પરથી જો હવા પસાર થાય તો એ સુગંધી બની જાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો માલસર નામના એક નાના ગામમાં,નંદુ નામનો એક નાનો છોકરો તેના ગરીબ માતા- પિતા સાથે રહેતો હતો.એક દિવસ બે ભાઈઓ શહેરમાં પાક વેચીને ટ્રેક્ટરમાં બેસી તેમના ગામ પાછા ફરી રહ્યા હતા.તેઓએ તેમના પાકના વેચાણમાંથી મળેલા પૈસા એક થેલીમાં મૂક્યા હતા. અચાનક,ટ્રેક્ટરનું એક ટાયર ખાડામાં પડ્યું;તેમને ધક્કો આવ્યો,થેલી નીચે પડી ગઈ. બંને ભાઈઓમાંથી કોઈને ખબર ન પડી,અને તેઓ સીધા ગામ તરફ આગળ વધ્યા.છોકરો, નંદુ, બહાર રમીને રાત્રિના અંધારામાં ઘરે જઈ રહ્યો હતો.અચાનક, તેનો પગ કોઈ વસ્તુ સાથે અથડાયો,નીચે જોતાં,તેને ખ્યાલ આવ્યો કે તે કોઈની થેલી છે. જ્યારે નંદુએ તેને ખોલીને અંદર જોયું,તો તેમાં ચલણી નોટો ભરેલી હતી. તે આશ્ચર્યચકિત થઈ ગયો.તે વિચારવા લાગ્યો કે આ થેલી કોની હોઈ શકે છે. તેણે મનમાં વિચાર્યું કે જો તે તેને ત્યાં પડેલી છોડી દેશે,તો કોઈ બીજું ચોક્કસ તેને લઈ જશે. તેણે મનમાં વિચાર્યું, 'જેની આ થેલી છે તે અત્યારે ખૂબ જ તકલીફ અને કષ્ટ સહન કરી રહી હશે.'જોકે છોકરો ઉંમરમાં નાનો હતો અને ગરીબ માતા પિતાનો પુત્ર હતો,તેનામાં સમજ દારીની અદ્ભુત ભાવના હતી. તેણે થેલી લઈને ઘરે ગયો.તેણે થેલીને સાચવીને તેની ઝૂંપડીમાં સંતાડી દીધી. પછી,સ્થળ પર પાછો ફર્યો...તે પોતાના કામમાં વ્યસ્ત બન્યો અને મનમાં વિચાર્યું: 'જો કોઈ શોધતું શોધતું આવશે,તો તે યોગ્ય નિશાની આપશે પછી હું તેમને થેલી આપી દઈશ.' બીજી બાજુ,થોડી વાર પછી,જ્યારે બંને ભાઈઓ ઘરે પહોંચ્યા,ત્યારે ટ્રેક્ટરમાં થેલી ક્યાંય મળી નહીં. આ વાત સમજીને,ભાઈઓ નિરાશા અને ઊંડા દુ:ખથી ઘેરાઈ ગયા. થેલીમાં તેમની વર્ષની આખી કમાણી હતી. તેઓએ વિચાર્યું, 'જો કોઈને તે મળી ગઈ હોય,તો પણ તેઓ ચોક્કસપણે તે સ્વીકારવા આગળ આવશે નહીં.' જોકે, એવી આશા રાખીને કે તે હજી સુધી કોઈના હાથમાં નહીં આવી હોય, બંને ભાઈઓ એક મશાલ લઈને તે જ રસ્તે પાછા ફર્યા. રસ્તામાં,તેઓ નંદુ નામના એક નાના છોકરાને મળ્યા.તેણે તરત જ તેમને કંઈ પૂછ્યું નહીં,પરંતુ તેના મનમાં શંકા જાગી કે થેલી કદાચ તેમની જ હશે. તેણે તેમને પૂછ્યું,'તમે લોકો શું શોધી રહ્યા છો?' તેઓએ તેના પ્રશ્ન પર ધ્યાન આપ્યું નહીં. તેણે ફરીથી પૂછ્યું, 'તમે બંને શું શોધી રહ્યા છો?' તેઓએ જવાબ આપ્યો, 'ઓહ, અમે ફક્ત કંઈક કે બીજું શોધી રહ્યા છીએ; તું તારે જા- તારે શું કામ છે?'બંને આગળ ચાલતા રહ્યા,અને નંદુ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તેને હવે ખાતરી થઈ ગઈ હતી કે નોટોવાળી થેલી લગભગ આમની જ હશે. જ્યારે તેણે ત્રીજી વાર પૂછ્યું,ત્યારે એક ભાઈએ તેના પર બૂમ પાડી, 'ઓહ, ચૂપ મર અને અમને અમારું કામ કરવા દે! અમારા કામમાં માથું ન માર'તે જ ક્ષણે, નંદુને ખાતરી થઈ ગઈ કે થેલી ખરેખર તેમની જ છે.

'આ થેલી તેમની જ છે.'તેણે ફરીથી પૂછ્યું, 'શું તમારી થેલી ખોવાઈ ગઈ છે?' બંને ભાઈઓ અચાનક અટકી ગયા અને જવાબ આપ્યો, 'હા.'નંદુએ કહ્યું, 'પહેલા થેલીની કંઈક નિશાની આપો જેથી હું તે થેલી તમારી છે તે સમજી શકું.' નિશાની આપ્યા પછી, છોકરો તેમને તેના ઘરે લઈ ગયો.તેણે ટોપલીમાં



મૂકેલી થેલી બંને ભાઈઓને આપી. ભાઈઓના આનંદનો કોઈ પાર નહોતો. નંદુ ની પ્રામાણિકતા જોઈને તેઓ ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગયા તેઓએ તેને ઈનામ તરીકે થોડા પૈસા આપ્યા,પરંતુ નંદુએ ના પાડી અને કહ્યું, 'તે ફક્ત મારી ફરજ હતી.'બીજા જ દિવસે, બંને ભાઈઓ નંદુની શાળામાં ગયા.છોકરાના શિક્ષકને આખી ઘટના કહી સંભળાવી તેઓએ કહ્યું, 'અમે બધા વિદ્યાર્થીઓની હાજરીમાં આ છોકરાનો આભાર માનવા આવ્યા છીએ.' શિક્ષકની આંખોમાં આંસુ આવી ગયા.તેણે છોકરાની પીઠ થપથપાવી અને પૂછ્યું, 'દીકરા, તેં તારા માતાપિતાને પૈસા ભરેલી થેલી વિશે કેમ ન કહ્યું?' નંદુએ જવાબ આપ્યો, 'સાહેબ, મારા માતા-પિતા ગરીબ છે.જો તેમનો નિશ્ચય ડગમગ્યો હોત અને પૈસા જોઈને,તેઓ તેને પાછા ન આપવા માટે લલચાયા હોત,તો આ બંને ભાઈઓ ખૂબ નિરાશ થયા હોત.આ વિચારને ધ્યાનમાં રાખીને,મેં મારા પરિવારને બેગ વિશે કંઈપણ કહેવાનું નક્કી કર્યું નહીં.'હાજર રહેલા બધાએ નંદુ ની ખૂબ પ્રશંસા કરતા કહ્યું, 'દીકરા,આભાર; તું ગરીબી હોવા છતાં,તે ક્યારેય તારી પ્રામાણિકતા છોડી નથી.'

આ વાર્તાનો સાર એ છે કે સૌથી મોટો ગુણ પ્રામાણિકતા છે. પ્રામાણિક હોવું આપણને શ્રેષ્ઠ માનવીઓના દરજ્જા સુધી પહોંચાડે છે. જેમ આ યુવાન છોકરાએ પોતાની પ્રામાણિકતા સાથે સમાધાન કર્યું નહીં - ભલે તેની ગરીબી તેને પીડાદાયક સંઘર્ષ બનાવી દેતી હતી - તેમ છતાં પ્રામાણિકતા જીવનનો સૌથી કિંમતી આભૂષણ રહે છે, પછી ભલે તે વ્યક્તિ યુવાન હોય કે વૃદ્ધ. પ્રામાણિકતા દ્વારા જ આપણું વ્યક્તિત્વ સાચી ખ્યાતિ પ્રાપ્ત કરે છે. એક પ્રામાણિક માનવી એ ભગવાનનું શ્રેષ્ઠ સર્જન છે.

પરમાત્માનાં ચરણનો સ્પર્શ થાય છે,તેથી ગિરિરાજને રોમાંચ થાય છે.મા, ગિરિરાજ ઉપર ખાડા પડે છે એ ખાડા પૂરવાની દવા પણ કનૈયા પાસે છે.કનૈયો એવી વાંસળી વગાડે છે કે,તેના આનંદ માં ગિરિરાજ ફૂલી જાય છે એટલે ખાડા પૂરાઈ જાય છે.

એક સખી બોલી, અલી સખી, તું જો તો ખરી.આ કનૈયો હવે કદંબના વૃક્ષ ઉપર ચડીને ગાયોને બોલાવે છે.વાંસળીમાંથી એક એક ગાયનું નામ લે છે. હે ગંગે, હે ગોદાવરી, હે યમુને! જે ગાયનું નામ લે તે ગાય દોડતી આવે છે. અરે સખી, તું જો તો ખરી,આ ગાયો હુંભ હુંભ કરતી કદંબના વૃક્ષને ઘેરીને ઊભી છે અને મારા લાલાની સુંદર ઝાંખી કરે છે. કેવું મનોહર દૃશ્ય છે! અલી સખી, મારી એક ખાનગી વાત તને કહું, લાલાની આ પ્રમાણે હું ઝાંખી કરું છું ત્યારે હું બાવરી બની લાલાને મળવા દોડતી જાઉં છું. જ્યારે લોકલજ્જાનું મને ભાન થાય છે,ત્યારે તેને રાસલીલામાંપ્રવેશ મળશે. હજુ લોકલજ્જાનું, દેહાધ્યાસનું તેને સૂક્ષ્મ ભાન છે. દેહાધ્યાસ જશે ત્યારે રાસલીલામાં પ્રવેશ મળશે. દેહાધ્યાસ જાય છે ત્યારે ગોપી પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ ગાયોને બોલાવે છે, ત્યારે નદીઓને ભ્રાંતિ થાય છે કે, કનૈયો અમને બોલાવે છે, પણ બિચારી જઈ શકતી નથી. તેથી પોતાના તરંગરૂપી હાથમાં કમળ-પુષ્પો લઈ જે દિશામાં વેણુનાદ આવે છે, તે દિશામાં ફેંકે છે અને ભગવાનનું સ્વાગત કરે છે. આમ જડ અને ચેતન સર્વ બંસીનાદથી મોહિત થાય છે.

મુરલીના મધુર ધ્વનિથી સમસ્ત સૃષ્ટિ આજે આનંદમાં મગ્ન બની છે. શ્યામની એ મધુરી બંસીના સીતમની શું વાત કહેવી?નાદ બ્રહ્મની અને નામબ્રહ્મની એકતા થાય, ત્યારે રાસલીલામાં થાય. વેણુગીતએ નાદબ્રહ્મનીઉપાસના છે. નામમાં મનનો લય ન થાય ત્યાં સુધી નાદબ્રહ્મ થતો નથી.

ગોપીઓમાં કેટલી તન્મયતા હશે. વનમાંનો વેણુનાદ તેઓ પોતાના ઘરમાં પણ સાંભળે છે. એટલું જ નહીં, પ્રત્યક્ષ બધું જુએ છે! દૃષ્ટા, દર્શન અને દૃશ્ય એક થાય છે.આનું નામ એકાગ્રતા, આનું નામ તન્મયતા, આનું નામ ગોપીભાવ. ભગવાન શ્રીકૃષ્ણની કથા કરતાં કરતાં ગોપીઓને અનાયાસે સમાધિ લાગી ગઈ છે.ઈશ્વર તો રોજ વાંસળી વગાડી જીવને પોતાની તરફ બોલાવે છે, પણ આ જીવ તે વાંસળીનો નાદ સાંભળતો નથી.

ગોપીઓ પ્રતિદિનઆપસઆપસમાં ભગવાનની લીલાઓનું વર્ણન કરતી અને તેમાં તન્મય થઈ જતી. ભગવાનની લીલા ગોપીઓ નાં હૃદયમાં સ્ફુરે છે.ધ્યાન ધારણ વગેરેની કાંઈ જરૂર પડતી નથી. યોગીઓ નાક પકડીને પ્રાણાયામ કરી બ્રહ્માનાં દર્શન કરવા મથે છે, તેમ છતાં તેમને જે દર્શન થતાં નથી, તે બ્રહ્મનાં દર્શન ગોપીઓ વિના પ્રયાસો કરે છે અને યોગીઓને દુર્લભ એવો આનંદ પામે છે. પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણામાં યોગીઓને ઘણું કષ્ટ પડે છે, પરંતુ ગોપીઓને તેવું કષ્ટ પડતું નથી. એક ઈન્દ્રિયને ભક્તિરસનું દાન કરતી ગોપીઓ શ્રીકૃષ્ણમાં તન્મય બને છે. અનાયાસે આ લીલામાં ગોપીઓને નિરોધ થાય છે.

ગોપીઓની સમાધિ દિવ્ય છે. ગોપીઓ પ્રેમસંન્યાસીઓ છે. ગોપીઓએ શ્રીકૃષ્ણ માટે સંસાર નાં સુખોનો ત્યાગ કર્યો છે. શુકદેવજી જેવા પણ આ ગોપી ઓની પ્રશંસા કરે છે અને એમની કથા કરતાં પાગલ બને છે. આ ગોપીઓની કથા નથી. જ્ઞાનીઓની કથા છે, યોગીઓની કથા છે.

જ્ઞાન અને ભક્તિને વધારશો તો રાસલીલામાં પ્રવેશ મળશે. જ્ઞાન અને ભક્તિને વધારવા શું કરવાનું? પ્રવૃત્તિ થોડી ઓછી કરો અને થોડી નિવૃત્તિ લો.દર વર્ષે એક મહિનો ઠાકોરજી માટે

# ઉત્તર ગુજરાત અરવલ્લી વન સંપદા અને પર્યાવરણ ગ્રુપ દ્વારા માઉન્ટ આબુ ખાતે પર્યાવરણ, પ્રકૃતિ અને વનસ્પતિ પરિચય શિબિરનું આયોજન કરવામાં આવ્યું

**ડીસા, તા. તા.11**

ડીસાના પ્રસિદ્ધ વૈદ્ય શ્રી જીતુભાઈ પટેલ તથા તેમના ૧૦ જેટલા પ્રકૃતિ પ્રેમી સાથીઓના સહયોગથી ઉત્તર ગુજરાત અરવલ્લી વનસંપદા અને પર્યાવરણ ગ્રુપ દ્વારા "ચાલો પર્વતોની અનમોલ સૃષ્ટિને ઓળખીએ" એવા પ્રેરક સૂત્રને સાર્થક કરતી બે દિવસીય પર્યાવરણ, પ્રકૃતિ અને વનસ્પતિ પરિચય શિબિર તાજેતરમાં માઉન્ટ આબુ ખાતે તા. ૪ અને ૫ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન યોજાઈ ગઈ હતી. રાજ્યભરમાંથી વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલા આશરે ૭૦ જેટલા પ્રકૃતિપ્રેમીઓએ આ શિબિરમાં હોંશભેર ભાગ લીધો હતો.

અરવલ્લી પર્વતમાળાને ધ્યાનમાં રાખીને આ સ્થળને વિશેષ રીતે પસંદ કરવામાં આવ્યું હતું કારણ કે માઉન્ટ આબુ વિસ્તાર અનેક દુર્લભ તથા ઔષધીય વનસ્પતિઓથી સમૃદ્ધ વિસ્તાર છે. શિબિર દરમિયાન ભાગીદારોએ જંગલમાં પગપાળા ટ્રેકિંગ કરીને વિવિધ વનસ્પતિ, ઝાડ, પાન અને ઔષધીય જડીબુટ્ટીઓનો પરિચય મેળવ્યો હતો. શિબિરના મુખ્ય આયોજક અને ગ્રુપના અગ્રણી શ્રી વૈદ્ય જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, "પ્રકૃતિ એ આપણી રાષ્ટ્રીય સંપદા છે. તેનું જતન અને સંવર્ધન કરવું એ આપણી પ્રાથમિક ફરજ છે. જો અત્યારે આપણે આ સંપદાનું સંરક્ષણ નહીં કરીએ તો ભાવિ પેઢીને આપણે શું જવાબ આપીશું? આપણી ભાવિ પેઢી માટે આ સંપદાને જીવંત રાખવાનો પ્રયાસ કરવાનો છે. આપણા જંગલો, નદીઓ, વૃક્ષો અને તમામ વનસ્પતિ એ જ આપણી પ્રકૃતિ છે."

શિબિરમાં સૌથી વિશેષ અને નવતર પ્રયોગ તરીકે જંગલને "ટેક્ષ" આપવાની અનોખી વિભાવના અમલમાં મૂકવામાં આવી હતી. પ્રકૃતિ પ્રેમી શ્રી મુળુભાઈ ડોડીયા અને કિશોરભાઈ લુહાર તરફથી નિ:શુલ્ક મળેલ વિવિધ પ્રકારની વનસ્પતિના કુલ ૨૦૦ કિલો બીજને જંગલ પરિભ્રમણ દરમિયાન છંટકાવ કરવામાં આવ્યો હતો. દરેક પ્રકૃતિપ્રેમીને વિવિધ વનસ્પતિના બીજની થેલી આપવામાં આવી હતી અને ચાલતાં-ચાલતાં જ તેને જંગલને અર્પણ કરવામાં આવ્યા હતા. આયોજકોએ જણાવ્યું કે, "જંગલ પાસેથી આપણે ઘણું બધું મેળવીએ છીએ, પરંતુ આપણે તેને પરત કશું આપતા જ નથી. આ પ્રયોગ દ્વારા અમે જંગલને પાછું આપવાનો પ્રયાસ કર્યો છે." આ બીજદાનના પરિણામે ચોમાસાના પાણીથી બીજ ઉગી નીકળશે, જેનાથી તૃણાહારી પશુઓ અને પક્ષીઓને જંગલમાં જ પુષ્કળ ખોરાક મળશે અને તેઓ ખોરાકની શોધમાં શહેરી વિસ્તારો તરફ નહીં આવે. વળી, આનાથી જંગલનો ભેજ જળવાઈ રહેશે અને જમીનનું ધોવાણ પણ અટકશે. આમ, બીજદાન થકી જંગલને વાસ્તવિક "ટેક્ષ" આપવામાં આવ્યો છે.

પર્યાવરણ ઋષિ તરીકે ઓળખાતા વયોવૃદ્ધ ( 87 વર્ષીય) ઉત્તર ગુજરાતના નવીનભાઈ શાહ (નવીન કાકા) જેઓએ

વનસ્પતિ તથા પર્યાવરણ જતન માટે આયખું પૂર્ણ સમર્પિત કરેલ છે તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સેરેનીટી લાઈબ્રેરી અને બોટનિકલ ગાર્ડન અમદાવાદના વનસ્પતિશાસ્ત્ર અને ઔષધીય જ્ઞાનના વિશેષજ્ઞ ( Taxonomist) ડો સંતોષ યાદવ દ્વારા જંગલમાં ઉગતી અનેક વનસ્પતિ, ઔષધીઓ તથા લુપ્તપ્રાય દુર્લભ પ્રજાતિઓ વિશે વિગતવાર અને સચોટ માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે માઉન્ટ આબુના જંગલમા વ્યાપક ઔષધીય ગુણો ધરાવતી વનસ્પતિ છે. આ જંગલમાં 1200 જેટલી વનસ્પતિ છે તેમાંથી 600 /700 જેટલા તો મેડિસિન પ્લાન્ટ છે.ભારત દેશમાં અન્ય વિસ્તારમાં ન થતી અમુક દુર્લભ વનસ્પતિ પણ અહીં છે. તેનું કારણ એ છે કે માઉન્ટ આબુ એ વિશ્વનું સૌથી જુનું માઉન્ટેન છે.

આ સાથે જ વનસ્પતિશાસ્ત્રીઓ, ઔષધીય જ્ઞાન ધરાવતા આયુર્વેદાચાર્યો અને પર્યાવરણ સંરક્ષણના અનુભવી નિષ્ણાતો દ્વારા પ્રકૃતિ,પર્યાવરણની સુરક્ષા અને જાળવણી કેવી રીતે કરવી? એ વિષય પર વ્યાખ્યાન અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રકૃતિ શિબિરમાં દસ જેટલા આયુર્વેદિક ડોક્ટર્સ તથા નિવૃત ફોરેસ્ટ ઓફિસર તેમજ અન્ય અલગ અલગ ક્ષેત્રમાં કામ કરતા પરંતુ પ્રકૃતિ સાથે કોઈને કોઈ રીતે જોડાયેલા છે.તેવા સભ્યો હાજર રહ્યા હતા. આ શિબિર પ્રકૃતિ સંરક્ષણ અને જાગૃતિની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે. ગૃપના અન્ય આયોજકો શ્રી રસૂલભાઈ ઘાંચી, શ્રી કિન્તુ શાહ, શ્રી પાર્થ પટેલ, શ્રી નારાયણ ઠાકોર, શ્રી મયંક ચૌહાણ અને શ્રી રોહિત ડોબરિયાએ આવી શિબિરોને વધુ વ્યાપક સ્તરે યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. જેથી યુવાનો અને સામાન્ય નાગરિકોમાં પર્યાવરણ અને વન સંપદા પ્રત્યે જાગૃતિ વધે અને આપણી આગામી પેઢીને સમૃદ્ધ પ્રકૃતિનો વારસો મળે. માઉન્ટ આબુ વિસ્તારમાં ફરજ પર રહેલા રાજસ્થાન વન વિભાગના અધિકારી (ACF)શ્રી સુમેશ બાલન ), (DFO)શ્રી શુભમ જૈન ,RFO અને શ્રી અધિકારીગણ સહપરિવાર હાજર રહ્યા.

## "ડમ્પરો સીઝથી આગળ ક્યારે? દાહોદમાં રેતી માફિયાઓ સામે મૂળ સુધી પહોંચશે તંત્ર?"

**દેવગઢ બારીયા, પ્રતિનિધિ દ્વારા, તા.11**

દાહોદ: જિલ્લામાં ગેરકાયદેસર રેતી ખનન સામે તંત્ર દ્વારા હાથ ધરાતી કાર્યવાહી હવે પ્રશ્નોના ઘેરામાં આવી રહી છે. દેવગઢ બારીયા તાલુકાના ફાંગીયા-સાગટાળા રોડ પર ખાણ ખનિજ વિભાગે તાજેતરમાં 9 ડમ્પરો સીઝ કરી આશરે 2.10 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. કાગળ પર કડક લાગતી આ કાર્યવાહી છતાં સ્થાનિકોમાં અસંતોષ અને શંકા યથાવત છે. સ્થાનિક સ્તરે ચર્ચા એ છે કે વર્ષોથી તંત્ર દ્વારા માત્ર વાહનો પકડીને કાર્યવાહી દર્શાવવામાં આવે છે, પરંતુ ગેરકાયદેસર ધંધાના મૂળ સૂત્રધારો સુધી પહોંચવાની ઈચ્છા કે હિંમત દેખાતી નથી. ખાસ કરીને રાત્રિના સમયે બેફામ રીતે ચાલતા રેતી ખનન અને વહન અંગે અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો છતાં સ્થાયી ઉકેલ જોવા મળ્યો નથી. દેવગઢ બારીયા તાલુકાના ભુવાલ, ચેનપુર રામા અને ઉચવણ ગામોમાંથી પસાર થતી પાનમ નદીના પટ વિસ્તારમાં પણ ગેરરીતિથી રેતી ખનન થતું હોવાના આક્ષેપો છે. કેટલાક સ્થાનિકોએ તો પોતાના સર્વે નંબરોમાં જ બિનઅધિકૃત ખનન થઈ રહ્યું હોવાની અને વિરોધ કરતાં ધમકી મળતી હોવાની ફરિયાદો પણ વ્યક્ત કરી છે. સ્થાનિકોનો સ્પષ્ટ મત છે કે જો ગેરકાયદેસર ખનનને વાસ્તવમાં રોકવું હોય, તો ફક્ત ડમ્પરો સીઝ કરવાથી નહીં, પરંતુ રેતી લીઝ ધરાવતા સ્થળો પર સીધી રેડ કરી ગેરરીતિઓ ચલાવતા તત્વો અને પાછળના મોટા માથાઓ સુધી પહોંચવું પડશે. હાલની કાર્યવાહી 'ઉપરછલ્લી' હોવાના આક્ષેપો વચ્ચે પ્રશ્ન ઉઠી રહ્યો છે કે શું તંત્ર માત્ર આંકડાકીય સફળતાથી સંતોષ માનશે? મહત્વ નો મુદ્દો એ છે કે ડમ્પરો પકડાયા પછી પણ ખનન નો ધંધો યથાવત રહે છે, જે કોઈ મોટા નેટવર્ક અથવા સંરક્ષણ તરફ સંકેત આપે છે. જો તંત્ર ખરેખર ગંભીર હોય, તો હવે પ્રભાવશાળી અને 'નામદાર' તત્વો સામે કાર્યવાહી કરવાની હિંમત બતાવવી જરૂરી બનશે.હાલ મા થયેલી કાર્યવાહી અસરકારક દેખાય છે, પરંતુ જમીન પર હકીકત બદલાય તે માટે મૂળ સુધી પ્રહાર જરૂરી છે.

## ભાજપનું બદલાતું સમીકરણ : ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં મુસ્લિમ ઉમેદવારોનો દબદબો

### ધોળકા, સિદ્ધપુર, ઉના અને કડીમાં ભાજપે આખેઆખી મુસ્લિમ પેનલ મેદાનમાં ઉતારી

**અમદાવાદ, તા.11**

ગુજરાતની સ્થાનિક સ્વરાજની આગામી ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટીએ (BJP) પોતાના ઉમેદવારોની પસંદગીમાં એક નવો વ્યૂહ અપનાવ્યો છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના મંત્રને સાર્થક કરતા ભાજપે આ વખતે રાજ્યભરની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોમાં રેકોર્ડબ્રેક સંખ્યામાં લઘુમતી (મુસ્લિમ) ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે.

ક્યાં આખી પેનલ જાહેર થઈ?

* ધોળકા નગરપાલિકા: વોર્ડ નંબર 5 માં આખી પેનલ મુસ્લિમ ઉમેદવારોની છે. * સિદ્ધપુર નગરપાલિકા: વોર્ડ નંબર 6 માં ભાજપે સંપૂર્ણ લઘુમતી પેનલ ઉતારી છે. * શહેરા નગરપાલિકા: વોર્ડ નંબર 4 માં તમામ 4 ઉમેદવારો મુસ્લિમ છે. * ઉના નગરપાલિકા: વોર્ડ નંબર 2 માં પણ ભાજપે આખી પેનલ જાહેર કરી છે. * કડી નગરપાલિકા: વોર્ડ નંબર 5 માં ભાજપે મુસ્લિમ ઉમેદવારો પર ભરોસો મૂક્યો છે. * સિક્કા નગરપાલિકા: વોર્ડ નંબર 3 માં પણ ચારની પેનલ મુસ્લિમ ઉમેદવારોની જાહેર કરાઈ છે. કચ્છ જિલ્લો: ભાજપે અહીં જિલ્લા પંચાયતની 2 અને વિવિધ તાલુકા પંચાયતોમાં મોટી સંખ્યામાં મુસ્લિમ ઉમેદવારોને સ્થાન આપ્યું છે. ખાસ કરીને અબડાસા અને લખપત તાલુકા પંચાયતમાં 6-6 ઉમેદવારો જાહેર કર્યા છે. ભુજ નગરપાલિકામાં પણ 7 જેટલા ઉમેદવારોને ટિકિટ અપાઈ છે. અમદાવાદ જિલ્લો: ધોળકામાં કુલ 8 મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી ભાજપે પ્રભુત્વ સાબિત કર્યું છે. વિરમગામ અને બારેજામાં પણ લઘુમતી ઉમેદવારોને સ્થાન મળ્યું છે. ભરૂચ અને વડોદરા: ભરૂચમાં જિલ્લા પંચાયતથી લઈ નગરપાલિકા સુધી મુસ્લિમ ચહેરાઓ જોવા મળ્યા છે. વડોદરાના ડભોઈમાં વોર્ડ નંબર 4 અને 5 માં 3-3 ઉમેદવારો જાહેર કરી લઘુમતી મતો અંકે કરવાની રણનીતિ અપનાવી છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત: સુરેન્દ્રનગર, અમરેલી અને ગીર સોમનાથના વેરાવળ-ઉનામાં ભાજપે મુસ્લિમ ઉમેદવારોને મહત્વ આપ્યું છે. પાટણના સિદ્ધપુર અને મહેસાણાના કડીમાં ભાજપે મજબૂત ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. ભાજપની આ યાદી પરથી સ્પષ્ટ જણાય છે કે પાર્ટી આ વખતે 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના મંત્ર સાથે લઘુમતી મતોમાં ગાબડું પાડવા માંગે છે. ભાવનગર અને છોટાઉદેપુર જેવા કેટલાક જિલ્લાઓને બાદ કરતાં લગભગ તમામ વિસ્તારોમાં મુસ્લિમ પ્રતિનિધિત્વ જોવા મળી રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે મતદારો ભાજપના આ 'કેસરીયા લઘુમતી મોરચા'ને કેટલો આવકારે છે.

## યાત્રીઓની સુવિધા માટે સાબરમતી-કાટોસન રોડ-સાબરમતી મેમૂ ટ્રેનના સમયમાં સંશોધન

**અમદાવાદ રેલ્વે, તા.11**

યાત્રીઓને વધુ સારી સુવિધા આપવા માટે પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન સંખ્યા 69249/69250 સાબરમતી-કાટોસન રોડ-સાબરમતી મેમૂ ટ્રેન સેવા (અઠવાડિયામાં 6 દિવસ, શનિવાર સિવાય)ના સમયમાં સંશોધન કરવામાં આવ્યો છે. આ સંશોધિત સમયપત્રક 29 માર્ચ, 2026થી આગામી સૂચના સુધી અમલમાં રહેશે. જેનું વિવરણ નીચે મુજબ છે. સંશોધિત સમયપત્રક

(પ્રભાવિત તારીખ: 29 માર્ચ, 2026થી)
69249 (સાબરમતી-કાટોસન રોડ)
સ્ટેશન
69250 (કાટોસન રોડ-સાબરમતી)
(પ્રસ્થાન) 17:20
સાબરમતી
(આગમન) 10:20
17:38/17:40
કાલોલ
09:28/09:30
17:57/17:58
કડી
09:06/09:07
18:07/18:08
ભોયાણી
08:55/08:56
(આગમન) 18:35
કાટોસન રોડ
(પ્રસ્થાન) 08:50

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કોચ સંરચના વિશે વિગતવાર માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરો.

### આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં ૨૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ થશે

## ગિફ્ટ સિટી એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સાકાર થયેલું સપનું છે, જે હવે સિંગાપોર જેવા વૈશ્વિક કેન્દ્રો સાથે સ્પર્ધા કરી રહ્યું છે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

**ગાંધીનગર, તા.11**

ગિફ્ટ સિટી-ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી "IFSCA ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬"ના ઉદ્ઘાટન સત્રમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સત્ર દરમિયાન વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ શ્રી પી. કે. મિશ્રા તેમજ ગિફ્ટ સિટીના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી ઉદય કોટક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગ જગતના અગ્રણીઓ, વિવિધ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર્સ અને દેશભરમાંથી પધારેલા પ્રતિભાશાળી યુવાનોને સંબોધતા ગિફ્ટ સિટીના વિકાસ અને ભવિષ્યના વિઝનની વિસ્તૃત ભૂમિકા આપી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગિફ્ટ સિટીના ઈતિહાસને યાદ કરતા જણાવ્યું હતું કે, લગભગ બે દાયકા પહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ઉજ્જડ જમીન પર ઉભા રહીને આ વૈશ્વિક ફિનટેક સિટીનું સપનું જોયું હતું. તે સમયે અનેક બુદ્ધિજીવીઓએ તેને 'ડે ડ્રીમ' કહીને નકારી કાઢ્યું હતું, પરંતુ આજે ગિફ્ટ સિટીનું સ્વપ્ન સાકાર થઈને વિશ્વના નકશા પર ઉભરી આવ્યું છે. તેમણે હતું કે, ગિફ્ટ સિટી એ માત્ર એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પરંતુ દેશના લાખો યુવાનોની સ્પિરિટ અને મૂલ્યોને જાળવી રાખીને તેમના સપનાઓને સાકાર કરવાનું કેન્દ્ર છે.

શ્રી હર્ષ સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી હવે સિંગાપોર, દુબઈ, લંડન અને ન્યૂયોર્ક જેવા આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્રો સાથે સીધી સ્પર્ધા કરી રહ્યું છે. આ સફળતાના પાયામાં IFSCA નું યુનિફાઈડ રેગ્યુલેટરી આર્કિટેક્ચર, આકર્ષક ટેક્સ માળખું અને ભારતની ડિજિટલ નાણાકીય તાકાત રહેલી છે. તેમણે કહ્યું હતું કે, ગિફ્ટ સિટીને ન્યુ-એજ ગ્લોબલ ફાઈનાન્સિયલ સેન્ટર બનાવવા માટે હવે 'વર્લ્ડ ક્લાસ ટેલેન્ટ' ઊભું કરવાની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જેના માટે ગાંધીનગર અને અમદાવાદની IIM-અમદાવાદ, માઈકા, નિરમા અને નેશનલ લો યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ નવી વિઝનરી યુથ ફોર્સ તૈયાર થઈ રહી છે. સાથે જ, ગિફ્ટ સિટીમાં જ સ્થાપિત અન્ય દેશોની યુનિવર્સિટીઓ પણ આ કામમાં જોડાઈ છે. સરકાર સ્ટ્રક્ચર્ડ ઈન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ ફ્રેમવર્ક દ્વારા આ યુવાનોને મહત્તમ તકો આપવા કટિબદ્ધ છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ દેશ અને રાજ્યના યુવાનોને આશ્વાસન આપ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં કામ કરવાથી તેમના માતા-પિતાનું વિદેશમાં નોકરી કરવાનું સપનું પણ અહીં જ સાકાર થશે, કારણ કે અહીં ગ્લોબલ એક્સપોઝર અને વૈશ્વિક કક્ષાનું વળતર બંને ઉપલબ્ધ છે. ગિફ્ટ સિટીમાં કામ કરતા યુવાનોની 'ઈવનિંગ લાઈફ' અને સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે, આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં ૨૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર 'વર્કિંગ એન્ડ લિવિંગ ઇન ગિફ્ટ સિટી' મોડેલ પર ગંભીરતાથી કામ કરી રહી છે, જેથી કર્મચારીઓને ત્યાં જ રહેવાની શ્રેષ્ઠ સુવિધા મળી રહે. તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરતા કહ્યું કે, અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં પ્રોત્સાહનોમાં થોડો તફાવત હોઈ શકે, પરંતુ ગુજરાત જેવી રાજકીય અને નીતિગત સ્થિરતા બીજે ક્યાંય નથી. ગુજરાત સરકાર રોકાણકારોના પ્રશ્નો સાંભળવા અને તેમાં તાત્કાલિક સુધારો કરવા હંમેશા તૈયાર છે. તેમણે વિપ્રો જેવી મોટી કંપનીઓનું ગિફ્ટ સિટીમાં સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત એ તકોની ભૂમિ છે અને અહીં રોકાણ કરવા માટે આ શ્રેષ્ઠ સમય છે. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ શ્રી પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી હવે માત્ર એક કલ્પના કે વિચાર નથી રહ્યો.

### અમદાવાદના આંગણે યોજાશે એશિયાઈ વૉલીબૉલનો મહાકુંભ

# વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આગામી તા. ૨૦થી ૨૮ જૂન, ૨૦૨૬ દરમિયાન યોજાશે 'AVC મેન્સ કપ-૨૦૨૬'

### વર્ષ-૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ પૂર્વે આ પ્રકારની ટૂર્નામેન્ટથી રમતવીરો અને વૉલીબૉલ ચાહકોને પ્રોત્સાહન મળશે










**નડિયાદ, તા.11**

અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આગામી તા. ૨૦થી ૨૮ જૂન દરમિયાન સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત(SAG) અને એશિયન વોલીબૉલ કન્ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે AVC મેન્સ કપ-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં કુલ ૧૨ દેશોની ટીમો વચ્ચે નવ દિવસ દરમિયાન કુલ ૩૮ મેચ રમશે. જે અંતર્ગત, સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત અને એશિયન વોલીબૉલ કન્ફેડરેશનના અધિકારીઓ દ્વારા ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી ટીમોનું ગ્રૂપ વિભાજન (પૂલ કમ્પોઝિશન) અને તેમની સ્પર્ધાત્મક રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. આ સંદર્ભે ટૂર્નામેન્ટની તૈયારીઓ, યજમાની માટેની સજ્જતા અને અમદાવાદમાં આ પ્રકારની મોટી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટના મહત્ત્વ વિશે વિગતવાર માહિતી આપતાં SAGના સહાયક નિયામક સુશ્રી નિલોફર શેખે જણાવ્યું કે આગામી આ ટૂર્નામેન્ટનો હેતુ માત્ર સ્પર્ધા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આંતરરાષ્ટ્રીય મિત્રતા, સાંસ્કૃતિક વિનિમય અને પ્રાદેશિક સહયોગને પ્રોત્સાહન આપવાની પણ તક પૂરી પાડે છે. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકાર અને સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં વિશ્વસ્તરીય રમતગમતની સ્પર્ધાઓના આયોજન થકી ખેલાડીઓ અને ચાહકોમાં વોલીબૉલ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા વધારવાનો છે. વર્ષ-૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કૉમનવેલ્થ ગેમ્સ પૂર્વે આ ટૂર્નામેન્ટના આયોજનથી રમતવીરોને પ્રોત્સાહન પણ મળી રહેશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ અંગે એશિયન વોલીબૉલ કન્ફેડરેશન(AVC)ના અધ્યક્ષ રૅમન સુઝારાએ જણાવ્યું કે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ એશિયામાં મેન્સ વોલીબૉલની શ્રેષ્ઠતાનું પ્રદર્શન કરવાની સાથે આ રમતને આંતરરાષ્ટ્રીય સ્તરે નવાં શિખરો પર લઈ જશે. આ કાર્યક્રમનું આયોજન એશિયન વોલીબૉલ કન્ફેડરેશન દ્વારા વોલીબૉલ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી કરવામાં આવ્યું છે. આ આયોજનથી વોલીબૉલના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળશે તેમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ટૂર્નામેન્ટમાં યજમાન ભારતીય ટીમ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બહેરિન, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, કોરિયા, ન્યૂઝિલૅન્ડ, ઓમાન, પાકિસ્તાન, કતાર, ચાઈનીઝ તાઈપેઈ અને થાઈલૅન્ડ સહિત કુલ ૧૨ દેશોની ટીમો ભાગ લેશે. પરંતુ તે આંતરરાષ્ટ્રીય

મિત્રતા, સાંસ્કૃતિક વિનિમય અને પ્રાદેશિક સહયોગને પ્રોત્સાહન આપવાની પણ તક પૂરી પાડે છે. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકાર અને સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં વિશ્વસ્તરીય રમતગમતની સ્પર્ધાઓના આયોજન થકી ખેલાડીઓ અને ચાહકોમાં વોલીબૉલ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા વધારવાનો છે. વર્ષ-૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કૉમનવેલ્થ ગેમ્સ પૂર્વે આ ટૂર્નામેન્ટના આયોજનથી રમતવીરોને પ્રોત્સાહન પણ મળી રહેશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ અંગે એશિયન વોલીબૉલ કન્ફેડરેશન(AVC)ના અધ્યક્ષ રૅમન સુઝારાએ જણાવ્યું કે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ એશિયામાં મેન્સ વોલીબૉલની શ્રેષ્ઠતાનું પ્રદર્શન કરવાની સાથે આ રમતને આંતરરાષ્ટ્રીય સ્તરે નવાં શિખરો પર લઈ જશે. આ કાર્યક્રમનું આયોજન એશિયન વોલીબૉલ કન્ફેડરેશન દ્વારા વોલીબૉલ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી કરવામાં આવ્યું છે. આ આયોજનથી વોલીબૉલના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળશે તેમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ટૂર્નામેન્ટમાં યજમાન ભારતીય ટીમ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બહેરિન, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, કોરિયા, ન્યૂઝિલૅન્ડ, ઓમાન, પાકિસ્તાન, કતાર, ચાઈનીઝ તાઈપેઈ અને થાઈલૅન્ડ સહિત કુલ ૧૨ દેશોની ટીમો ભાગ લેશે.



IPLમાં રાજસ્થાનની સતત ચોથી જીત

# RCBની હાર: વૈભવે 26 બોલમાં 78 રન બનાવ્યા, 7 છગ્ગા ફટકાર્યા; જુરેલે પણ ફિફ્ટી ફટકારી

**કોલકાતા, તા.11**

15 વર્ષના વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક ઈનિંગના સહારે રાજસ્થાન રોયલ્સે IPLમાં સતત ચોથી જીત મેળવી છે. ટીમે શુક્રવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સને 6 વિકેટે હરાવ્યું. ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રાજસ્થાને ટૉસ જીતીને બોલિંગ લીધી હતી. બેંગલુરુએ 20 ઓવરમાં 8 વિકેટ પર 201 રન બનાવ્યા હતા. રાજસ્થાને 202 રનનો ટાર્ગેટ 18 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. 15 વર્ષના વૈભવ સૂર્યવંશીએ 26 બોલ પર 78 રનની આતશી ઈનિંગ રમી. તેની ઈનિંગમાં 8 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ રહ્યા. વિકેટકીપર ધ્રુવ જુરેલ 81 રન બનાવી અણનમ પરત ફર્યો.

વૈભવે જુરેલ સાથે 34 બોલમાં 100 રનની ભાગીદારી કરી

રાજસ્થાને 21 રન પર યશસ્વી જયસ્વાલની વિકેટ ગુમાવી દીધી હતી. આવી સ્થિતિમાં વૈભવ સૂર્યવંશીએ ધ્રુવ જુરેલ સાથે સદીની ભાગીદારી કરીને મેચને એકતરફી બનાવી દીધી હતી. બંનેએ માત્ર 34 બોલમાં 100 રનની ભાગીદારી પૂરી કરી લીધી હતી. જોકે, આ જોડીએ કુલ 37 બોલમાં 108 રન જોડ્યા હતા.

પાટીદારની ફિફ્ટી, કોહલીએ 32 રન બનાવ્યા

RCBના કેપ્ટન રજત પાટીદારે 40 બોલ પર 63 રન બનાવ્યા. તેની આ ઈનિંગમાં 4 ચોગ્ગા અને 4 છગ્ગા સામેલ રહ્યા. તેના પહેલા વિરાટ કોહલીએ 16 બોલ પર 32 રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી જોફ્રા આર્ચર, રવિ બિશ્નોઈ અને બ્રિજેશ શર્માને 2-2 વિકેટ મળી હતી.

બન્ને ટીમની પ્લેઈંગ-11

રાજસ્થાન રોયલ્સ (RR): યશસ્વી જયસ્વાલ, વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રિયાન પરાગ (કેપ્ટન), શિમરોન હેટમાયર, ડોનોવન ફરેરા, રવીન્દ્ર જાડેજા, જોફ્રા આર્ચર, નાન્દ્રે બર્ગર, બ્રિજેશ શર્મા, સંદીપ શર્મા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB): વિરાટ કોહલી, ફિલ સોલ્ટ, દેવદત્ત પડિકલ, રજત પાટીદાર (કેપ્ટન), જિતેશ શર્મા (વિકેટકીપર), ટિમ ડેવિડ, રોમારિયો શેફર્ડ, કૃણાલ પંડ્યા, ભુવનેશ્વર કુમાર, અભિનંદન સિંહ, જોશ હેઝલવુડ. રાજસ્થાને ચાલુ સીઝનમાં સતત ચોથી મેચ જીતી લીધી છે. ધ્રુવ જુરેલે 18મી ઓવરના છેલ્લા બોલ પર સિંગલ લઈને ટીમને જીત અપાવી હતી.

ધ્રુવ જુરેલની 25 બોલમાં હાફ સેન્ચુરી

ધ્રુવ જુરેલે 14મી ઓવરમાં પોતાની હાફ સેન્ચુરી પૂરી કરી છે. તેણે 25 બોલમાં અડધી સદી ફટકારી હતી. જુરેલે આ સીઝનમાં આ બીજી અડધી સદી નોંધાવી છે.

રાજસ્થાનનો સ્કોર 150ને પાર

13મી ઓવરમાં રાજસ્થાને 150 રનનો આંકડો પાર કરી લીધો છે. રવીન્દ્ર જાડેજાએ કૃણાલ પંડ્યાના પહેલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો હતો. ત્યારબાદ ધ્રુવ જુરેલે ત્રીજા બોલ પર બે રન લઈને ટીમને 150ને પાર પહોંચાડી હતી.

રિયાન પરાગ 3 રન બનાવીને આઉટ

10મી ઓવરમાં રાજસ્થાને ચોથી વિકેટ ગુમાવી દીધી છે. અહીં કેપ્ટન રિયાન પરાગ 3 રન બનાવીને આઉટ થયો હતો. તેને જોશ હેઝલવુડે કૃણાલ પંડ્યાના હાથે કેચ આઉટ કરાવ્યો.

કૃણાલ પંડ્યાએ વૈભવ-હેટમાયરને આઉટ કર્યા

નવમી ઓવર લઈને આવેલા ક્રુણાલ પંડ્યાએ સતત બે બોલ પર વિકેટ ઝડપી હતી. તેણે પહેલા બોલ પર વૈભવ સૂર્યવંશીને કોહલીના હાથે કેચ કરાવીને 100+ રનની ભાગીદારી તોડી હતી. ત્યારબાદ બીજા બોલ પર શિમરોન હેટમાયરને જોશ હેઝલવુડના હાથે કેચ કરાવીને દબાણ વધાર્યું હતું. વૈભવ સૂર્યવંશી 78 રન બનાવીને આઉટ થયો, જ્યારે હેટમાયરનું ખાતું પણ ખુલ્યું ન હતું.

સૂર્યવંશી-જુરેલ વચ્ચે 34 બોલમાં સદીની ભાગીદારી

આઠમી ઓવરમાં વૈભવ સૂર્યવંશીએ ધ્રુવ જુરેલ સાથે બીજી વિકેટ માટે માત્ર 34 બોલમાં 100) ભાગીદારી પૂરી કરી હતી. સૂર્યવંશીએ ટિમ ડેવિડના બોલ પર સતત બે છગ્ગા ફટકાર્યા હતા.

રાજસ્થાનનો સ્કોર 100ને પાર

સાતમી ઓવરમાં રાજસ્થાને 100 રનનો આંકડો પાર કરી લીધો છે. ધ્રુવ જુરેલે ક્રુણાલ પંડ્યાના બોલ પર ચોગ્ગો ફટકારીને ટીમને 100ને પાર પહોંચાડી હતી. આ જ ઓવરમાં વૈભવ સૂર્યવંશીએ પણ એક છગ્ગો લગાવ્યો હતો.

વૈભવે રાજસ્થાનને વિસ્ફોટક શરૂઆત અપાવી

202 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી રાજસ્થાનને વૈભવ સૂર્યવંશીએ વિસ્ફોટક શરૂઆત અપાવી છે. ટીમે પાવરપ્લેની 6 ઓવરમાં એક વિકેટ ગુમાવીને 97 રન બનાવી લીધા છે. વૈભવ ફિફ્ટી બનાવીને રમી રહ્યો છે અને ધ્રુવ જુરેલ તેનો સાથ આપી રહ્યો છે.

સૂર્યવંશીએ છગ્ગા સાથે ફિફ્ટી પૂરી કરી, માત્ર એક રન દોડીને બનાવ્યો

hex;મી ઓવરમાં વૈભવ સૂર્યવંશીએ પોતાની ફિફ્ટી પૂરી કરી. તેણે માત્ર 15 બોલમાં અડધી સદી પૂર્ણ કરી હતી. વૈભવે ભુવનેશ્વર કુમારના બીજા અને ત્રીજા બોલ પર સિક્સ ફટકારીને ફિફ્ટી પૂરી કરી હતી. આ ફિફ્ટીમાં તેણે માત્ર એક જ રન દોડીને બનાવ્યો હતો,

# IPLમાં મચાવી તબાહી, હવે ટીમ ઈન્ડિયામાં એન્ટ્રી નક્કી : સચિન-કોહલી પણ જે નથી કરી શક્યા એ આ 15 વર્ષનો વૈભવ કરશે?

**મુંબઈ, તા.11**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં ધમાકેદાર બેટિંગથી હેડલાઈન્સ બનાવી રહેલા વૈભવ સૂર્યવંશીને હવે ટીમ ઈન્ડિયામાં સામેલ કરવાની માગ તેજ થઈ ગઈ છે. રાજસ્થાન રોયલ્સ (RR)ના આ 15 વર્ષીય બેટરે વિસ્ફોટક પર્ફોર્મન્સથી માત્ર ફેન્સને જ નહીં પરંતુ ક્રિકેટ એક્સપર્ટને પણ પ્રભાવિત કર્યા છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે 26 બોલમાં 78 રનની વિસ્ફોટક ઈનિંગ્સ બાદ ચાહકો પૂછી રહ્યા છે કે વૈભવને ટીમ ઈન્ડિયામાં ક્યારે તક મળશે?

ગઈ કાલે બેંગલુરુ સામે વૈભવનું પર્ફોર્મન્સ

મોટા બોલર્સ સામે બતાવી પ્રતિભા IPL ચેરમેન અરુણ ધૂમલનું માનવું છે કે વૈભવ સૂર્યવંશીને જલદીથી જલદી ભારતીય ટીમમાં તક મળવી જોઈએ. તેમણે પોતાના X એકાઉન્ટ પર લખ્યું, 'આ આઈપીએલ સીઝનમાં વૈભવ સૂર્યવંશીની બેટિંગ કમાલની રહી છે. પોતાના પ્રદર્શનને જોતા આ પ્રતિભાશાળી ખેલાડી ચોક્કસપણે ટીમ ઈન્ડિયા માટે સૌથી ઓછી ઉંમરમાં ડેબ્યૂ કરવાનો હકદાર છે. આટલા પ્રતિભાશાળી અને આટલી ઓછી ઉંમરના ખેલાડીને પસંદ કરવાની તક બહુ ઓછી મળે છે. તેનું નામ ભારતના સૌથી યુવા ડેબ્યુટન્ટ તરીકે નોંધાવવું બિલકુલ વાજબી છે. વૈભવ સૂર્યવંશીનું આ સિઝનમાં પ્રદર્શન ખૂબ જ ખાસ રહ્યું છે. તેણે માત્ર મોટા-મોટા બોલરોને ધોયા જ નહીં, પરંતુ પાવરપ્લેમાં જ મેચનું વલણ બદલવાની ક્ષમતા પણ બતાવી છે. તેની નિરંતરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેઓ ઓરેન્જ કેપની રેસમાં પણ સૌથી આગળ ચાલી રહ્યો છે. સચિનનો રેકોર્ડ તોડી સૌથી યુવા ડેબ્યુટન્ટ બનશે વૈભવ ભારતીય ટીમને આ વર્ષે આયર્લેન્ડ સામે T20 સિરીઝ રમવાની છે અને રિપોર્ટ છે કે વૈભવ સૂર્યવંશીનું નામ સિલેક્ટર્સ વચ્ચે ચર્ચામાં છે. જો તેને તક મળે છે, તો તે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડીને ભારતનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર સૌથી યુવા ખેલાડી બની શકે છે. ICCના નિયમો અનુસાર, ફક્ત ઓછામાં ઓછા 15 વર્ષની ઉંમરે જ કોઈ ખેલાડી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી શકે છે. વૈભવ સૂર્યવંશી ગત 27 માર્ચે 15 વર્ષનો થઈ ગયો છે, જેના કારણે તે પસંદગી માટે સંપૂર્ણપણે લાયક છે. આ પહેલા પણ તેણે અંડર-19 વર્લ્ડ કપ 2026ની ફાઈનલમાં 80 બોલમાં 175 રનની તોફાની ઈનિંગ રમીને પોતાની પ્રતિભા સાબિત કરી હતી. આવનારા સમયમાં ભારતનું T20 શેડ્યૂલ ઘણું વ્યસ્ત રહેવાનું છે. 2026 એશિયન ગેમ્સ (જાપાન) જેવી મોટી ટુર્નામેન્ટ યુવા ખેલાડીઓને તક આપવા માટે એક ઉત્તમ મંચ સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં વૈભવ સૂર્યવંશીના ડેબ્યૂને લઈને ચર્ચા વધુ તેજ થઈ ગઈ છે. જો તેને તક મળે છે, તો તે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડીને ભારતનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર સૌથી યુવા ખેલાડી બની શકે છે. ICCના નિયમો અનુસાર, ફક્ત ઓછામાં ઓછા 15 વર્ષની ઉંમરે જ કોઈ ખેલાડી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી શકે છે. વૈભવ સૂર્યવંશી ગત 27 માર્ચે 15 વર્ષનો થઈ ગયો છે, જેના કારણે તે પસંદગી માટે સંપૂર્ણપણે લાયક છે. આ પહેલા પણ તેણે અંડર-19 વર્લ્ડ કપ 2026ની ફાઈનલમાં 80 બોલમાં 175 રનની તોફાની ઈનિંગ રમીને પોતાની પ્રતિભા સાબિત કરી હતી. આવનારા સમયમાં ભારતનું T20 શેડ્યૂલ ઘણું વ્યસ્ત રહેવાનું છે. 2026 એશિયન ગેમ્સ (જાપાન) જેવી મોટી ટુર્નામેન્ટ યુવા ખેલાડીઓને તક આપવા માટે એક ઉત્તમ મંચ સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં વૈભવ સૂર્યવંશીના ડેબ્યૂને લઈને ચર્ચા વધુ તેજ થઈ ગઈ છે.

## ચેસ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ- વૈશાલી ડ્રો સાથે ટોચ પર પહોંચી

# દિવ્યા દેશમુખ અને પ્રજ્ઞાનંદા હાર્યા; ટુર્નામેન્ટના 4 રાઉન્ડ બાકી

## ટુર્નામેન્ટ ખૂબ જ રોમાંચક બની રહી છે. ટોપ-6 ખેલાડીઓ વચ્ચે 1 પોઈન્ટનો તફાવત છે

**મુંબઈ, તા.11**

ભારતીય ગ્રાન્ડમાસ્ટર વૈશાલી રમેશબાબુએ FIDE ચેસ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટની વિમેન્સ કેટેગરીના 10મા રાઉન્ડમાં યુક્રેનની અન્ના મુઝીચુક સામે ડ્રો રમ્યો. આ ડ્રોથી મળેલા અડધા પોઈન્ટ્સ સાથે વૈશાલી ટોચ પર પહોંચી ગઈ. બીજી તરફ, ભારતીય ગ્રાન્ડમાસ્ટર દિવ્યા દેશમુખને રશિયાની એલેક્ઝાન્ડ્રા ગોર્યાચકિના સામે હારનો સામનો કરવો પડ્યો. ઓપન કેટેગરીમાં ભારતના ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદને ઉઝબેકના જાવોખિર સિંદારોવ સામે હારનો સામનો કરવો પડ્યો. પ્રજ્ઞાનંદ આ હાર બાદ 7મા નંબર પર સરકી ગયા. ટુર્નામેન્ટ સાયપ્રસના પાફોસમાં રમાઈ રહી છે. હજુ ચાર રાઉન્ડ બાકી છે.

ટોપ-6 ખેલાડીઓ વચ્ચે 1 અંકનો તફાવત

10મા રાઉન્ડમાં વૈશાલીને ખાસ મુશ્કેલી ન પડી અને રમત કોઈ ઉતાર-ચઢાવ વિના ડ્રો રહી. ઝુ ઝિનેરને બિબિસારા અસાઉબાયેવા સામે હારનો સામનો કરવો પડ્યો, જેનાથી વૈશાલીને લીડ મળી. ટુર્નામેન્ટ ખૂબ જ રોમાંચક બની રહી છે. ટોપ-6 ખેલાડીઓ વચ્ચે 1 પોઈન્ટનો તફાવત છે. ઝુ ઝિનેર અને અન્ના મુઝીચુક 5.5 પોઈન્ટ સાથે વૈશાલીથી અડધો પોઈન્ટ પાછળ છે. 11મા રાઉન્ડમાં વૈશાલીનો મુકાબલો ગોરિયાચકીના સામે થશે, જ્યારે દિવ્યા ઝુ ઝિનેર સામે રમશે.

ગુકેશે જીતી હતી છેલ્લી કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ

છેલ્લી વખત ભારતના ડી. ગુકેશે તેને જીતીને ચીનના ડિંગ લિરેનને પડકાર્યો હતો. ત્યારે ગુકેશ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતનાર ભારતના બીજા ખેલાડી બન્યા હતા. 5 વખતના વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે 1995માં પહેલીવાર કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતી હતી.


કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ શું છે અને શા માટે મહત્વપૂર્ણ છે

કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટને શતરંજની દુનિયાની સૌથી મહત્વપૂર્ણ ઈવેન્ટ માનવામાં આવે છે, કારણ કે તે જ નક્કી કરે છે કે વર્લ્ડ ચેમ્પિયનનો આગામી ચેલેન્જર કોણ હશે. તેને વર્લ્ડ ચેમ્પિયનશિપની સેમિફાઈનલ પણ કહેવામાં આવે છે. વિજેતાને સીધા વર્લ્ડ ચેમ્પિયન સામે રમવાની તક મળે છે. આ શતરંજની સૌથી મોટી ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ છે.



## પહેલાં નામ બદલાયું, હવે રિલીઝ ડેટ ટળી :

# સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ'ના મહત્વપૂર્ણ સીનનું શૂટિંગ બાકી હોવાની ચર્ચા



**મુંબઈ, તા.11**

સલમાન ખાનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'માતૃભૂમિ' (અગાઉ બેટલ ઓફ ગલવાન)ની રિલીઝ હાલ પૂરતી ટાળી દેવામાં આવી છે. સ્ક્રિપ્ટમાં કેટલાક ફેરફારોને કારણે ફિલ્મની રિલીઝ ડેટ પાછળ ઠેલાવવામાં આવી હોવાનો દાવો કરાયો છે. તાજેતરમાં 'ઈન્ડિયા ટુડે'ના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, વિલંબનું એક મોટું કારણ સિંગર-એક્ટર પ્રશાંત તામાંગનું અવસાન પણ છે. પ્રશાંત તામાંગ મુખ્ય વિલનની ભૂમિકા ભજવવાનો હતો જોકે, હજુ સુધી મેકર્સે સત્તાવાર રીતે ફિલ્મની રિલીઝ ડેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. નોંધનીય છે કે, અગાઉ ફિલ્મની રિલીઝ 17 એપ્રિલે નક્કી કરવામાં આવી હતી. રિપોર્ટમાં ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રના હવાલેથી જણાવવામાં આવ્યું કે, 'ઈન્ડિયન આઈડલ 3'ના વિજેતા અને એક્ટર પ્રશાંત તામાંગને મુખ્ય વિલનના રોલ માટે સાઈન કરવામાં આવ્યો હતો અને તેણે ઘણા મહત્ત્વના સીનની શૂટિંગ પણ પૂરી કરી લીધી હતી. જોકે, આ વર્ષે જાન્યુઆરીમાં તેના નિધન પહેલા કેટલાક મહત્ત્વના સીનની શૂટિંગ બાકી હતી.

પ્રશાંત તામાંગે ફિલ્મ 'માતૃભૂમિ'ની ટીમ સાથે તસવીરો શેર કરી હતી.

સૂત્રએ જણાવ્યું કે, 'ટીમના કેટલાક શેડ્યૂલ નક્કી હતા, જેમાં પ્રશાંતને ખૂબ જ મહત્વપૂર્ણ સીન શૂટ કરવાના હતા. તેના ગયા પછી ટીમ ઊંડા સંકટમાં છે.' જોકે, મેકર્સે શરૂઆતમાં તેના સીન રીશૂટ કરવાનું વિચાર્યું હતું, પરંતુ હાલમાં તે શક્ય લાગતું નથી. સૂત્રએ કહ્યું, 'ક્લોઝ-અપ શોટ્સ મેનેજ કરી શકાય છે, પરંતુ તે એક મોટા એક્શન સિક્વન્સનો પણ ભાગ હતો. આ માત્ર આર્થિક રીતે જ મુશ્કેલ નહીં હોય પરંતુ લોજિસ્ટિક્સની દૃષ્ટિએ પણ મુશ્કેલ હશે.'

સલમાનની તારીખો પણ ઉપલબ્ધ નથી

આ ઉપરાંત સૂત્રએ જણાવ્યું કે, સલમાન ખાનની તારીખો ઉપલબ્ધ નથી અને તેના લુકની સાતત્યતા પણ મુશ્કેલીઓ વધારી રહી છે, જેના કારણે ટીમ માટે પરિસ્થિતિઓ વધુ પડકારજનક બની રહી છે.

AI અને VFXની મદદ લેવાય તેવી શક્યતા

એક સમયે, ટીમ કાં તો આ ભૂમિકા માટે અન્ય કોઈ એક્ટરને કાસ્ટ કરવાનું વિચારી રહી હતી અથવા AI અને VFX નો ઉપયોગ કરીને બાકીના દ્રશ્યોમાં પ્રશાંતનો ચહેરો ઉમેરવાનું વિચારી રહી હતી. જોકે, આ માટે તેમના પરિવારની મંજૂરી જરૂરી રહેશે. સૂત્રએ આગળ જણાવ્યું, 'આ મહિનાના અંત સુધીમાં નિર્ણય લેવાઈ જશે, કારણ કે ફિલ્મને પૂરી કરવી અને પોસ્ટ-પ્રોડક્શન શરૂ કરવું જરૂરી છે. રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી, પરંતુ વિષયને જોતાં, તેને સ્વતંત્રતા દિવસે રિલીઝ કરી શકાય છે.'



## માંગમાં સિંદૂર અને ગળામાં મંગળસૂત્ર! : લગ્ન પછી

# રશ્મિકા મંદાનાનો પહેલો બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ

**મુંબઈ, તા.11**

સાઉથ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાએ 'તેલંગાણા ગદર ફિલ્મ એવોર્ડ્સ 2025'માં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પોતાના નામે કર્યો છે. 26 ફેબ્રુઆરીએ વિજય દેવરકોંડા સાથે લગ્નના બંધનમાં બંધાયા પછી આ રશ્મિકાનો પહેલો મોટો પબ્લિક અપિયરન્સ હતો. આ પ્રસંગે તે સાસુ માધવી દેવરકોંડા સાથે જોવા મળી હતી. એવોર્ડ સમારોહનું આયોજન 19 માર્ચે 'ઉગાડી'ના અવસરે કરવામાં આવ્યું હતું, જેમાં તેલુગુ સિનેમાના ઘણા મોટા સેલેબ્સે હાજરી આપી હતી.

ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' માટે મળ્યું સન્માન

રશ્મિકા મંદાનાને તેમની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'માં 'ભૂમા દેવી'ના પાત્ર માટે બેસ્ટ એક્ટ્રેસ તરીકે પસંદ કરવામાં આવી. અભિનેતા રામ ચરણે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની હાજરીમાં રશ્મિકાને આ ટ્રોફી આપી. લગ્ન પછી આ રશ્મિકાનો પહેલો મોટો એવોર્ડ છે.

સાડી અને સિંદૂર સાથે મંચ પર દેખાઈ રશ્મિકા

સ્ટેજ પર એવોર્ડ લેતી વખતે રશ્મિકા ખૂબ જ ભાવુક દેખાઈ. તેણે પોતાની સ્પીચમાં સંઘર્ષના દિવસોને યાદ કરતા કહ્યું, 'શરૂઆતમાં લોકોએ મારા પર્ફોર્મન્સને ખૂબ ટ્રોલ કર્યું હતું, પરંતુ આજે તે જ કામ માટે રાજ્યએ મને આ એવોર્ડ આપ્યો છે. મેં અહીં સુધી પહોંચવા માટે લાંબી સફર ખેડી છે.'

રશ્મિકાની સ્પીચ સાંભળીને સાસુ માધવી દેવરકોંડા ભાવુક થઈ ગયાં.

રેડ કાર્પેટ પર રશ્મિકા પોતાની સાસુ માધવી દેવરકોંડા સાથે પહોંચી હતી. લુકની વાત કરીએ તો, રશ્મિકાએ આઈવરી કલરની સિલ્ક સાડી પહેરી હતી. તેણે માંગમાં સિંદૂર, ગળામાં ગોલ્ડ મંગળસૂત્ર અને વાળમાં ગજરો લગાવીને પોતાનો ટ્રેડિશનલ લુક પૂરો કર્યો હતો.

નાગ ચૈતન્ય બેસ્ટ એક્ટર, કમલ હાસન પણ સન્માનિત થયા

સમારોહમાં ફિલ્મ 'થંડલ' માટે નાગ ચૈતન્યને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો. જ્યારે, ફિલ્મ જગતમાં યોગદાન માટે દિગ્ગજ એક્ટર કમલ હાસનને 'પેડી જયરાજ ફિલ્મ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. 'રાજુ વેડ્સ રંબાઈ' માટે સેલુ કંપતિને બેસ્ટ ડિરેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા.

# લેક્મે ફેશન વીક 2026ની શરૂઆત

## અનન્યા પાંડે, રાધિકા મદાન અને હાર્દિક પંડ્યાની ગર્લફ્રેન્ડ માહિકાએ રેમ્પ વોક કર્યું



**મુંબઈ, તા.11**

મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં 'લેક્મે ફેશન વીક 2026' (LFW) ની શરૂઆત થઈ ગઈ છે. 19 માર્ચથી શરૂ થયેલા આ પાંચ દિવસીય ફેશન ઈવેન્ટના પહેલા દિવસે ઘણા મોટા ડિઝાઈનર્સે પોતાનું લેટેસ્ટ કલેક્શન રજૂ કર્યું. ઈવેન્ટમાં શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન, અનન્યા પાંડે, ડેઝી શાહ, કુબ્રા સૈત અને રાધિકા મદન જેવા સેલેબ્સ હાજર રહ્યા. જ્યારે એક્ટર સિદ્ધાર્થ અને હાર્દિક પંડ્યાની ગર્લફ્રેન્ડ અને મોડલ માહિકા શર્મા પણ ફોકસમાં રહ્યા. પહેલા દિવસે 'ધ બોયઝ ક્લબ' થી લઈને અનામિકા ખન્નાના 'AK|OK' લેબલ સુધી, રેમ્પ પર ટ્રેડિશનલ અને મોડર્ન સ્ટાઈલનું શાનદાર ફ્યુઝન જોવા મળ્યું.

પહેલા દિવસનું સમાપન જાણીતા ડિઝાઈનર અનામિકા ખન્નાના શો સાથે થયો. તેણે પોતાના લેબલ 'AK|OK' હેઠળ વર્સેટાઈલ અને ગ્લેમરસ આઉટફિટ્સ રજૂ કર્યાં. મોડલ માહિકા શર્મા અનામિકા ખન્નાના ખાસ આઉટફિટમાં રેમ્પ પર ઉતરી. આ કલેક્શનમાં ધોતી પેન્ટ, રફલ્ડ ટોપ, કો-ઓર્ડ સેટ્સ અને ફ્લોર લેન્થ ગાઉન્સ પર ફોકસ કરવામાં આવ્યું હતું. અનામિકાનું આ કલેક્શન 'ઈઝ ઓફ શેપ' એટલે કે આરામદાયક અને સ્ટાઈલિશ કપડાં માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું.

સિદ્ધાર્થનો 'દેશી' લુક અને મેન્સવેરનો જલવો

ડિઝાઈનર વિવેક કરુણાકરણ માટે સાઉથ અને બોલિવૂડ એક્ટર સિદ્ધાર્થ શોસ્ટોપર બન્યો. તેણે બ્રાઉન સિલ્ક કોટ સાથે ડ્રેપ્ડ ધોતી પેન્ટ પહેર્યું હતું. તેના આ 'અર્થી ટોન' (માટી જેવા રંગ) વાળા લુકને દર્શકોએ ખૂબ પસંદ કર્યો. સિદ્ધાર્થ ઉપરાંત 'ધ બોયઝ ક્લબ' સેગમેન્ટમાં કન્ટ્રીમેડ, ધ્રુવ વૈશ અને સાહિલ અનેજા જેવા ડિઝાઈનર્સે પુરુષો માટે નવા જમાનાના ફેશન ટ્રેન્ડ્સ બતાવ્યા.

સાડી અને મોડર્ન ડિઝાઈનનો તાલમેલ

ડિઝાઈનર જોડી અબ્રાહમ એન્ડ ઠાકુરે ફ્રેન્ચ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ 'L'Atelier 1664' સાથે મળીને 'સાડી-ટોરિયલ' કલેક્શન લોન્ચ કર્યું. જેમાં ભારતીય સાડીને મોર્ડન ફ્રેન્ચ ટચ સાથે રજૂ કરવામાં આવી. જ્યારે, 'ચોલા' બ્રાન્ડે 'એકોસ ઈન મોનોક્રોમ' પ્રેઝન્ટેશન દ્વારા માત્ર બ્લેક અને વ્હાઈટ રંગોમાં બોલ્ડ અને સ્ટ્રક્ચર્ડ ડિઝાઈન દર્શાવી.

# રોયલ એનફિલ્ડની પહેલી ઇલેક્ટ્રિક બાઇક 'ફ્લાઇંગ ફ્લી C6' લોન્ચ : ₹2.79 લાખ કિંમત, BaaS મોડેલમાં ₹1.99 લાખમાં મળશે; બેંગલુરુમાં ટેસ્ટ રાઇડ શરૂ

**નવી દિલ્હી, તા.11**

રોયલ એનફિલ્ડે તેની પ્રથમ ઈલેક્ટ્રિક બાઈક 'ફ્લાઈંગ ફ્લી C6' લોન્ચ કરી છે. તેની એક્સ-શોરૂમ કિંમત 2.79 લાખ છે. જોકે, કંપનીએ 'બેટરી એઝ અ સર્વિસ'નો વિકલ્પ પણ આપ્યો છે. આ મોડેલ હેઠળ બાઈકની કિંમત ઘટીને 1.99 લાખ થઈ જશે. આ ઈલેક્ટ્રિક બાઈકનું બુકિંગ અને ટેસ્ટ રાઈડ આજે 10 એપ્રિલથી સૌથી પહેલા બેંગલુરુમાં શરૂ થઈ ગઈ છે.



**ડિઝાઈન અને વજન:** માત્ર 124 કિલોની બાઈક, 19-ઈંચના મોટા વ્હીલ્સ

ફ્લાઈંગ ફ્લી C6 ને કંપનીએ યુનિક અને રેટ્રો-ફ્યુચરિસ્ટિક લુક આપ્યો છે. તેમાં ગર્ડર ફોર્ક સસ્પેન્શનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આજકાલની બાઈક્સમાં બહુ ઓછો જોવા મળે છે. કંપનીએ આ બાઈકનું વજન માત્ર 124 કિલો રાખ્યું છે જેથી સારી રેન્જ મળી શકે. તેમાં 19-ઈંચના મોટા પૈડાં અને પાતળા ટાયર છે. આનાથી રોલિંગ રેઝિસ્ટન્સ ઓછો થાય છે અને બેટરી ઓછી ખર્ચાય છે.

**પર્ફોર્મન્સ:** ટોપ સ્પીડ 115 કિમી/કલાક, ફુલ ચાર્જ પર 154 કિમીની રેન્જ

તેમાં 3.91kWh નો બેટરી પેક આપવામાં આવ્યો છે. કંપનીનો દાવો છે કે એકવાર ફુલ ચાર્જ થવા પર તે 154 કિમી સુધી ચાલશે. તેમાં લાગેલી મોટર 60Nm નો ટોર્ક જનરેટ કરે છે. ઝડપના મામલે પણ તે પાછળ નથી; આ બાઈક માત્ર 3.7 સેકન્ડમાં 0 થી 60 કિમી/કલાકની સ્પીડ પકડી લે છે. તેની ટોપ સ્પીડ 115 કિમી/કલાક જણાવવામાં આવી છે.

**ચાર્જિંગ ટેકનોલોજી:** 2 કલાકમાં ફુલ ચાર્જ, મોબાઈલ એપથી સ્પીડ કંટ્રોલ થશે

આ ઈલેક્ટ્રિક બાઈકને 0 થી 100% સુધી ચાર્જ થવામાં 2 કલાક 16 મિનિટનો સમય લાગે છે, જ્યારે 20થી 80% સુધી તે માત્ર 1 કલાક 5 મિનિટમાં ચાર્જ થઈ જાય છે. ખાસ વાત એ છે કે રાઈડર મોબાઈલ એપ દ્વારા પોતાની સુવિધા અનુસાર ચાર્જિંગની સ્પીડ પણ નક્કી કરી શકે છે.

**સેફ્ટી-ફીચર્સ:** 5 રાઈડિંગ મોડ્સ અને કોર્નરિંગ ટ્રેક્શન કંટ્રોલ

રાઈડને સુરક્ષિત અને સરળ બનાવવા માટે તેમાં 3.5-ઈંચનો કલર TFT ડિસ્પ્લે આપવામાં આવ્યો છે. બાઈકમાં 5 રાઈડિંગ મોડ્સ- સિટી, રેઈન, હાઈવે, સ્પોર્ટ અને કસ્ટમ મળે છે.

# ગૂગલ લાવ્યું 35 નવા AI ટૂલ્સ : હવે કોડિંગ કે ડેવલપર વગર પોતાની એપ બનાવો, ગણતરીની મિનિટોમાં મ્યુઝિક કમ્પોઝ કરો

**નવી દિલ્હી, તા.11**

જો તમને AI એક્સપેરિમેન્ટ્સ ગમે છે, તો Google Labs પર 35 પ્રાયોગિક સાધનો ઉપલબ્ધ છે, જે તમને અભ્યાસથી લઈને એપ્સ બનાવવા, સંગીત કંપોઝ કરવા અને વર્ચ્યુઅલ મુસાફરી સુધીમાં મદદ કરી શકે છે. ખાસ વાત એ છે કે, આમાંથી ઘણા ટૂલ્સ કોઈપણ તકનીકી જ્ઞાન વિના પણ વાપરી શકાય છે.

મૂળ Google Labs 2002થી 2011 સુધી અસ્તિત્વમાં હતું, જ્યાં Gmail અને Google Maps જેવા મોટા પ્રોડક્ટ્સ વિકસાવવામાં આવ્યા હતા. પાછળથી તેને બંધ કરી દેવામાં આવ્યું હતું. 2023 માં તેને AI પ્રયોગો માટે ફરીથી શરૂ કરવામાં આવ્યું છે.



ફાયરબેઝ સ્ટુડિયોથી 5 મિનિટમાં મફતમાં તમારી વેબસાઈટ બનાવો, ગૂગલ ફ્લોથી એનિમેશન વીડિયોઝ

**પ્રોડ્યુસર AI:** હવે AI દ્વારા સંગીત બનાવવું પણ શક્ય છે

- આ ટૂલ ટેક્સ્ટમાંથી આખું ગીત બનાવી શકે છે.
- આ ટૂલ ગૂગલ ડીપમાઈન્ડના હાઈ-ફિડેલિટી મ્યુઝિક મોડેલ પર આધારિત છે.
- ઉદાહરણ તરીકે લખો, 'મારું નામ અમિત છે, મારા નામ પર એક ગીત બનાવો.' આ પ્રોમ્પ્ટ પર AI તમારા માટે આખું સંગીત તૈયાર કરી દેશે.

કેવી રીતે ઉપયોગ કરવો: producer.ai પર જાઓ.

**ગૂગલ ફ્લો:** કેમેરા વિના ફિલ્મી દ્રશ્યો તૈયાર કરો... એનિમેશન બનાવો

- તે પ્રોફેશનલ જેવા વીડિયો સીન બનાવી શકે છે. કેમેરા મૂવમેન્ટ અને શોટ્સ નિયંત્રિત રહે છે.
- તે Vio 3 વીડિયો મોડેલ પર આધારિત છે.

ઉદાહરણ: આજકાલ સોશિયલ મીડિયા પર એનિમેટેડ વીડિયોઝ ચર્ચામાં છે. શિક્ષણ હોય કે મનોરંજન, આ પ્રકારના વીડિયોઝ અહીંથી બનાવવા સરળ છે.

કેવી રીતે ઉપયોગ કરવો: ગૂગલ લેબ્સમાં Flow શોધો.

**ટોકિંગ ટૂર્સ ઈન્ડિયા:** ઘરે બેઠા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લો

- તે ગૂગલ સ્ટ્રીટ વ્યૂ અને AI ગાઈડનું મિશ્રણ છે.

# ઇન્સ્ટાગ્રામ પર પર્સનલ વાતો કરતા પહેલા ચેતજો! : કંપની 8 મેથી એન્ડ ટુ એન્ડ ઇન્ક્રિપ્શન હટાવશે, કરોડો યુઝર્સની પ્રાઇવસી પર સંકટ તોળાયું

**નવી દિલ્હી, તા.11**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ લગભગ દરેક વ્યક્તિના જીવનનું એક ભાગ બની ગયું છે. ફોટો અને રીલ્સ પોસ્ટ કરવા અને શેર કરવા ઉપરાંત ઈન્સ્ટાગ્રામ કરોડો લોકોની ચેટ એપ્લિકેશન પણ બની ગયું છે. ખાસ કરીને, યુવાનો માટે આ વોટ્સએપ જેવું જ કોમ્યુનિકેશન પ્લેટફોર્મ છે. પરંતુ 8 મેથી ઈન્સ્ટાગ્રામની ડાયરેક્ટ મેસેજ (DM) સર્વિસમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. હવે ઈન્સ્ટાગ્રામ તમારા દરેક મેસેજ પર ચાંપતી નજર રાખશે. મેસેજ હવે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ રહેશે નહીં.

**એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન:** સંપૂર્ણ ટેકનોલોજી સમજીએ

જ્યારે તમે કોઈને મેસેજ મોકલો છો, ત્યારે તે સીધો સામેવાળા સુધી પહોંચતો નથી, પહેલા સર્વર પર જાય છે. એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન હોય, ત્યારે મેસેજને એક ખાસ કોડમાં બદલી દેવામાં આવે છે. આ કોડ ફક્ત મોકલનાર (સેન્ડર) અને પ્રાપ્તકર્તા (રિસીવર) પાસે રહેલી કી વડે જ ખોલી શકાય છે. વચ્ચે કોઈ પણ, અહીં સુધી કે કંપની પણ મેસેજ વાંચી શકતી નથી. આને એમ સમજીએ કે, જેમ તમે મિત્રને તાળું મારેલું બોક્સ મોકલ્યું, જેની ચાવી ફક્ત તમારા બંને પાસે છે. કુરિયર બોક્સ લઈ જઈ શકે છે, ખોલી શકતું નથી.

**8 મેથી થશે આ ફેરફારો**

- 8 મે પછી ઈન્સ્ટાગ્રામ DMs માં એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્શન ફીચર સમાપ્ત થઈ જશે.
- મેસેજ એન્ક્રિપ્ટેડ રહેશે નહીં.
- કંપની માટે મેસેજ એક્સેસ કરવા શક્ય બનશે.
- હવે ઈન્સ્ટાગ્રામ ચેટ પર સુરક્ષા પહેલા કરતા ઓછી થઈ જશે.
- ફેરફાર દેખાશે નહીં, પરંતુ અસર થશે.

**શા માટે હટાવી રહ્યા છે ફીચર?**

એક દલીલ છે કે, આમાં વધારાનો ટેકનિકલ ખર્ચ થાય છે. બીજી તરફ ઘણી સરકારો લાંબા સમયથી માંગ કરી રહી છે કે જરૂર પડ્યે ખાનગી ચેટ સુધી પહોંચ મળવી જોઈએ. કાયદા અમલીકરણ એજન્સીઓ અને બાળ સુરક્ષા જૂથો તરફથી આ ફીચરને લઈને વર્ષો સુધી ટીકાઓનો સામનો કર્યા પછી, મેટાએ આ મહિને તેના ઈન્સ્ટાગ્રામ હેલ્પ પેજ પર અને 2022ની એક અપડેટેડ પોસ્ટ દ્વારા જાણકારી આપી છે કે, 8 મે 2026થી ઈન્સ્ટાગ્રામના ડાયરેક્ટ મેસેજમાં 'એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન' ઉપલબ્ધ રહેશે નહીં.

ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, મેટાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'એન્ક્રિપ્શન હટાવવાનો નિર્ણય તેના ઓછા વપરાશને કારણે લેવામાં આવ્યો છે. ખૂબ જ ઓછા લોકો ડીએમ (DM) માં એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ મેસેજિંગનો વિકલ્પ પસંદ કરી રહ્યા હતા, તેથી અમે આગામી મહિનાઓમાં ઈન્સ્ટાગ્રામ પરથી આ વિકલ્પ હટાવી રહ્યા છીએ. જે લોકો એન્ક્રિપ્શન સાથે મેસેજિંગ ચાલુ રાખવા માંગે છે, તેઓ સરળતાથી વોટ્સએપનો ઉપયોગ કરી શકે છે.'

**યુઝર્સે શું કરવું?**

જો તમે ઈન્સ્ટાગ્રામ પર ખાનગી અથવા સંવેદનશીલ વાતો કરો છો, તો સાવચેત રહો.

મહત્વપૂર્ણ માહિતી શેર ન કરો

વોટ્સએપ પસંદ કરો, ડિફોલ્ટ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન છે.

સિગ્નલ, સૌથી સુરક્ષિત મેસેજિંગ એપ્સમાંથી એક છે.

ટેલિગ્રામ સિક્રેટ ચેટમાં પણ એન્ક્રિપ્શન ફીચર આપવામાં આવ્યું છે.

# LPG સંકટ : રાજ્યોને 23 માર્ચથી 20% વધુ ગેસ મળશે : કેન્દ્ર સરકારે કહ્યું- રેસ્ટોરન્ટ-હોટલોને પ્રાથમિકતા મળે, પ્રવાસી મજૂરોને 5 કિલોના સિલિન્ડર આપવામાં આવે

**મુંબઈ, તા.11**

કેન્દ્રએ દેશમાં ચાલી રહેલા ગેસ સંકટ વચ્ચે રાજ્યોને LPG સપ્લાય વધારવાનો નિર્દેશ આપ્યો છે. 23 માર્ચથી રાજ્યોને હવે પહેલા કરતા 20% વધુ ગેસ આપવામાં આવશે. આ પછી રાજ્યોને મળતી કુલ સપ્લાય સંકટ પહેલાના સ્તર (પ્રી-ક્રાઈસિસ લેવલ)ના 50% સુધી પહોંચી જશે.

પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના સચિવ ડો. નીરજ મિત્તલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને તેની જાણકારી આપી. તેમાં કહેવામાં આવ્યું કે સામુદાયિક રસોડા, રેસ્ટોરન્ટ, ઢાબા, હોટલ અને ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીનને પ્રાથમિકતા આપવામાં આવે.

આ સાથે જ પ્રવાસી મજૂરોને પ્રાથમિકતાથી 5 કિલોવાળા ફ્રી ટ્રેડ એલપીજી (FTL) સિલિન્ડર ઉપલબ્ધ કરાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. જ્યારે, ગેસની કાળાબજારી કે ખોટો ઉપયોગ રોકવા માટે પગલાં ભરવાનું પણ કહેવામાં આવ્યું છે.



પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે રાજ્યોને પત્ર મોકલ્યો છે.

**શું છે 'પ્રી-ક્રાઈસિસ લેવલ'?**

'પ્રી-ક્રાઈસિસ લેવલ'નો અર્થ એ સમયથી છે જ્યારે દેશમાં ગેસ સંકટ શરૂ થયું ન હતું. હાલમાં રાજ્યોને ખૂબ ઓછો પુરવઠો મળી રહ્યો હતો, જેને હવે વધારીને જૂની માગનો અડધો (50%) કરવામાં આવ્યો છે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાંથી ક્રૂડ ઓઈલ અને ગેસનો પુરવઠો લગભગ અટકી ગયો છે.

**ઢાબા, હોટલ અને ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીનને મળશે પ્રાથમિકતા**

આ વધારાનો 20% ગેસ ખાસ સેક્ટરોને પ્રાથમિકતા આપીને આપવામાં આવશે. ડો. નીરજ મિત્તલના પત્ર મુજબ, આ સપ્લાય સૌથી પહેલા રેસ્ટોરન્ટ, ઢાબા, હોટલ અને ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીનને મળશે. સરકારનો હેતુ છે કે ખાવા-પીવાની સેવાઓ અને ફૂડ ઈન્ડસ્ટ્રી પર કોઈ પણ પ્રકારની અસર ઓછીમાં ઓછી પડે.

**ફૂડ પ્રોસેસિંગ અને ડેરી સેક્ટરને પણ રાહત**

ગેસના વધારાના પુરવઠાનો લાભ ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ અને ડેરી સેક્ટરને પણ મળશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી સસ્તા દરની કેન્ટીન અને આઉટલેટ્સને પણ આમાં સામેલ કરવામાં આવ્યા છે. કમ્યુનિટી કિચનને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે, જેથી સામાન્ય લોકોને સરળતાથી ભોજન મળતું રહે.

**પ્રવાસી મજૂરો માટે 5 કિલોવાળા સિલિન્ડરની વ્યવસ્થા**

મંત્રાલયે પ્રવાસી મજૂરોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે 5 કિલોના FTL ગેસ સિલિન્ડર પ્રવાસી મજૂરોને આપવામાં આવે. સાથે જ, રાજ્યોને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે કે આ વધારાના ગેસની કાળાબજારી કે ખોટો ઉપયોગ ન થાય તે માટે કડક પગલાં લેવામાં આવે.

**આગળના આદેશ સુધી આ વ્યવસ્થા ચાલુ રહેશે**

આ નવી વ્યવસ્થા 23 માર્ચથી લાગુ થશે અને આગામી સૂચના સુધી ચાલુ રહેશે. હાલમાં દેશમાં એલપીજીની અછત છે, આવા સમયે સપ્લાયને 50% સુધી વધારવું એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. સરકાર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે, જેથી ભવિષ્યમાં સપ્લાયને પહેલા જેવા સામાન્ય સ્તર (100%) સુધી પહોંચાડી શકાય.

**ઈરાન-અમેરિકા અને ઈઝરાયલ યુદ્ધથી ગેસની અછત**

ઈરાન પર 28 ફેબ્રુઆરી 2026 ના રોજ અમેરિકા અને ઈઝરાયલે મળીને હુમલો કર્યો. બંને દેશોએ ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ, મિસાઈલ સાઈટ્સ અને પરમાણુ સુવિધાઓ પર મોટા પાયે હવાઈ હુમલા કર્યા.

આ હુમલાઓમાં સુપ્રીમ લીડર અલી ખામેની સહિત અનેક મોટા અધિકારીઓ માર્યા ગયા. આ અભિયાનને અમેરિકાએ "ઓપરેશન એપિક ફ્યુરી" નામ આપ્યું.

આ યુદ્ધ પછી હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વધી ગયો અને સપ્લાય પ્રભાવિત થઈ. આ જ રસ્તો ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશનો લગભગ 80-85% LPG અહીંથી આવે છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો LPG આયાતકાર છે અને 60% થી વધુ ગેસ બહારથી મંગાવે છે.

# એરલાઈન્સ કંપનીઓ ભાડું વધારે તેવી શક્યતા : કહ્યું- મજબૂરીમાં પણ ભાડું વધારવું પડે તેવી સ્થિતિ

**નવી દિલ્હી, તા.11**

ઈન્ડિગો, એર ઈન્ડિયા અને સ્પાઈસ જેટ દ્વારા ફ્લાઈટ્સની 60% સીટો પર વધારાનો ચાર્જ ન વસૂલવાના સરકારના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો છે. એરલાઈન્સનું કહેવું છે કે આ પગલાથી તેમને પોતાની ગુમાવેલી કમાણીની ભરપાઈ કરવા માટે હવાઈ ભાડું વધારવા પર મજબૂર થવું પડશે. ત્રણેય એરલાઈન્સનું પ્રતિનિધિત્વ કરતી ફેડરેશન ઓફ ઈન્ડિયન એરલાઈન્સ (FIA) એ સિવિલ એવિએશન મંત્રાલયને આ નિર્ણય પાછો ખેંચવા વિનંતી કરી છે.

ફેડરેશને કહ્યું... આ નિર્દેશથી એરલાઈન્સની નાણાકીય સ્થિતિ ઘણી પ્રભાવિત થશે. જેના પરિણામે તમામ મુસાફરોને, જેમાં તે લોકો પણ સામેલ છે, જે કદાચ પહેલાથી સીટો પસંદ કરવા માંગતા નથી, તેમને પણ વધુ ભાડું ચૂકવવું પડશે. જોકે, એવિએશન મંત્રાલયે બુધવારે ભારતમાં હવાઈ યાત્રાને વધુ સુવિધાજનક બનાવવા માટે નવા નિયમો જાહેર કર્યા હતા. નવા આદેશ મુજબ એરલાઈન્સની દરેક ફ્લાઈટમાં ઓછામાં ઓછી 60% સીટો કોઈ પણ વધારાના ચાર્જ વિના બુક થશે. આ નિર્દેશો ઘરેલુ ફ્લાઈટ્સ પર લાગુ પડશે.



**ફેડરેશન ઓફ ઈન્ડિયન એરલાઈન્સના 4 મુદ્દા**

એરલાઈન્સ માટે સીટ પસંદ કરવાનો શુલ્ક કમાણીનો એક કાયદેસર (સાચો) રસ્તો છે. એરલાઈન્સ ખૂબ ઓછા નફા પર કામ કરે છે, તેથી તેમને વધારાની સેવાઓ (જેમ કે સીટ પસંદગી) થી કમાણી કરવી પડે છે.

ઈંધણ, મેન્ટેનન્સ અને એરપોર્ટ ચાર્જ જેવા ખર્ચ સતત વધી રહ્યા છે. એરપોર્ટ્સ ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી (AERA) ના નિયમોને કારણે એરપોર્ટનો ખર્ચ દર વર્ષે વધે છે, જેનાથી એરલાઈન્સ પર વધુ દબાણ આવે છે.

જો સીટ સિલેક્શન ચાર્જ પર રોક લગાવવામાં આવે તો એરલાઈન્સની કમાણી ઓછી થઈ જશે અને તેમનું કામકાજ પ્રભાવિત થશે. આનાથી બજાર અનુસાર કિંમત નક્કી કરવાની સ્વતંત્રતા ઓછી થઈ જશે.

મંત્રાલયે આ નિર્ણય લેતા પહેલા એરલાઈન્સ કે અન્ય સંબંધિત પક્ષો સાથે સલાહ લીધી નથી. આ પ્રકારનો નિર્ણય એરલાઈન્સની કમાણીમાં મોટું નુકસાન કરી શકે છે.

**અત્યારે 20% સીટો જ કોઈ વધારાના ચાર્જ વગર બુક થાય છે**

વર્તમાન નિયમોમાં, મુસાફરો માટે 20% સીટો જ કોઈ વધારાના ચાર્જ વગર બુક કરી શકાય છે, જ્યારે બાકીની સીટો માટે ચૂકવણી કરવી પડે છે.

આ પગલું એટલા માટે લેવામાં આવ્યું છે કારણ કે એરલાઈન્સ સીટ પસંદ કરવા સહિતની ઘણી સેવાઓ માટે ખૂબ જ વધારે ચાર્જ વસૂલી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, અત્યારે એરલાઈન્સ પસંદગીની સીટો પસંદ કરવા પર 500 થી 3000 રૂપિયા સુધીનો વધારાનો ચાર્જ લે છે.

આ ઉપરાંત, એક જ PNR (બુકિંગ રેફરન્સ) પર મુસાફરી કરતા મુસાફરોને એકસાથે બેસાડવામાં આવશે અથવા તેમને આસપાસની સીટો આપવામાં આવશે.

**વધારાના ચાર્જને 5 સવાલ-જવાબમાં સમજો**

**સવાલ:** શું હવે સીટ પસંદ કરવા માટે વધુ પૈસા ચૂકવવા પડશે?

**જવાબ:** ના, હવે ફ્લાઈટની ઓછામાં ઓછી 60% સીટો મફત હશે, એટલે કે તમારે દર વખતે સીટ માટે વધારાના પૈસા ચૂકવવા પડશે નહીં.

**સવાલ:** શું પરિવાર અથવા સાથે મુસાફરી કરતા લોકો અલગ-અલગ બેસશે?

**જવાબ:** ના, જો તમારી બુકિંગ એક જ PNR પર હોય, તો તમને સાથે અથવા નજીક-નજીક સીટ આપવામાં આવશે.

# LPG સંકટ: 20% લોકો બ્લેકમાં સિલિન્ડર ખરીદી રહ્યા છે : ₹4,000 સુધી વધુ ચૂકવવા પડી રહ્યા છે

**નવી દિલ્હી, તા.11**

રસોઈ ગેસની અછતને કારણે દેશમાં સિલિન્ડરની કાળાબજારી વધી ગઈ છે. ગેસની અછત અને ડિલિવરીમાં વિલંબને કારણે દેશના લગભગ 20% પરિવારોને બ્લેકમાં સિલિન્ડર ખરીદવા પડી રહ્યા છે. આ માટે લોકોને એક ઘરેલુ સિલિન્ડરના 4000 રૂપિયા સુધી ચૂકવવા પડી રહ્યા છે. ઈન્ડિયન સર્વે અને રિસર્ચ ફર્મ લોકલસર્કિલ્સ દ્વારા જારી કરાયેલા સર્વે રિપોર્ટ અનુસાર, બ્લેકમાં સિલિન્ડર લેનારાઓની સંખ્યા ગયા અઠવાડિયાની સરખામણીમાં 6% વધી ગઈ છે. સર્વેમાં સામે આવ્યું કે આ અઠવાડિયે 68% ભારતીય ઘરને ગેસ ડિલિવરીમાં વિલંબનો સામનો કરવો પડ્યો, જ્યારે ગયા અઠવાડિયે આ આંકડો 57% હતો. ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને હોર્મુઝ રૂટ બંધ થવાને કારણે ભારતમાં ગેસની આયાત પ્રભાવિત થઈ છે. જોકે, પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે શુક્રવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે હવે પેનિક બુકિંગમાં ઘટાડો થયો છે, પરંતુ પરિસ્થિતિ હજુ પણ ચિંતાજનક બની રહી છે.

**ગ્રાહકોને 4,000 સુધી વધુ ચૂકવવા પડી રહ્યા છે**

સર્વે મુજબ, ગેસની અછતને કારણે ગયા અઠવાડિયાની સરખામણીમાં બ્લેકમાં સિલિન્ડર લેનારા 14% થી વધીને 20% થઈ ગયા છે. લોકો નિર્ધારિત ભાવ કરતાં 300 થી 4,000 સુધી વધુ ચૂકવી રહ્યા છે. એક કિસ્સામાં તો નિવૃત્ત અધિકારીની હાઉસિંગ સોસાયટીને કોમ્યુનિટી ઈવેન્ટ માટે એક સિલિન્ડરના 5,000 સુધી ચૂકવવા પડ્યા.

**સિલિન્ડર મળ્યા વગર જ ડિલિવરીનો મેસેજ આવી રહ્યો છે**

સરકારે ગેસ સપ્લાયને પારદર્શક બનાવવા માટે જે ડિજિટલ સિસ્ટમ બનાવી હતી, હવે તેનો જ ખોટો ઉપયોગ થઈ રહ્યો છે. લગભગ 12% ગ્રાહકોએ છેતરપિંડીવાળા SMS મળવાની ફરિયાદ કરી છે. આ મેસેજમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમનો સિલિન્ડર ડિલિવર થઈ ગયો છે, જ્યારે તેમના ઘરે ગેસ પહોંચ્યો જ નથી. આ 'ફેન્ટમ ડિલિવરી' એટલે કે કાગળો પર થતી ડિલિવરીએ ઓફિશિયલ બુકિંગ પ્લેટફોર્મ્સ પર લોકોનો વિશ્વાસ ઘટાડી દીધો છે.

**માત્ર 28% પરિવારોને જ સમયસર સિલિન્ડર મળી રહ્યું છે**

દેશના 328 જિલ્લાના 57,000 લોકો પર થયેલા સર્વેમાં સામે આવ્યું છે કે માત્ર 28% પરિવારોને જ સમયસર ગેસ મળી રહ્યો છે. આ સર્વેમાં શહેર અને ગામના 61% પુરુષો અને 39% મહિલાઓનો સમાવેશ થતો હતો, જેમાંથી મોટાભાગના લોકોએ ગેસ સપ્લાયમાં મુશ્કેલી હોવાનું જણાવ્યું હતું.

**શહેરોમાં PNG અને ગામડાઓમાં લાકડા પર પાછા ફરી રહ્યા છે લોકો**

ગેસ સપ્લાયની અછતને જોતા શહેરી ગ્રાહકો હવે પાઈપવાળી કુદરતી ગેસ (PNG) તરફ વળી રહ્યા છે. જ્યારે, ગ્રામીણ ભારતની સ્થિતિ વધુ ખરાબ છે. સર્વે દર્શાવે છે કે સપ્લાય ન થવાને કારણે 40%થી વધુ ગ્રામીણ વસ્તી હજુ પણ પરંપરાગત બાયોમાસ (લાકડા અને છાણા) પર નિર્ભર છે.

**સરકાર પાસેથી કડક કાર્યવાહીની માગ**

લોકલસર્કિલ્સ હવે આ સર્વેનો રિપોર્ટ કેન્દ્ર સરકાર અને સંબંધિત મંત્રાલયોને સોંપવાની તૈયારીમાં છે. સંસ્થાએ માગ કરી છે કે ગેસનો સંગ્રહ કરનારા ડીલરો અને છેતરપિંડી કરનારી એજન્સીઓ સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં આવે. સાથે જ, ડિજિટલ સિસ્ટમમાં આવી રહેલી ખામીઓને દૂર કરવાની પણ અપીલ કરવામાં આવી છે જેથી સામાન્ય માણસને બ્લેકમાં સિલિન્ડર ન ખરીદવું પડે.

**કાળાબજાર રોકવા માટે 4500 દરોડા પાડવામાં આવ્યા**

પેટ્રોલિયમ મંત્રાલયે જણાવ્યું કે સરકારે દેખરેખ વધારવા માટે 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કંટ્રોલ રૂમ અને જિલ્લા સ્તરે મોનિટરિંગ કમિટીઓ બનાવી છે. સંગ્રહખોરી અને કાળાબજાર રોકવા માટે દેશભરમાં 4500 દરોડા પાડવામાં આવ્યા. તેમાંથી 1100 દરોડા ઉત્તર પ્રદેશમાં થયા. ત્યાં જ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) એ 1800 સરપ્રાઈઝ

# PPF-સુકન્યામાં મિનિમમ અમાઉન્ટ જમા કરાવી દો : ઓફિસમાં ઇન્વેસ્ટમેન્ટ પ્રૂફ જમા કરો, પતાવી લો આ 5 કામ

**નવી દિલ્હી, તા.11**

નાણાકીય વર્ષ 2025-26 પૂરું થવામાં હવે થોડા જ દિવસો બાકી છે. કરદાતાઓ પાસે ટેક્સ બચત રોકાણ અને જરૂરી કાર્યો પૂરા કરવા માટે 31 માર્ચ 2026 સુધીનો જ સમય છે. જો તમે જૂની ટેક્સ રિજીમ (Old Tax Regime)માં છો અને તમારી મહેનતની કમાણી બચાવવા માગો છો, તો સમયસર PPF, સુકન્યા સમૃદ્ધિ અને NPS જેવી યોજનાઓમાં રોકાણ કરવું પડશે.




**આ 5 જરૂરી કામો પૂરા કરી લો**

**1. PPF-સુકન્યામાં લઘુત્તમ રકમ જમા કરાવો**

જો તમારું પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) અને સુકન્યા સમૃદ્ધિ યોજના (SSY) એકાઉન્ટ છે, પરંતુ આ નાણાકીય વર્ષમાં તેમાં પૈસા જમા કરાવી શક્યા નથી, તો એકાઉન્ટને સક્રિય રાખવા માટે 31 માર્ચ 2026 સુધીમાં થોડા રૂપિયા જરૂર જમા કરાવો. PPF અને SSYમાં પૈસા જમા ન કરાવવા પર આ એકાઉન્ટ્સ ઈનએક્ટિવ (બંધ) થઈ શકે છે.

**2. ટેક્સ બચત રોકાણ**

જો તમે અત્યાર સુધી ટેક્સ બચત રોકાણ કર્યું નથી, તો તમે 31 માર્ચ સુધીમાં કરી શકો છો. PPF, ટાઈમ ડિપોઝિટ અને સુકન્યા સ્કીમ સહિતની ઘણી એવી યોજનાઓ છે જેમાં રોકાણ કરીને તમે ટેક્સ બચાવી શકો છો...

- સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમ
- સુકન્યા સમૃદ્ધિ યોજના
- પબ્લિક પ્રોવિડન્ટ ફંડ
- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ
- ટાઈમ ડિપોઝિટ સ્કીમ
- ઈક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ (ELSS)

**3. ઓફિસમાં જમા કરાવવા પડશે ઈન્વેસ્ટમેન્ટ પ્રૂફ**

# યુનિવર્સિટીએ પરીક્ષામાં બેસવા ન દેતા અરજદાર હાઇકોર્ટ પહોંચ્યો

## પિત્ઝા અને બર્ગર ખાવાને લીધે એસિડિટી થઈ:વિદ્યાર્થી કાયદાના કોર્સમાં હાજરી આપી શક્યો નહીં

**અમદાવાદ, તા.11**

મારવાડી યુનિવર્સિટીના LLBના ચોથા વર્ષના એક વિદ્યાર્થી માટે જે બાબત અપૂરતી હાજરીના કિસ્સા તરીકે શરૂ થઈ હતી, તેણે ગુજરાત હાઈકોર્ટમાં એક વિચિત્ર વળાંક લીધો હતો, જેમાં વિદ્યાર્થીએ તેના વર્ગોમાં ગેરહાજરીને તેની ખાવા-પીવાની ટેવો સાથે જોડી હતી.



**વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધ**

વિદ્યાર્થીને ફરજિયાત 75% હાજરી પૂરી ન કરવા બદલ પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધ મૂકવામાં આવતા, વિદ્યાર્થીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેથી તેની શૈક્ષણિક પ્રગતિને અસર ન થાય. રૂબરૂમાં પોતાની દલીલ કરતા તેણે પોતાની લાંબી ગેરહાજરી પાછળ સ્વાસ્થ્યના કારણો આપ્યા હતા અને મેડિકલ કાગળો રજૂ કર્યા હતા જેમાં એસિડિટીનો ઉલ્લેખ હતો.

**પિત્ઝા અને બર્ગર ખાવાને કારણે તબિયત બગડી**

વધુ તપાસ કરતા બીમારી પાછળનું કારણ ધ્યાન ખેંચનારું હતું. વિદ્યાર્થીએ ડોક્ટરના સર્ટિફિકેટનો આધાર લીધો હતો જેમાં જણાવાયું હતું કે તેની હાલત મહિનાઓ સુધી પિત્ઝા અને બર્ગર ખાવાને કારણે બગડી હતી. દસ્તાવેજોમાં એવું પણ જાણવા મળ્યું હતું કે તેણે છેલ્લા ત્રણ મહિનામાં ચાર-પાંચ વાર ડોક્ટરની મુલાકાત લીધી હતી.

**વિદ્યાર્થીનું શૈક્ષણિક વર્ષ જોખમાય નહીં તે માટે ઉકેલ શોધે**

બીજી તરફ યુનિવર્સિટીએ વિદ્યાર્થીની પરીક્ષા આપવાની અપાત્રતાને યોગ્ય ઠેરવવા માટે હાજરીના નિયમો પર ભાર મૂક્યો હતો. હાઈકોર્ટે સૂચન કર્યું હતું કે યુનિવર્સિટી વિદ્યાર્થીનું શૈક્ષણિક વર્ષ જોખમાય નહીં તે માટે કોઈ ઉકેલ શોધે. આ પછી યુનિવર્સિટીએ એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. વિદ્યાર્થી જે તેની ગેરહાજરીને કારણે 15% વેઈટેજ ધરાવતી મિડ ટર્મ-1 પરીક્ષા ગુમાવી ચૂક્યો હતો, તે હજુ પણ મિડ ટર્મ-2 અને અંતિમ પરીક્ષાઓમાં બેસી શકે છે.

**16 એપ્રિલના વધુ સુનાવણી**

જો કે ગુમાવેલા 15% ગુણ વિદ્યાર્થી છોડવા તૈયાર ન હોવાથી, વિદ્યાર્થીએ તરત જ આ પ્રસ્તાવ સ્વીકાર્યો ન હતો. ત્યારબાદ કોર્ટે તેને 16 એપ્રિલ સુધીમાં પુનઃવિચાર કરવા માટે સમય આપ્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે સમય સુધીમાં અરજદારને પોતાનું વલણ સ્પષ્ટ કરવા નિર્દેશ આપવામાં આવે છે કે શું તેઓ 20 એપ્રિલ, 2026 થી શરૂ થનારી મિડ-ટર્મ-II પરીક્ષામાં બેસવા માંગે છે કે કેમ? જો આગામી સુનાવણી સુધીમાં અરજદાર દ્વારા કોઈ એફિડેવિટ ફાઈલ કરવામાં નહીં આવે, તો એમ માનવામાં આવશે કે અરજદાર યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલા પ્રસ્તાવ સાથે સંમત નથી. આ બાબતની વધુ સુનાવણી હવે 16 એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે, જેમાં યુનિવર્સિટી પણ મેરિટ પર તેનો જવાબ દાખલ કરે તેવી અપેક્ષા છે.

# ગાંધીનગરના 89 કેન્દ્રો પર 12 એપ્રિલે TAT-HSની પરીક્ષા

## : 854 બ્લોકમાં 16 હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે

**ગાંધીનગર, તા.11**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિરૂચિ કસોટી (TAT-HS) આવતીકાલે, 12 એપ્રિલ 2026ના રોજ બપોરે 12 વાગ્યાથી 3 વાગ્યા દરમિયાન યોજાશે. ગાંધીનગર જિલ્લાના 89 કેન્દ્રો પર આયોજિત આ પરીક્ષામાં કુલ 16,618 ઉમેદવારો નોંધાયા છે, જેના માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

**854 બ્લોકમાં 16,618 ઉમેદવારો પરીક્ષા આપશે**

ગાંધીનગર જિલ્લામાં પરીક્ષાના સુચારૂ સંચાલન માટે કુલ 854 બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે. નોંધાયેલા કુલ ઉમેદવારોમાં ગુજરાતી માધ્યમના 16,167, અંગ્રેજી માધ્યમના 385 અને હિન્દી માધ્યમના 66 ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ આંકડાકીય વિગતો ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે ગુજરાતી માધ્યમ પ્રત્યેના વિશેષ ઝુકાવને સ્પષ્ટ કરે છે.

**89 ઓબ્ઝર્વર્સ સાથે 2 ઝોનલ અધિકારીઓની નિમણૂક**

પરીક્ષામાં પારદર્શિતા જળવાય અને ગેરરીતિ અટકાવી શકાય તે માટે તમામ 89 કેન્દ્રોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. સુરક્ષા અને સુપરવિઝન માટે 89 સરકારી પ્રતિનિધિઓ અને 89 ઓબ્ઝર્વર્સની સાથે 2 મુખ્ય ઝોનલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. સમગ્ર પરીક્ષા પ્રક્રિયા પર ડિજિટલ નજર રાખવા માટેની અભેદ્ય કિલ્લેબંધી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે.

રવિવારે યોજાનારી આ મહત્વપૂર્ણ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ અને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે, જે હજારો ભાવિ શિક્ષકોની યોગ્યતા નક્કી કરશે. રવિવારે યોજાનારી આ મહત્વપૂર્ણ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ અને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે, જે હજારો ભાવિ શિક્ષકોની યોગ્યતા નક્કી કરશે.

# રીક્ષામાં બેઠેલા 3-શખ્સોએ વૃદ્ધને છરી બતાવી 1 લાખ લૂંટી લીધા

## આરોપીએ કહ્યું, તારા પાસે હોય તે આપી દે નહીં તો મારી નાખીશું

**અમદાવાદ, તા.11**

અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં રહેતા વૃદ્ધ પૈસાની જરૂર હોવાથી ઉધાર પૈસા લેવા રાજકોટ ખાતે બહેનના ઘરે ગયા હતા. વૃદ્ધ 1 લાખ ઉધાર લઈને અમદાવાદ પરત આવ્યા અને વહેલી સવારે પાલડીથી રીક્ષામાં બેસીને વાડજ તરફ આવી રહ્યા હતા. ત્યારે રીક્ષામાં બેઠેલા 3 શખ્સોએ વૃદ્ધને છરી બતાવી 1લાખ રૂપિયા લૂંટી લીધા હતા. જે મામલે વૃદ્ધે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



**રાજકોટથી 1 લાખ લઈને તેઓ એસટી બસમાં અમદાવાદ આવ્યા હતા**

જુના વાડજમાં રહેતા જશવંતભાઈ સોલંકી મોટેરા ડીમાર્ટ સામે ફેબ્રિકેશનનો વેપાર કરે છે. જશવંતભાઈને પૈસાની જરૂર હોવાથી તેઓ રાજકોટ ખાતે તેમના બહેનના ઘરે ઉધાર પૈસા લેવા માટે ગયા હતાં. રાજકોટથી 1 લાખ લઈને તેઓ એસટી બસમાં અમદાવાદ આવ્યા હતા. વહેલી સવારે 5 વાગ્યે તેઓ પાલડી ખાતે બસમાંથી ઉતર્યા હતાં. જે બાદ તેમને વાડજ જવાનું હોવાથી એક રીક્ષામાં બેઠા હતા. આ રીક્ષામાં પહેલાથી જ પાછળની સીટ ઉપર ત્રણ પેસેન્જર બેઠા હતાં. જશવંતભાઈ રિક્ષામાં બેસીને પાલડી ચાર રસ્તાથી એલિસબ્રિજ થઈ વાડજ જવા નીકળ્યા હતાં.

# દ.ગુજરાતમાં ભાજપે ખેલ પાડ્યો : નવસારી જિલ્લા પંચાયતની 3 બેઠકો બિનહરીફ

## છેલ્લે છેલ્લે 4 ઉમેદવાર બદલી રોષ ઠારવાનો પ્રયાસ, કોંગ્રેસમાં કકળાટ

**અમદાવાદ, તા.11**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનો આજે (11 એપ્રિલ) છેલ્લો દિવસ હતો. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા છે. સવારે 10 વાગ્યાથી ઢોલ-નગારા સાથે રેલી કાઢી ઉમેદવારો ફોર્મ ભરવા પહોંચ્યા હતા. ચૂંટણીનું કાઉનડાઉન શરૂ થતાં જ ભાજપે દક્ષિણ ગુજરાતમાં મોટો ખેલ પાડી દીધો છે. નવસારી જિલ્લા પંચાયતની 3 બેઠકો બિનહરીફ થઈ ગઈ છે.



અંતિમ ઘડી સુધી કોંગ્રેસે અમદાવાદ કોર્પોરેશનમાં પોતાના ઉમેદવાર જાહેર કર્યા હતા તો ભાજપે પણ પોતાના 4 ઉમેદવાર બદલવાની ફરજ પડી હતી. જેમાં રાજકોટ, વડોદરામાં એક-એક અને અમદાવાદમાં બે ઉમેદવાર બદલાયા હતા. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર તસ્લીમ આલમ તીર્મીઝિએ પોલીસ જાપ્તા સાથે ફોર્મ ભર્યું હતું. તેમણે કહ્યું કે અમારા ધારાસભ્યોએ જ મને ટિકિટ ન મળે તે માટે કાવતરું રચ્યું છે. 3 વાગ્યા પહેલા પાર્ટી મને મેન્ડેટ આપી દેશે. જો મેન્ડેટ નહીં મળે તો હું ચૂંટણી લડીશ નહીં. જે બાદ હું ધારાસભ્ય પાછળ પડી જઈશ. ધારાસભ્યને હું હવે છોડીશ નહીં. તો આ તરફ વાસણા વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવારે મેન્ડેટ મળવા છતાં છેલ્લી ઘડી સુધી ફોર્મ ભર્યું જ નહીં.

15 મનપા સહિત પાલિકા-પંચાયતના ભાજપના 9500 ઉમેદવાર જાહેર, ધૂરંધરો સહિત 80 ટકાના પત્તા કપાયા, જુઓ લિસ્ટ

**નવસારી જિલ્લા પંચાયતની 3 બેઠકો બિનહરીફ**

નવસારી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં દેવસર બેઠક (ગણદેવી), બિગરી બેઠક (ગણદેવી) અને ઘેજ બેઠક (ચીખલી) બિનહરીફ જાહેર થઈ છે. માત્ર નવસારી જિલ્લા પંચાયત જ નહીં, પરંતુ તાલુકા પંચાયત સ્તરે પણ ભાજપનો દબદબો જોવા મળ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગણદેવી તાલુકા પંચાયતની વિવિધ બેઠકો જેવી કે બિગરી-1, બિગરી-2, ભાઠા, અજરાઈ, માસા અને મટવાડ બેઠકો પર પણ ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. વિપક્ષી છાવણીમાં આ ગાબડું પડતા કાર્યકરોમાં સોપો પડી ગયો છે.

**ભાજપે 4 ઉમેદવાર બદલ્યા**

ભાજપમાં ઉમેદવારોના કકળાટ વચ્ચે 4 ઉમેદવારોને બદલવાની ફરજ પડી હતી. જેમાં અમદાવાદના પાલડી વોર્ડમાંથી આશિષ શાહની જગ્યાએ જૈનિક વકીલ, જમાલપુરમાં કલ્પના કહારને સ્થાને પ્રિયંકા કહાર, રાજકોટના વોર્ડ નંબર 7માં શૈલેષ જાનીના બદલે બ્રહ્મ સમાજના જ પૂર્વ કોર્પોરેટર નેહલ શુકલા અને વડોદરામાં વોર્ડ નં-1માં રાગ મછારની જગ્યાએ ભૂરસિંહ રાઠવાએ ફોર્મ ભર્યું હતું.

### 17 વર્ષીય સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને 20 વર્ષની કેદ

# ગાંધીનગર પોક્સો કોર્ટનો પીડિતાને 4 લાખનું વળતર ચૂકવવા હુકમ

**ગાંધીનગર, તા.11**

ગાંધીનગરના સેક્ટર-7 પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી 17 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ તેના પર વારંવાર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે અમદાવાદના આરોપી મનદીપ રસિકભાઈ વાઘેલાને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા અને કુલ 30 હજારનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત માનવીય અભિગમ અપનાવી કોર્ટે ભોગ બનનાર સગીરાને 4 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

**17 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કર્યું**

આ કેસની વિગત મુજબ, મૂળ સુરેન્દ્રનગરના અને હાલ અમદાવાદમાં રહેતા આરોપી મનદીપ વાઘેલાએ સપ્ટેમ્બર 2022માં સેક્ટર-13 ખાતેથી 17 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કર્યું હતું. બાદમાં આરોપી સગીરાને અમદાવાદના ત્રાગડ ખાતે લઈ ગયો હતો.

**સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ ગુજાર્યું**

11 થી 18 સપ્ટેમ્બર 2022 દરમિયાન તેણીની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી. આ કેસ ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટ જજ એસ. વી. શર્મા સમક્ષ ચાલી જતા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર પી.એસ. વ્યાસે દલીલો કરેલી કે, આરોપીએ માત્ર 17 વર્ષની માસૂમ દીકરી સાથે આવું જઘન્ય કૃત્ય આચરીને ગંભીર ગુનો કર્યો છે.

**સગીરાને 4 લાખનું વળતર ચૂકવવાનો હુકમ**

સમાજમાં આવા કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે આરોપીને સખતમાં સખત સજા કરવામાં આવે તો જ લોકોમાં કાયદાનો ડર પેદા થશે અને સમાજમાં એક સચોટ દાખલો બેસશે. કોર્ટે આ દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને 20 વર્ષની સખત કેદ અને 30 હજારનો દંડ ભોગવવાનો હુકમ કર્યો છે. ઉપરાંત માનવીય અભિગમ અપનાવી કોર્ટે ભોગ બનનાર સગીરાને 4 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

# ગાંધીનગર ડીમાર્ટમાંથી ઘીના પાઉચની ચોરી : 20 દિવસમાં ₹44 હજારના ઘીના પાઉચ ચર્યાં, પોલીસે આરોપીની અટકાયત કરી

**ગાંધીનગર, તા.11**

ગાંધીનગરના સેક્ટર-26માં આવેલા ડીમાર્ટ મોલમાં છેલ્લા 20 દિવસથી ચાલી રહેલી ઘીના પાઉચની ચોરીનો પર્દાફાશ થયો છે. મોલ મેનેજમેન્ટે વાવોલના વતની સુરપાલસિંહ ઠાકોરને લોટની થેલીમાં 13 પાઉચ છુપાવીને લઈ જતા રંગેહાથ ઝડપી પાડી સેક્ટર-21 પોલીસને હવાલે કર્યો છે. સીસીટીવી ફૂટેજ અને સ્ટોકની તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીએ અત્યાર સુધીમાં અંદાજે 44,000ની કિંમતના કુલ 143 ઘીના પાઉચની ચોરી કરી હતી.

**મધુર અને અમુલ ઘીના 500 ગ્રામના પાઉચમાં સતત ઘટ**

ઘટનાની વિગતો મુજબ, સેક્ટર-26 ડીમાર્ટના સ્ટોર મેનેજર તુષારભાઈ ગાયકવાડને છેલ્લા 20 દિવસથી સ્ટોકની ગણતરી દરમિયાન મધુર અને અમુલ ઘીના 500 ગ્રામના પાઉચમાં સતત ઘટ જણાતી હતી. આ મામલે શંકા જતાં સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, જેમાં એક શખ્સ ઘઉંના લોટની થેલીની અંદર કંઈક છુપાવીને લઈ જતો શંકાસ્પદ જણાતા સ્ટાફને સતર્ક કરી દેવામાં આવ્યો હતો.

**અમુલ ઘીના 500 ગ્રામના 13 પાઉચ બિનવારસી મળ્યા**

ગત 10 એપ્રિલના રોજ સાંજે જ્યારે આ શંકાસ્પદ શખ્સ ફરીથી મોલમાં ખરીદી કરવા આવ્યો અને એક્ઝિટ ગેટ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મેનેજરે તેને અટકાવી બિલની માંગણી કરી હતી. બિલમાં માત્ર ઘઉંના લોટની બે થેલીઓ જ નોંધાયેલી હતી, પરંતુ તપાસ કરતા થેલીની અંદરથી અમુલ ઘીના 500 ગ્રામના 13 પાઉચ બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા.

**સેક્ટર-21 પોલીસે આરોપીની અટકાયત કરી**

પકડાયેલા શખ્સની ઓળખ સુરપાલસિંહ સોમાભાઈ ઠાકોર (રહે. વાવોલ, મૂળ મહીસાગર) તરીકે થઈ છે. કડકાઈથી પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે તે અગાઉ પણ અનેકવાર આવી જ મોડસ ઓપરેન્ડીથી ચોરી કરી ચૂક્યો છે. મોલના રેકોર્ડ અનુસાર તેણે અત્યાર સુધીમાં કુલ 143 નંગ પાઉચની ચોરી કરી છે. હાલ સેક્ટર-21 પોલીસે સ્ટોર મેનેજરની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# મકરબામાં વેપારીનો ફિનાલઈ પી આપઘાતનો પ્રયાસ:પાણી બંધ કરી દુકાન ખાલી કરવા દબાણ કર્યું, બહારથી ટેબલ અંદર મૂકવાનું કહેતા ઝપાઝપી

**અમદાવાદ, તા.11**

અમદાવાદના મકરબા વિસ્તારમાં આવેલ સમ્મેત પ્લેટિનમ કોમ્પ્લેક્સમાં અઢી વર્ષથી ભાડે દુકાન ચલાવતા 28 વર્ષીય વેપારી મેહુલ ચૌહાણે સતત માનસિક દબાણથી કંટાળીને ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. મુકેશ શાહ અને તેમના પુત્ર મિત દ્વારા દુકાન ખાલી કરાવવા માટે આપવામાં આવતી ધમકીઓ અને પજવણીથી વ્યથિત થઈને વેપારીએ આ આત્યંતિક પગલું ભર્યું હતું. હાલ આ મામલે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ તેજ કરી છે.

**ટેબલની સાથે તને પણ સળગાવી દઈશ**

ઘટનાની વિગતો મુજબ, 10 માર્ચના રોજ સાંજે મુકેશ શાહ અને તેમના પુત્ર મિત મેહુલની દુકાને પહોંચ્યા હતા અને દુકાન બહાર રાખવામાં આવેલા ટેબલ અંદર લેવા બાબતે તકરાર શરૂ કરી હતી. વેપારીએ અન્ય દુકાનોના ઉદાહરણ આપી દલીલ કરતા બંને પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા. આ બોલાચાલી બાદ મુકેશ શાહે સોસાયટીના ચેરમેન સાથે વાત કરી દુકાનનું પાણી બંધ કરાવી દીધું હતું. જ્યારે વેપારીએ આ બાબતે વિરોધ કર્યો, ત્યારે બંનેએ તેની સાથે ઝપાઝપી કરી હતી અને મિત શાહે 'ટેબલની સાથે તને પણ સળગાવી દઈશ' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

**વેપારીએ કંટાળીને પોતાની જ દુકાનમાં ફિનાઈલ પીધું**

વિવાદ વધતા મુકેશ અને મિત શાહે સોસાયટીના સભ્યો સાથે મળીને દુકાન માલિક પર દબાણ લાવી મેહુલને દુકાન ખાલી કરવાની નોટિસ અપાવી હતી. દુકાન માલિકના કહેવા છતાં પણ બંને પક્ષકારો દ્વારા સતત પજવણી ચાલુ રહેતા મેહુલે કંટાળીને પોતાની જ દુકાનમાં ફિનાઈલ પી લીધું હતું. તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની તબિયતમાં હાલ સુધારો છે.

**પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

સરખેજ પોલીસે વેપારીની ફરિયાદના આધારે મુકેશ શાહ અને મિત શાહ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ભાડુઆત વેપારીઓ પર થતા દબાણ અને સ્થાનિક વિવાદોના ગંભીર પરિણામો તરફ સૌનું ધ્યાન દોર્યું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

